**ટકાવારીનું દશાંશ અપૂર્ણાકમાં રૂપાતાંર** (Conversion of percentage into decimal fraction)

1 30% ને દશાંશઅપૂર્ણાકમાં ફેરવો

ઉકેલ (solution) $= \frac{30}{100} = 0.3$

2 $33\frac{1}{3}\%$ ને દશાંશઅપૂર્ણાકમાં ફેરવો

ઉકેલ (solution): $\frac{33\frac{1}{3}}{100} = \frac{\frac{100}{3}}{100} = \frac{100}{3} \times \frac{1}{100}$

$= \frac{1}{3} = 0.333$

નીચેની ટકાવારીને દશાંશઅપૂર્ણાકમાં ફેરવો (Convert the following percentage into decimal fraction)

1 15%

2 7%

3 $12\frac{1}{2}\%$

4 90%

# મટીરિયલ સાયન્સ- ધાતુઓના પ્રકારો, લોહ અને અલોહ ધાતુઓના પ્રકારો (Material Science-Types of Metals, types of ferrous and non ferrousmetals)

## એક્સરસાઇઝ 1.3.15

**ધાતુઓના પ્રકારો (Types of metals)**

ધાતુઓના બે પ્રકાર છે:

1 લોહ ધાતુ 2 અલોહ ધાતુ.

1 **લોહ ધાતુ (Ferrous Metal):** ધાતુકે જેમા મોટા પ્રમાણમા અ યર્ન અને કાર્બન ધરાવે છે તેનેલોહ ધાતુકહે છે. જેમ કે પીગ અ યર્ન, માઇલ્ડ સ્ટીલ, નીકલવગેરે, જે આયર્નમાં રસ્ટીંગ, ચુંબકત્વ વગેરે ગુણધર્મો ધરાવે છે.

2 **અલોહ ધાતુ (Non-ferrous Metal)**: ધાતુકે જેમા આર્યન અને કાર્બનનું પ્રમાણ હોતુ નથી તેમજ તેમાં આર્યનનાગુણધર્મો પણ હોતા નથીતેને અલોહ ધાતુકહે છે. જેવીકે, કોપર, એલ્યુમિનીયમવગેરે.

**લોહ અને અલોહ મિશ્રધાતુઓ (Ferrous and Non-ferrous Alloys):** મિશ્રિત ધાતુઓ અનેલોહ મિશ્રધાતુઓ(Alloyingmetals and ferrous alloys) બે કે તેથીવધુ ધાતુઓને પીગાળીને મિશ્રધાતુ બનાવાય છે. લોહધાતુ અને તેની મિશ્રધાતુઓમાં, લોખંડ મુખ્ય ઘટક છે.તેમાંઉમેરવામાં આવતી ધાતુના પ્રકાર અને તેની ટકાવારી મુજબ એલોયસ્ટીલનાગુણધર્મો બદલાય છે.

**એલોયસ્ટીલ્સ બનાવવા માટે સામાન્ય રીતેઉપયોગી ધાતુઓ: (Metals commonly used for making alloy steels)**

**નિકલ[ Nickel (Ni)**

નિકલ કઠણ ધાતુ છે અને તેકાટ સામે પ્રતિરોધકતા ધરાવે છે.અ ૈદ્યોગિક ક્ષેત્રમાં તેનોઉપયોગનિકલ, કેડમીયમ બેટરી, બોઇલર ટ્યુબ્સ, ઇન્ટરનલ કમ્બશન અન્જિનના વાલ્વ, એન્જિનના સ્પાર્ક પ્લગ વગેરેઔદ્યોગિક ક્ષેત્રમાં ઉપયોગ થાય છે. નિકલ ધાતુનુ ગલનબિંદુ 1450°C છે. નિકલમાંથી ચુંબક બનાવવામાં આવે છે. કાયમી ચુંબકની બનાવટમાં ખાસ પ્રકારનાનિકલસ્ટીલની મિશ્રધાતુઓવપરાય છે. નિકલ ઇલેક્ટ્રોપ્લેટીંગમાં પણ વપરાય છે.ઇન્વાર સ્ટીલમા નિકલ 36% હોય છે જે હાર્ડ અનેકાટ પ્રતિરોધક છે.ઇન્વાર સ્ટીલમાંથી પ્રીસીસનઇન્સ્ટ્રુમેન્ટ બનાવી શકાય છે, કારણકે તેના ઘટકોનુંવિસ્તરણ ઓછી માત્રામાં થાય છે.

નિક્લસ્ટીલ એલોયમાં જરૂરીનિકલની માત્રા 2% થી 50% જ હોય છે.

**ક્રોમીયમ Chromium (Cr)**

ક્રોમીયમને સ્ટીલમાં ઉમેરતા તેનાકાટ પ્રતિરોધક્તાના ગુણધર્મમાં સુધારો થાય છે. સ્ટીલની ટફનેશ, હાર્ડનેશમાં પણ સુધારો થાય છે. ક્રોમીયમ સ્ટીલમાં ક્રોમીયમ 30% સુધીરહેલું હોય છે. ક્રોમીયમ, નીકલ, ટંગસ્ટન અને મોલીબ્ડેનમ જેવી મિશ્રધાતુમાંથી ઓટોમોબાઇલના પાર્ટસ અનેકટીંગ ટૂલ્સ બનાવી શકાય છે.ક્રોમીયમનો ઉપયોગ પાર્ટસના ઇલેક્ટ્રોપ્લેટીંગ માટે થાયછે.સીલીન્ડર લાઇનરને અંદરથી ક્રોમપ્લેટેડ કરેલહોય છે.જેથી તે ઘસારા સામે પ્રતિરોધક બને છે.સ્ટેનલેશ સ્ટીલમાં ક્રોમીયમ 13% રહેલુહોય છે.બેરીંગ બનાવવા માટે ક્રોમીયમ નીકલસ્ટીલવપરાય છે.હેન્ડટૂલ્સ જેવાકેસ્પેનર અનેરેંચ બનાવવા માટે ક્રોમીયમ વેનેડીયમનો ઉપયોગ થાય છે.

**મેંગેનીઝ (Manganese (Mn))**

મેંગેનીઝને સ્ટીલમાં ઉમેરતા તેનીહાર્ડનેશ અનેસ્ટ્રેન્થમાં વધારો થાય છે, પરંતુ તેના ઠંડા પડવાના દરમાં( કુલીગં રેટ ) ઘટાડો થાય છે. મેં ગેનીઝસ્ટીલનાઉપયોગથીબહારની સપાટી ( હાર્ડ ) થાય છે, જે કાટ પ્રતિરોધકતા પૂરી પાડે છે. મેંગેનીઝ સ્ટીલમાં 14% મેંગેનીઝ હોય છે.જેનોઉપયોગ એગ્રીકલ્ચરસાધનો જેવાકેહળ અને બ્લેડ બનાવવા થાય છે.

**સીલીકોન[ (Silicon (si))**

મિશ્રધાતુમાં સીલીકોન ઉમેરતા તેહાઇ ટેમ્પરેચર ઓક્સિડેશન ના અ વરોધના ગુણધર્મો સુધારે છે.

તે સ્થિતિ સ્થાપકતા (elasticity) અનેકાટ અવરોધકતામાં પણ સુધારોકરે છે. સીલીકોન સ્ટીલની મિશ્રધાતુઓનો ઉપયોગસ્પ્રીંગ અને નિશ્ચિત પ્રકારનાસ્ટીલ બનાવવા થાય છે. કારણકે તેકાટ સામે પ્રતિરોધક્તા ધરાવે છે. કાસ્ટ આર્યનમાં સીલીકોન 2.5% રહેલ છે. તે મુક્ત ગ્રેફાઇટની બનાવટમાં મદદ કરે છે, કે જે કાસ્ટ આર્યનની (મશીનીંગ ) ક્ષમતા વધારવામાં મદદરૂપ થાય છે.

**ટંગસ્ટન (Tungsten (w))**

ટંગસ્ટનનું ગલનબિંદુ (melting point) 3380°C છે. જેમાંથી પાતળોવાયર બનાવી શકાય છે.

આ કારણે તેનોઉપયોગ ઇલેક્ટ્રીક લેમ્પની ફિલામેન્ટ બનાવવ માટે થાય છે. ટંગસ્ટનનોઉપયોગ મિશ્રધાતુ તરીકેહાઇસ્પીડકટીંગ ટૂલ્સના ઉત્પાદનમાં થાય છે.હાઇસ્પીડસ્ટીલ એ 18% (tungsten) ટંગસ્ટન, 4% (chromium) ક્રોમીયમ,1% (vanadium) વેનેડિયમ થી બનેલ મિશ્રધાતુ છે.

સ્ટેલાઇટ એ 30% ક્રોમીયમ (chromium), 20% (tungsten) ટંગસ્ટન, 1 થી 4% (carbon) કાર્બન અને સપ્રમાણમા કોબાલ્ટની મિશ્રધાતુ છે.

**વેનેડિયમ (Vanadium(Va))**

આ ધાતુસ્ટીલનીકઠોરતા (toughness) માં સુધારોકરે છે.વેનેડિયમ સ્ટીલનોઉપયોગ ગીયર,ટૂલ્સવગેરેના ઉત્પાદનમાં થાય છે. વેનેડિયમ ટૂલસ્ટીલનાદાણાદાર બંધારણ(fine grain) પૂરૂ પાડવામાં મદદ કરે છે. ક્રોમ વેનેડિયમ સ્ટીલમાં 0.5% થી 1.5%(chromium), 0.15% ક્રોમીયમ થી 0.3% (vanadium) વેનેડિયમ, 0.13% થી 1.10% (carbon) કાર્બન રહેલ છે.

આ મિશ્રધાતુ ઉંચી ટેન્સાઇલસ્ટ્રેન્થ, સ્થિતિ સ્થાપકતાનીહદ (elastic limit) અને તન્યતા (ductility) ધરાવે છે. એનોઉપયોગસ્પ્રીંગ ગીયર, શાફ્ટ અને ડ્રોપ ફોર્જના ભાગોના ઉત્પાદનમાં થાય છે.

વેનેડિયમ હાઇસ્પીડ સ્ટીલમાં 0.70% (carbon) કાર્બન અને 10% (vanadium) વેનેડિયમ રહેલ છે. અનેઊંચીકક્ષાનાહાઇસ્પીડ સ્ટીલમાં ગણતરીમાં લીધેલ છે.

**કોબાલ્ટ (Cobalt (co))**

કોબાલ્ટનું ગલનબિંદુ (melting point) 1495°c છે. ઘણા ઊંચા તાપમાને પણ આ ધાતુ તેના મેગ્નેટીક ગુણધર્મ અનેકાટ અ વરોધકતાનો ગુણધર્મ જાળવીરાખે છે.કોબાલ્ટનો ઉપયોગ ચુંબક, બોલ બેરીંગ, કટીંગ ટુલ્સવગેરેનાઉત્પાદનમાં થાય છે. કોબાલ્ટ હાઈસ્પીડસ્ટીલ(ઘણીવારસુપરહાઈસ્પીડસ્ટીલ (suparH.S.S) તરીકે પણ ઓળખાય છે, જેમા ૫ થી 8% (cobalt) સુધી કોબાલ્ટ રહેલ છે. 18% ટંગસ્ટન (tungsten) ધરાવતાહાઈસ્પીડસ્ટીલકરતાવધારે સારોહાર્ડનેશ અનેકાટ અવરોધકગુણધર્મ ધરાવે છે.

**મોલીબ્ડેનમ (Molybdenum (Mo))**

મોલીબ્ડેનમનું ગલનબિંદુ (melting point) 2620°c છે.તેનેગરમી આપતા તે નરમપણા (softening) સામે ઊંચી અવરોધક્તા પુરી પાડે છે. મોલીબ્ડેનમ હાઈસ્પીડ સ્ટીલમાં 6% (molybdenum) મોલીબ્ડેનમ, 6% (tungsten) ટંગસ્ટન, 4% (chromium) ક્રોમીયમ અને 2% (vanadium) વેનેડિયમ રહેલ છે. આ હાઈસ્પીડસ્ટીલ ઘણુકઠોર (very tough) અનેસારીકટીંગ ક્ષમતા (good cutting ability) ધરાવે છે.

**કેડમીયમ (Cadmium (cd))**

કેડમીયમનું ગલનબિંદુ 320°c છે. તેનો ઉપયોગ સ્ટીલના પાર્ટસ ને કોટીંગ કરવા માટે થાય છે.

**મિશ્રધાતુઓ અને અલોહ મિશ્રધાતુઓ (Alloying metals and non ferrous alloys)**

**અલોહ ધાતુઓ અને મિશ્રધાતુઓ (Non-ferrous metals and Alloys)**

**કોપર અને તેની મિશ્રધાતુઓ (Copper and its alloys)**

ધાતુ કે જેમાં લોખંડ (iron) નહિવત માત્રામાં રહેલ છે તેને અલોહ ધાતુ કહે છે. દા.ત. કોપર, એલ્યુમિનીયમ, ઝિંક, લીડ અને ટીન.

**કોપર (Copper)**

કોપરને મેલામાઈટ (melamite) નામની કાચી ધાતુમાંથી બહાર કાઢવામાં આવે છે. જેમાં 55% કોપર (copper) હોય છે અને પાયરાઈટ (pyrites) જેમાં 32% કોપર (copper) રહેલ હોય છે.

**ગુણધર્મો (Properties)**

તે લાલાશ પડતો રંગ ધરાવે છે. કોપરને તેના રંગના કારણે સહેલાઈથી ઓળખી શકાય છે.

ભાંગવામાં કે તોડવામાં આવે ત્યારે તેનું બંધારણ (structure) દાણાદાર હોય છે, પરંતુ જ્યારે ફોર્જ કે રોલ કરવામાં આવે ત્યારે તે રેસાદાર (Fibrous) બને છે.

તે ઘણુ ટીપાઉ (malleable) અને તન્યતા (ductile) ધરાવતુ હોવાથી તેમાંથી શીટ અને વાયર બનાવી શકાય છે.

તે વિદ્યુતનું સારુ સુવાહક છે. કોપરનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ ઈલેક્ટ્રીક કેબલ અને ઈલેક્ટ્રિક પાર્ટસ તરીકે કે, જેમાંથી ઈલેક્ટ્રીક કરંટ સહેલાઈથી પસાર થઈ શકે છે.

કોપર એ ગરમીનું સારુ સુવાહક છે અને (કેરોઝન) કાટ સામે સારુ રેઝીસ્ટન્સ ધરાવે છે. આ કારણે તેનો ઉપયોગ બોઈલર ફાયર બોક્ષ, ગરમ પાણીના ઉપકરણો, પાઈપ અને બ્રેવરી અને કેમીકલ પ્લાન્ટના વેસલ બનાવવા, સોલ્ડરીંગ આયર્ન બનાવવા પણ વપરાય.

કોપરનું ગલનબિંદુ (melting temperature) 1083°c છે. કોપરની ટેન્સાઈલ સ્ટ્રેન્થ, હેમરીંગ અથવા રોલીંગ કરીને વધારી શકાય છે.

**કોપરની મિશ્રધાતુ (Copper alloys)**

**પિત્તળ (Brass)**

તે કોપર અને ઝિંકની મિશ્રધાતુ છે. અમુક પ્રકારના બ્રાસમાં ઓછી માત્રામાં ટીન અથવા લીડ ઉમેરવામાં આવે છે. બ્રાસનો રંગ તેમાં ઉમેરવામાં આવતી મિશ્રધાતુના ટકા (perecentage) પર રહેલો છે. તેને કલર પીળો અથવા આછો પીળો અથવા સફેદની નજીક હોય છે. તેનું સહેલાઈથી મશીનીંગ થઈ શકે છે. બ્રાસ કાટ સામે અ વરોધક છે.

બ્રાસનો બહોળા પ્રમાણમાં ઉપયોગ મોટરકાર રેડીયેટર કોર અને વોટર ટેપ બનાવવા થાય છે. તેનો ઉપયોગ હાર્ડ સોલ્ડરીંગ અથવા બ્રેઝિંગના ગેસ વેલ્ડિંગ માટે થાય છે. બ્રાસનું ગલનબિંદુ (melting point) 880°c થી 930°c ની વચ્ચે હોય છે. જરૂરિયાત પ્રમાણે બ્રાસનું બંધારણ અલગ અલગ હોય છે.

**કાંસુ (Bronze)**

બ્રોન્ઝ (કાંસુ) સામાન્ય રીતે કોપર અને ટીનની મિશ્રધાતુ છે. ઘણીવાર ચોક્કસ પ્રકારના ગુણધર્મો મેળવવા ઝિંક પણ ઉમેરવામાં આવે છે. તેનો રંગ લાલ થી પીળાની વચ્ચેનો હોય છે. બ્રોન્ઝનું ગલનબિંદુ 1005°c છે. તે બ્રાસ કરતા હાર્ડ છે. તે શાર્પ ટુલ્સની મદદથી સહેલાઈથી મશીનીંગ થઈ શકે છે. તેમાંથી નીકળતી ચીપ દાણાદાર હોય છે. ખાસ પ્રકારની બ્રોન્ઝની મિશ્રધાતુ બ્રેઝીંગ રોડ બનાવવા વપરાય છે. બ્રોન્ઝનું જરૂરિયાત મુજબનું બંધારણ અલગ અલગ હોય છે.

**લીડ અને તેની મિશ્રધાતુઓ (Lead and its Alloys)**

લીડ એ સામાન્ય રીતે વપરાતી અલોહ ધાતુ છે. અને તે ઔદ્યોગિક શ્રેત્રે વિવિધ રીતે ઉપયોગી છે. તેને ગેલેના (GALENA) નામની કાચી ધાતુમાંથી મેળવવામાં આવે છે. લીડ એવી ધાતુ છે.તેને પીગાળતા તેનો રંગ સીલ્વર મળે છે.તે નરમ (soft) અને ટીપાઉ (malleable) અને સારુ કાટ અવરોધક છે. તે ન્યુક્લીયર રેડીયેશનની સામે સારુ અવાહક ધાતુ છે. લીડ એ ઘણા પ્રકારના એસિડ જેવા કે સલ્ફ્યુરિક અને હાઈડ્રોલીક એસીડની સામે અવરોધક છે. તેનો ઉપયોગ ગાડીની બેટરી, સોલ્ડરની તૈયારી માટે વગેરે તેમજ કલરની તૈયારી માટે થાય છે.

**લીડ મિશ્રધાતુ (Lead Alloys)**

બેબીટ મેટલ (Babbit Metal)

બેબીટ મેટલ એ લીડ, ટીન, કોપર અને એન્ટીમની મિશ્રધાતુ છે. તે નરમ ધાતુ,ઘર્ષણ વિરોધી મિશ્રધાતુ, બેરીંગમાં અનેકવાર ઉપયોગી છે.

લીડ અને ટીનની મિશ્રધાતુ ક્ક્શોફ્ટ સોલ્ડરક્ (soft solder) તરીકે વપરાય છે.

**ઝીંક અને તેની મિશ્રધાતુ (Zinc and its Alloys)**

ઝીંક સામાન્ય રીતે કાટની સામે રક્ષણ મેળવવા, સ્ટીલ પર કોટીંગ કરવા ઉપયોગી છે. ઉદાહરણ તરીકે સ્ટીલની બકેટ, ગેલ્વેનાઈઝ રૂફીંગ શીટ વગેરે.

ઝીંકને કેલેમાઇન અથવા બ્લેન્ડ નામની કાચી ધાતુમાંથી મેળવવામાં આવે છે.

તેનું ગલનબિંદુ (Melting point) 420°c

તેને ગરમી આપતા તે બરડ અને નરમ બને છે. તે પણ કાટ સામે અ વરોધક છે. આ કારણે તેનો ઉપયોગ બેટરી કન્ટેનર અને રૂફીંગશીંટ ના કોટીંગ માટે થાય છે.

ગેલ્વેનાઇઝડ આયર્નશીટો ને જસતનું પડ લગાડવામાં આવે છે.

**ટીન અને તેની મિશ્રધાતુઓ (Tin and tin Alloys)**

**ટીન (Tin)**

ટીનનું ઉત્પાદન કેરોટરાઇટ અથવા ટીન સ્ટોનમાંથી કરવામાં આવે છે. તેનો બાહ્ય દેખાવ ચાંદી જેવો સફેદ છે અને તે 231°c તાપમાને પીગળે છે. તે નરમ અને ઊંચી કાટ અવરોધકતા ધરાવે છે.

તેનો ખાસ કરીને ઉપયોગ ફુડ કન્ટેનરના ઉત્પાદનમાં વપરાતી સ્ટીલ શીટના કોટીંગ માટે થાય છે. તેનો ઉપયોગ બીજી ધાતુ સાથે મેળવીને મિશ્રધાતુ બનાવવા માટે પણ થાય છે.

**ઉદાહરણ (Example):** ટીન અને કોપરના મિશ્રણથી બ્રોન્ઝ અને ટીન અને લીડના મિશ્રણથી સોલ્ડર બને છે. ટીન, કોપર, લીડ અને એન્ટીમની ના મિશ્રણથી બેબીટ મેટલ બને છે.

**એલ્યુમિનિયમ (Alluminium)**

એલ્યુમિનિયમ એ બોક્સાઇટ (Bauxite) નામની કાચી ધાતુમાથી મળતી અલોહ ધાતુ છે. એલ્યુમિનિયમનો રંગ સફેદ અથવા સફેદી ગ્રેહોય છે. તેનુ ગલનબિંદુ 660°c છે. એલ્યુમિનિયમ એ વીજળી અને ઉષ્માની સારી સુવાહક છે. તે નરમ (soft) અને ડકટાઇલ (ductile) અને નીચી ટેન્સાઇલ સ્ટ્રેન્થ ધરાવે છે. એલ્યુમિનિયમ વજનમાં હલ્કી હોવાના કારણે તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ એરક્રાફ્ટ ઇન્ડસ્ટ્રીઝ અને ફેબ્રીકેશન કાર્યમાં થાય છે. ઇલેક્ટ્રીકલ ઇન્ડસ્ટ્રીઝમાં તેનો વપરશ વધતો જાય છે. ઘરમાં વપરાતા ઉષ્માના સાધનોમાં તેનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થાય છે.

## ધાતુ (Metal)

ધાતુ એક પ્રકારનો ખનિજ (Minerals) દ્રવ્ય છે, જેનો ઉપયોગ એન્જિનીયરીંગ કાર્યો જેવા કે મશીનરી, બ્રીજ, એરોપ્લેન વગેરે બનાવવા થાય છે. તેથી ધાતુ વિશેની સામાન્ય જાણકારી મેળવવી જરૂરી છે.

ધાતુની વધતી જતી માંગને કારણે જ મશીનીષ્ટ કોઇ પણ પાર્ટસ બનાવતા પહેલા ધાતુના ભૌતિક અને યાંત્રિક ગુણધર્મો સમજીને તેના પર અસર કરતા પરિબળો જેવા કે તાપમાનનું વધવુ, ખેંચાણબળ (Tensile), દબાણબળ (Compressive), અને આઘાત-બળ (impact load) વગેરે. ધાતુના જુદા જુદા ગુણધર્મો વિશેનુ જ્ઞાન તેનું કાર્ય સફળતાપુર્વક કામ કરવામાં મદદ કરશે.જ્યારે આપણે તેને કાર્ય માટે ઉપયોગમાં લઈએ અને જો યોગ્ય ધાતુનો ઉપયોગ કરવામાં ન આવે તો તે પાર્ટસનુ ભાંગી જવાનું કારણ અથવા પાર્ટસની લાઇફ જોખમમાં આવી જાય છે.

(Fig1) માં જોઇ શકાય છે. કે ધાતુ પર એક સરખો લોડ આપતા ધાતુમાં વિકૃતિ આવે છે. અલગ અલગ પ્રકારના બદલાવની નોંધ કરો.

Fig 1




## ધાતુના ભૌતિક ગુણધર્મો (Physical properties of Metal)

- રંગ (Colour)
- વજન / વિશિષ્ટ ઘનતા (Weight/ Specific gravity)
- બંધારણ (Structure)
- વાહકતા (Conductivity)
- ચુંબકત્વ (Magnetic property)
- પીગલનતા (Fusibility)

## રંગ (Colour)

અલગ અલગ ધાતુનો રંગ અલગ અલગ હોય જેમ કે તાંબાનો રંગ લાલાશ પડતો લાલ, પોલાદ (mild steel) નો ભૂરો હોય છે.

## વજન (Weight)

ધાતુઓ આપેલા કદના વજનના આધારે નામાંકિત કરવામાં આવે છે. ધાતુઓ જેવી કે એલ્યુમિનિયમ વજનમા હલકી હોય છે. (વિશિષ્ટ ઘનતા (specific gravity 2.7) અને ધાતુ જેવી કે સીસુ વજનમાં ભારે હોય છે. (વિશિષ્ટ  વિશિષ્ટ ઘનતા sp. gravity 11.34)

## બંધારણ (Structure) Fig 2 & 3

સામાન્ય રીતે સળિયાના આડછેદ ને માઇક્રોસ્કોપ દ્વારા જોવા માં આવે છે. ત્યારે તેના આંતરિક બંધારણ (internal structure) દ્વારા પણ ધાતુને અલગ પાડી શકાય છે. ધાતુ જેવી કે રોટ આયર્ન અને એલ્યુમિનિયમનું બંધારણ રેસાદાર અને ધાતુ જેવી કે કાસ્ટ આયર્ન અને બ્રોન્ઝનું બંધારણ દાણાદાર હોય છે.

Fig 2




Fig 3




## વાહકતા (Conductivity) Fig 4 & 5

ઉષ્મા વાહકતા (Thermal conductivity) અને વિદ્યુત વાહકતા (Electrical conductivity) એ મટીરીયલની ઉષ્ણતા અને વિદ્યુતવહન કરવાની શક્તિના માપન છે. અલગ અલગ ધાતુની વાહકતા અલગ અલગ હોય છે. કોપર અને એલ્યુમિનિયમ ઉષ્ણતા અને વિદ્યુતના સારા સુવાહક (good conductor) છે.

Fig 4



### ચુંબકત્વ (Magnetic property)

ધાતુના ચુંબક તરફ આકર્ષવાના ગુણધર્મ ને ચુંબકત્વ કહે છે. સ્ટેનલેસ સ્ટીલ સિવાયની બધી જ લોહ ધાતુઓ ચુંબકથી આકર્ષાય અને બધી જ અલોહ ધાતુ અને તેની મિશ્રધાતુઓ ચુંબકથી આકર્ષાતી નથી.

Fig 5




### પીગલનતા (Fusibility) (Fig 6)

પદાર્થ પર ગરમી આપતા તેના પીગળવાના ગુણધર્મોને પીગલનતા કહે છે. ઘણી ધાતુઓના પ્રકાર જુદા જુદા તાપમાને ઘન પદાર્થનુ પ્રવાહીમાં રૂપાંતર થઇ બદલાઇ જાય છે. લીડ ની પીગલનતા ઓછી જ્યારે સ્ટીલ ઊંચા તાપમાને પીગળે છે. ટીન-કલાઇ (Tin) 232°c તાપમાને પીગળે છે. ટંગસ્ટન 3370°c તાપમાને પીગળે છે.યાંત્રિક

Fig 6




### ગુણધર્મો (Mechanical Properties)

- તન્યતા (Ductility)
- ટીપાઉપણુ (Malleability)
- સખતપણુ (Hardness)
- બરડતા (Brittleness)
- કઠોરતા (Toughness)
- દ્રઢ્તા (Tenacity)
- સ્થિતિ સ્થાપકતા (Elasticity)

### તન્યતા (Ductility) (Fig 7)

ધાતુકે જેને ખેંચાણબળ (Tention) આપી તૂટ્યા વગર તાર બનાવી શકાય તેને ડકટાઇલ ધાતુ કહે છે. તારનું ખેંચાણ ધાતુ ની તન્યતા પર આધારરાખે છે. ડકટાઇલ ધાતુ મજબૂત હોય છે. કોપર અને એલ્યુમિનિયમ એ સારા ડકટાઇલ ધાતુના ઉદાહરણ છે.

### ટિપાઉપણુ (Malleability) (Fig 8 & 9)

ટિપાઉપણુ (Malleability) એ ધાતુનો એવો ગુણધર્મ છે કે તેમાં ધાતુને ટીપીને કે રોલીંગ કરીને વધારો (extent) કરી શકાય. કોઈ પણ જાતના ભાંગવા કે તૂટયા વગર આકારમાં ફેરફાર કરી શકાય. લીડ એ મેલીએબલ ધાતુ છે.

Fig 7




Fig 8




Fig 9




### સખતપણુ Fig 10 (Hardness Fig 10)

જે ધાતુ પોતાની સપાટી પર બીજા પદાર્થ દ્વારા સ્કેચીઝ (લીસોટા; ઘસારો, ઉઝરડોનો વિરોધ કરે છે તેને હાર્ડ ધાતુ કે ધાતુનું સખતપણું (Hardness) કહે છે.

Fig 10



## બરડપણુ (Brittleness) (Fig 11)

બરડપણુ એ ધાતુનો એવો ગુણધર્મો છે કે જેનાં ધાતુ પર ફટકા મારતા તૂટી જાય અથવા ભુક્કો થાય છે. કાસ્ટ આયર્ન એ બ્રીટલ મટીરીયલ નુ ઉદાહરણ છે. જેમા ધાતુ પર આઘાત લોડ આવતા બેન્ડ થવાને બદલે ભાંગી જાય કે તુટી જાય છે.

Fig 11




## કઠોરતા (Toughness) (Fig 12)

ટકનેશ એ એક ધાતુનો એવો ગુણધર્મ છે કે જેમાં ધાતુ પર વારંવાર લોડ આપતા પણ તૂટ્તી નથી. ટફનેશ એ બરડપણુ કરતા વિરોધી ગુણધર્મ ધરાવતી ધાતુ છે. રોટ આયર્ન (wrought iron) એ ટફનેશનું ઉદાગરણ ધરાવતી ધાતુ છે.

## દ્રઢતાશક્તિ (Tenacity)

દ્રઢતાશક્તિ એ ધાતુનો એવો ગુણધર્મ છે કે જે તેના પર આવતા અચાનક ભારને તૂટ્યા વગર સહન કરી શકે છે. માઈલ્ડ સ્ટીલ, રોટ આયર્ન અને કોપર એ દ્રઢતા (tenacity) ધરાવતી ધાતુ છે.

## સ્થિતિ સ્થાપકતા (elasticity)

Fig 12




સ્થિતિ સ્થાપકતા એ ધાતુનો એવો ધુણધર્મ છે કે જેમાં ધાતુ પર બળ લગાડવામાં આવે ત્યારે તેના કદ અને આકારમાં ફેરફાર થાય અને બળ દુર કરતા પોતાની મૂળ સ્થિતિ પ્રાપ્ત કરે છે. સ્પ્રીંગ એ સ્થિતિ સ્થાપકતાનું સારૂ ઉદાહરણ છે.

**લોહ ધાતુઓ (Ferrous Metals)**

ધાતુ કે જેમાં આયર્ન (લોખંડ) નો જથ્થો વધુ પ્રમાણમાં રહેલો હોય તેને લોહ ધાતુ કહે છે. જુદા જુદા હેતુઓ માટે જુદા જુદા ગુણધર્મોવાળી લોહ ધાતુઓ વપરાય છે.

આયર્ન, કાસ્ટ આયર્ન, રોટ આયર્ન અને સ્ટીલનો પરિચય (Introduction of Iron, cast iron, wrought iron and steel)

સામાન્ય રીતે વપરાતી લોહ ધાતુઓ અને તેની મિશ્રધાતુઓ નીચે મુજબ છે.

- પીગ આયર્ન (Pig iron)
- કાસ્ટ આયર્ન (Cast iron)
- રોટ આયર્ન (Wrought iron)
- સ્ટીલ અને સ્ટીલની મિશ્રધાતુઓ (Steels and alloy steels)

આયર્ન અને સ્ટીલનું ઉત્પાદન કરવા માટે જુદી જુદી પદ્ધતીઓ વપરાય છે.

**પીગ આયર્ન** (ઉત્પાદન પ્રક્રિયા) **(Pig - iron)** (Manufacturing process)

પીગ આયર્ન ને લોખંડની કાચી ધાતુમાંથી રાસાયણિક પ્રક્રિયા દ્વારા મેળવવામાં આવે છે. લોખંડની કાચી ધાતુમાંથી પીગ આયર્ન બનાવવાની આ પ્રક્રિયા સ્મેલટીંગ નામે ઓળખાય છે.

પીગ આયર્ન ના ઉત્પાદન માટે જરૂરી મુખ્ય કાચી ધાતુઓ :

- આયર્ન ઓર (Iron ore)
- કોક (Coke)
- ફ્લક્ષ (Flux)

**લોખંડની કાચી ધાતુ (આયર્ન ઓર - Iron ore)**

મુખ્યત્વે વપરાતી લોખંડની કાચી ધાતુઓ :

- મેગ્નેટાઇટ (Magnetite)
- હીમેટાઇટ (Hematite)
- લિમોનાઇટ (Limonite)
- કાર્બોનેટ (Carbonite)

કૂદરતી રીતે મળતી આ ધાતુમા લોખંડ અલગ અલગ જથ્થો રહેલ છે.

**કોક (Coke)**

બળતણમા કોલસાનો ઉપયોગ ધીમી ધીમી ઉષ્મા પ્રક્રિયાને જરૂરી ગરમી આપવા માટે થાય છે. તેમાં રહેલા કાર્બનના તત્વોનુ પ્રમાણ ઘટાડવા માટે કાર્બન મોનોકસાઇડ સાથે રહેલ લોખંડની કાચી ધાતુનો ઉપયોગ થાય છે.

**ફ્લક્ષ (Flux)**

આ એક ખનીજ નો વિશિષ્ટ પ્રકારનો સ્ફોટક પદાર્થ છે કે જેને બ્લાસ્ટ ફરનેશમાં નીચા ગલનબીંદુએ કાચી ધાતુ સાથે નાખવામાં આવે છે અને પીગળેલ સ્લેગને ઢાળવા માટે કાચી ધાતુનો અધાતુવાળા ભાગ સાથે જોડવામાં આવે છે.

લાઇમ સ્ટોન એ બ્લાસ્ટ ફરનેશમાં વપરાતો ફલક્ષ છે.

**પીગ આયર્ન ના ગુણધર્મો અને ઉપયોગ (Properties and use of Pig-iron)**

પીગ આયર્ન ને શુધ્ધ અને પીગાળીને તેનો ઉપયોગ આયર્ન અને સ્ટીલની બીજી વસ્તુઓનું ઉત્પાદન કરી શકાય છે.

**કાસ્ટ આયર્ન** (ઉત્પાદનની પ્રક્રિયા) **Cast iron (**Manufa cturing process)

પીગ આયર્ન એ બ્લાસ્ટ ફરનેશમાંથી કાચી ધાતુ સ્વરૂપે મળતુ કયુપોલા ફરનેશ માટેનું રો મટીરીયલ છે, જેનું કાસ્ટીંગ બનવવા માટે આગળ શુદ્રિકરણ કરવું પડે છે. આ શુદ્રિકરણ કયુપોલા ફરનેશમાં કરવામાં આવે છે. જે બ્લાસ્ટ ફરનેશનું નાનું સ્વરૂપ છે.

સામાન્ય રીતે કયુપોલા ફરનેશ બ્લાસ્ટ ફરનેશની માફક સતત કામ કરતી નથી પરંતુ જયારે અને જરૂરી હોય ત્યારે કામ કરે છે.

**કાસ્ટ આયર્નના પ્રકાર (Types of Cast Iron)**

કાસ્ટ આયર્ન એ આયર્ન, કાર્બન અને સીલીકોનની મિશ્રધાતુ છે. તેમા કાર્બનનું પ્રમાણ 2 થી 4% જેટલુ હોય છે.

કાસ્ટ આયર્નના પ્રકાર:

કાસ્ટ આયર્ન ના પ્રકાર નીચે મુજબ છે.

- ગ્રે કાસ્ટ આયર્ન (Grey cast iron)
- સફેદ કાસ્ટ આયર્ન (White cast iron)
- ટીપાઉ કાસ્ટ આયર્ન (Malleable cast iron)
- નોડયુંલર કાસ્ટ આયર્ન (Nodular cast iron)

**ગ્રે કાસ્ટ આયર્ન (Grey cast iron)**

- તેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ મશીનરી પાર્ટસના કાસ્ટીંગ માટે અને સહેલાઇથી મશીંનીંગ કરવા માટે થાય છે.
- કાસ્ટ આયર્નમાંથી મશીનના પાયાઓ (base), ટેબલ્સ, સ્લાઇડ વેઝ (slide ways) બનાવવામાં આવે છે, કારણ કે અમુક સમયગાળા સુધી કાસ્ટ આયર્ન તેના કદ આકારમાં સ્થિર (stable) રહે છે.
- તેમા રહેલ ગ્રેફાઇટના પ્રમાણને લીધે, કાસ્ટ આયર્ન સારી બેરીંગ અને સરકતી સપાટી (sliding surface) પૂરી પાડે છે.
- સ્ટીલ કરતા તેનું ગલનબિંદુ (melting point) નીચુ હોય છે, તેમાં રહેલ દ્રવ્યતા (fluidity) ના ગુણધર્મને લીધે તેમાંથી ગુંચવણ ભર્યુ કાસ્ટીંગ બનાવી શકાય છે.
- ગ્રે કાસ્ટ આયર્નનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ મશીન ટુલ્સ બાનાવવા માટે થાય છે કારણ કે તેમાં વાયબ્રેશન ઓછુ કરવાની અને ટુલનો સતત અવાજ આવતો ઓછો કરવાની ક્ષમતા રહેલી છે.
- ગ્રે કાસ્ટ આયર્ન જયારે મિશ્રિત (Alloyed) હોતો નથી. ત્યારે તે પૂરેપૂરો બરડ (brittle) અને પ્રમાણમાં ઓછી ટેન્સાઇલ સ્ટ્રેન્થ ધરાવે છે. આ જ કારણે હાઇ સ્ટ્રેસ અથવા આઘાત લોડ (impat loads) આવતો હોય તેવા ભાગો બનાવવા માટે તેનો ઉપયોગ થતો નથી.
- ગ્રે કાસ્ટ આયર્નને મજબૂત બનાવવા માટે તેને વારંવાર નિકલ, કોમિયમ, વેનેડીયમ અથવા કોપર સાથે મિશ્રિત કરવામાં આવે છે.

- કાસ્ટ આયર્ન પર જોડાણ (walding) કરી શકાય છે, પરંતુ તેની મૂળ ધાતુને પહેલા ગરમ કરવી જરૂરીછે. (preheating).

**વ્હાઈટ કાસ્ટ આયર્ન (white cast iron)**

આ વસ્તુ ઘણી હાર્ડ (મજબૂત) અને મશીનીંગ માટે ઘણી મુશ્કેલ (Difficult) છે. તેથી તેનો ઉપયોગ ઘસરકો (abrasion) અવરોધક સપાટી ધરાવતા ભાગો બનાવવા માટે થાય છે. સિલીકોનનું પ્રમાણ ઘટાડી અને ઝડપથી ઠંડુ કરી વ્હાઈટ કાસ્ટ આયર્નનું ઉત્પાદન કરવામાં આવે છે.જ્યારે આ પ્રમાણે ઠંડુ કરવામાં આવે છે ત્યારે તેને ચીલ્ડ કાસ્ટ આયર્ન કહેવામાં આવે છે. વ્હાઈટ કાસ્ટ આયર્નને વેલ્ડિંગ કરી શકાતી નથી.

**ટિપાઉ કાસ્ટ આયર્ન (Malleable Cast Iron)**

ગ્રે કાસ્ટ આયર્નની સરખામણીમાં મેલીએબલ કાસ્ટ આયર્ન ની તન્યતા (Ductility), ખેંચાણબળ (tensile strength) અને કઠોરતા (toughness) વધારે છે.

વ્હાઈટ કાસ્ટ આયર્નના ઉષ્મા ઉપચાર (hot treatment) થી ૩૦ કલાક જેટલી લાંબી અવિરત (long lasting) ચાલતી પ્રક્રિયા દ્વારા મેલીએબલ કાસ્ટ આયર્ન ઉત્પાદન કરવામાં આવે છે.

**નોડ્યુલરકાસ્ટ આયર્ન (Nodular cast iron)**

આ ધાતુ મેલીએબલ કાસ્ટ આયર્નને મળતી આવે છે. પરંતુ તેનુ ઉત્પાદન ઉષ્મા ઉપચાર પ્રક્રિયા (heat treatment) વિના કરવામાં આવે છે.

આ ધાતુ ની મશીનીંગ કરવાની ક્ષમતા (Machinability), કાસ્ટીંગ કરવાની ક્ષમતા (impact load) આવતો હોય તેવા ભાગો બનાવવા માટે મેલીએબલ અને નોડ્યુલર કાસ્ટ આયર્નનો ઉપયોગ થાય છે. આ કાસ્ટીંગો કિંમતમાં સસ્તા અને સ્ટીલ કાસ્ટીંગની જગ્યાએ પણ ઉપયોગમાં લઈ શકાય છે.

રોટ આયર્ન (ઉત્પાદન પ્રક્રિયા) (Wrought iron-manatacturing prorcess) Fig 1

રોટ આયર્ન એ લોખંડનુ સૌથી શુધ્ધ સ્વરૂપ છે. રોટ આયર્નનું એનાલીસીસ કરતા જોઈ શકાય કે તેમાં 99.9% લોખંડ રહેલ છે (Fig 1). રોટ આયર્ન ને ગરમ કરવામાં આવતા તે પીગળતુ નથી, પરંતુ પેસ્ટ સ્વરૂપ બને છે અને તેના આ સ્વરૂપમાંથી કોઈપણ આકારનું ફોર્જીગ થઇ શકે છે.

Fig 1




MICROSTRUCTURE OF WROUGHT IRON

રોટ આયર્નનુ મોટા જથ્થામા ઉત્પાદન કરવા માટેની આધુનિક પધ્ધતિ:

- પુડલીંગ પ્રોસેસ (Puddling process)
- એસ્ટોન અથવા બાયર્સ પ્રોસેસ (astom and Byers process)

**સ્ટીલ (Steel)**

આ શુધ્ધ આયર્ન છે તેમા કાર્બનનુ પ્રમાણ વધારે છે. કાર્બનના વધુ પ્રમાણને કારણે તે વધુ સખત અને મજબૂત છે.તેમાં કાર્બનનુ પ્રમાણ 0.15% થી 1.5% ના પ્રમાણમાં રહેલ છે.ઉપરાંત તેમાં બીજી અશુધ્ધીઓ જેવી કે સલ્ફર, ફોસ્ફરસ વગેરે પણ રહેલ છે, તેથી તેને અલગ કરી શકાતી નથી. આ ધાતુને નક્કી કરેલ તાપમાને ઉષ્મા પ્રક્રિયા (heating) દ્વારા સખત અને નરમ કરી ઓઇલ અથવા પાણીમાં ઠંડી કરવામાં આવે છે. અલગ અલગ પ્રકારના સ્ટીલ બનાવવા માટે નીચે મુજબની પધ્ધતીઓ અપનાવવામાં આવે છે.

| | |
|---|---|
| 1 સિમેન્ટેશન પ્રક્રિયા | 2 ક્રુસીબલ પ્રક્રિયા |
| 3 બેસીમર પ્રક્રિયા | 4 ઓપન હાર્થ પ્રક્રિયા |
| 5 ઇલેક્ટ્રોથર્મો પ્રક્રિયા | 6 ફ્રિકવન્સી પ્રક્રિયા |

**સ્ટીલના મુખ્ય પ્રકાર: (Types of steel)**

સ્ટીલના મુખ્ય બે પ્રકાર નીચે મુજબ છે:

1 પ્લેન સ્ટીલ (Plain steel)

2 એલોય સ્ટીલ (Alloy steel)

1 પ્લેન સ્ટીલ (Plain steel)

પ્લેન સ્ટીલએ કાર્બન અને આયર્નનુ મિશ્રણ છે. તેમાં રહેલ કાર્બનના ટકાના આધારે તેને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે.

A લો કાર્બન સ્ટીલ (Low carbon steel)

B મિડીયમ કાર્બન સ્ટીલ (Medium steel)

C હાઇ કાર્બન સ્ટીલ (High carbin steel)

**A લો કાર્બન સ્ટિલ (Low carbon steel)**

તેને માઇલ્ડ સ્ટીલ પણ કહેવામાં આવે છે. એમાં કાર્બનનુ પ્રમાણ 0.15% થી 0.25% જેટલુ હોય છે. કાર્બનના ઓછા પ્રમાણને કારણે તે પૂરતુ નરમ અને ખેંચાણ સહન કરી શકે છે અને તે ફોર્જીગ અને રોલીંગ દ્વારા અલગ અલગ આકાર આપી શકાય છે તે વધુ હાર્ડ અથવા મજબુત નથી, તેને સામાન્ય પ્રક્રિયા દ્વારા હાર્ડન અથવા ટેમ્પર કરી શકાતી નથી. તેમાંથી નટ, બોલ્ટ, રીબેટ,શીટ, વાયર, ટી-આયર્ન અને એંગલ વગેરે બનાવી શકાય છે.

**B મિડીયમ કાર્બન સ્ટીલ (Medium steel)**

તેમાં કાર્બનનુ પ્રમાણ 0.25% થી 0.5% જેટલુ હોય છે. કાર્બનના વધુ પ્રમાણના કારણે તે માઇલ્ડ સ્ટીલ કરતા ટફ (સખત અને કઠણ) છે. તેની તનન શક્તિ (Tenacity) વધારે છે. તેને હાર્ડન અને ટેમ્પરડ કરી શકાય છે. તેમાંથી રોલીંગ અને ફોર્જીગ દ્વારા અલગ અલગ વસ્તુઓ બનાવી શકાય છે. ટેન્સાઇલ ટયુબ, વાયર, એગ્રીકલ્ચરના સાધનો, કનેક્ટીંગ રોડ, કેમ શાફ્ટ, સ્પેનર, પુલી વગેરે બનાવવા માટે તેનો ઉપયોગ થાય છે.

**C હાઈ કાર્બન સ્ટીલ (High carbin steel)**

તેમાં કાર્બનનુ પ્રમાણ 0.5 % થી 1.5 % જેટલુ હોય છે. તે ઘણી સખત અને ઓછો ઘસારો લાગે તેવી ધાતુ છે. તેને ઉષ્મા ઉપચાર

(heat treatment) પ્રક્રીયા દ્વારા સખત (harden) કરવામાં આવે છે. તેને કાસ્ટીંગ કે રોલીંગ કરી શકાતી નથી. તે ઘણી હાર્ડ અને મજબુત છે. તેમાં કાયમી ચુંબકના ગુણધર્મો લાવી શકાય છે. અણીદાર ટુલ્સ, સ્પ્રીગ, કટલરી, કોલ્ડ ચીઝલ, પ્રેસ ડાય વગેરે બનાવવા માટે તેનો ઉપયોગ થાય છે.

**2 એલોય સ્ટીલ (Alloy steel)**

સ્ટીલમા બીજી ધાતુઓ જેવી કે વેનેડીંયમ, મેગેંનીઝ, ટંગસ્ટન વગેરે મિશ્ર કરવામાં આવે ત્યારે એલોય સ્ટીલ બને છે. એલોય સ્ટીલ તેમાં રહેલ ઘટકો અનુસાર વિવિધ ગુણધર્મો ધરાવે છે.

**એલોય સ્ટીલના પ્રકાર (Type of alloy steel)**

A લો એલોય સ્ટીલ (Low alloy steel)

B હાઇ એલોય સ્ટીલ (High alloy steel)

A લો એલોય સ્ટીલ (Low alloy steel)

તેમાં કાર્બન સિવાયની બીજી ધાતુઓ ઓછા પ્રમાણમાં રહેલી હોય છે. તેન ટેન્સાઇલ સ્ટ્રેન્થ વધારે છે. તેના પર વેલ્ડીંગ કાર્ય થઇ શકે છે અને તેને હાર્ડન અને ટેમ્પર પણ કરી શકાય છે. તેનો ઉપયોગ એરોપ્લેનના અલગ અલગ ભાગો અને કેમ શાફ્ટનું ઉત્પાદન કરવા માટે થાય છે.

**B હાઇએલોય સ્ટીલ (High alloy steel)**

લો એલોય સ્ટીલના પ્રમાણમાં તેમાં કાર્બન સિવાયની બીજી ધાતુ ઓના ટકા વધારે હોય છે. તેને નીચે પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવે છે.

**a હાઇ સ્પીડ સ્ટીલ (High speed steel)**

તેમાં ટંગસ્ટન વધારે પ્રમાણમાં રહેલ હોવાથી તેને હાઇ ટંગસ્ટન એલોય સ્ટીલ પણ કહેવામાં આવે છે. તેમાં રહેલ ટંગસ્ટનના પ્રમાણના આધારે તેનુ ત્રણ પ્રકારમાં વિભાજન થયેલ છે.

1 ટેગસ્ટનં 22%, મેમિયમ 4%, વેનેડીયમ 1%

2 ટેગસ્ટનં 18%, મેમિયમ 4%, વેનેડીયમ 1%

3 ટેગસ્ટનં 14%, મેમિયમ 4%, વેનેડીયમ 1%

તે ઘણી હાર્ડ ધાતુ છે પરંતુ નીચા ક્રીટીકલ તાપમાને સોફ્ટ બને છે તેથી તેમાંથી કટીંગ ટુલ્સ બનાવી શકાય છે. કટીંગ પ્રોસેસ દરમિયાન જો આ તાપમાન વધી જાય તો કટીંગ ટુલ નકામુ બને છે અને કાર્ય કરવા માટે યોગ્ય રહેતુ નથી. પરંતુ ટંગસ્ટનનું વધારે પ્રમાણ હોય તો તે ઉંચા તાપમાને પણ કાર્ય કરી શકે છે. કટીંગ ટુલ્સ, ડ્રીલીંગ કટર, રીમર, હેકસો બ્લેડ વગેરે બનાવવા માટે તેનો ઉપયોગ થાય છે.

**b નીકલ સ્ટીલ (Nickel steel)**

આમા 0.3% કાર્બન અને 0.25 થી 0.35% નિકલ રહેલુ હોય છે. નીકલના પ્રમાણને લીધે તેની ટેન્સાઇલ સ્ટેન્થ, ઇલાસ્ટીક લીમીટ અને હાર્ડનેસ વધુ હોય છે. તેને કાટ લાગતો નથી. 0.35% નીકલનું પ્રમાણ હોવાને કારણે તેની કટીંગ સામે અવરોધકતા કાર્બન અને સ્ટીલ કરતા 6 ગણી વધારે છે. તેનો ઉપયોગ રીવેટ, પાઇપસ એકસલ શાફ્ટ, બસ અને એરોપ્લેનના ભાગો બનાવવા થાય છે. જો 30.35% નીકલમાં 5% કોબાલ્ટ મીક્ષ કરવામાં આવે ત્યારે ઇન્વાર સ્ટીલ બને છે. સૂક્ષ્મમાપક સાધનો (precious instuments) બનાવવા માટે તેનો ઉપયોગ થાય છે.

**c વેનેડીયમ સ્ટીલ (Vanadium steel)**

તેમાં 1.5% કાર્બન, 12.5% ટંગસ્ટન, 4.5% ક્રોમિયમ, 5% વેનેડીયમ અને 5% કોબાલ્ટ રહેલ હોય છે. તેની ઇલાસ્ટિક લીમીટ, ટેન્સાઇલ સ્ટ્રેન્થ અને ડકટીલીટી વધારે હોય છે. તેના પર અચાનક આવતા ઝટકા સહન કરવાની તાકાત સારી હોય છે મુખ્યત્વે તેનો ઉપયોગ મેન્યુફેકચરીંગ ટુલ્સ બનાવવા થાય છે.

**d મેંગેનીઝ સ્ટીલ (Mauganese steel)**

તેને સ્પેશીયલ હાઇ એલોય સ્ટીલ પણ કહેવામાં આવે છે. તેમાં 1.6 થી 1.9% મેંગેનીઝ અને 0.4 થી ૦.૫% જેટલું કાર્બનનું પ્રમાણ રહેલુ હોય છે. તે મજબૂત (હાર્ડ) અને ઓછો ઘસારો લાગે તેવુ હોય છે. તેના ઉપર ચુંબકની અસર થતી નથી. ગ્રાઇન્ડર અને રેલ પોઇન્ટ માં તેનો ઉપાયોગ થાય છે.

e સ્ટેનલેસ સ્ટીલ (Stainless steel)

આયર્નની સાથે તેમાં ૦.૨ થી 90.6% કાર્બન, 12 થી ૧૮% ક્રોમીયમ, 8% નીકલ અને 2% મોલીબ્ડેનમ રહેલ છે. તેનો ઉપયોગ ચપ્પુ, કાતર, ઓજારો, એરોપ્લેનના ભાગો, વાયર, પાઇપ અન ગીયર વગેરે બનાવવા થાય છે.

સ્ટેનલેસ સ્ટીલ ના ગુણધર્મો (Properties of steinless steel)

1 કાટ સામે ઉંચો અવરોધ (Higher corrosion resistance)

2 નીચા તાપમાન સામે સારી મજબૂતાઇ (Higher eryogenic toghness)

3 કામની મજબૂતાઇ નો ઉંચો દર (Higher work hardening rate)

4 ગરમી સામે ઉંચી મજબૂતાઇ (Higher hot strength)

5 ઉંચી તન્યતા (Higher ductility)

6 ઉંચી તાકાત અને મજબૂતાઇ (Higher stength and hardness )

7 સારો આકર્ષિત દેખાવ (More attraetive appearance)

8 ઓછું જાળવણી (Lower maintance)

**f સીલીકોન સ્ટીલ (Silicon steel)**

તેમાં 14% સીલીકોન રહેલ હોય છે. સીલીકોનના ટકાના પ્રમાણમાં તેનો ઉપયોગ વિવિધ લોહ ધાતુ તરીકે થાય છે કન્સ્ટ્રકશન વર્ક માટે 0.5% થી 1% સીલીકોન, 0.7 થી 0.95% મેંગેનીઝ ના મિશ્રણનો ઉપયોગ થાય છે. ઇલેકટ્રીક મોટર, જનરેટર અને ટ્રાન્સફોમરના લેમિનેશનના ઉત્પાદન માટે, 2.5 થી 4% સીલીકોન ના મિશ્રણનો ઉપયોગ થાય છે. ઇલેકટ્રીક મોટર, જનરેટર અને ટ્રાન્સફોર્મરના લેમિનેશના ઉત્પાદન માટે, 2.5 થી 4% સીલીકોન ના મિશ્રણનો ઉપયોગ થાય છે. 14% સીલીકોન વાળૂ મિશ્રણ કેમીકલ ઇન્ડસ્ટ્રીઝમાં લેવામાં આવે છે.

**g કોબાલ્ટ સ્ટીલ (Cobalt steel)**

હાઇ કાર્બન સ્ટીલમાં ૫ થી ૩૫% કોબાલ્ટ રહેલ હોય છે. તેની ટફનેસ અને ટેનાસીટી (tenacity) ઊંચી છે. તેમાં ચુંબકત્વ રહેલુ હોવાથી તેનો ઉપયોગ કાયમી ચુંબક બનાવવા માટે થાય છે.

# મટીરીયલ સાયન્સ- આયર્ન અને સ્ટીલ, મિશ્રધાતુ અને કાર્બન સ્ટીલ વચ્ચેનો તફાવત (Matrial science- difference between iron & stell, alloy steel and carbon steel)

## એક્સરસાઇઝ 1.3.18

### આયર્ન અને સ્ટીલ વચ્ચેનો તફાવતઃ (Difference between iron & steel)

| અનુ.ન | સામાન્ય તફાવત | આયર્ન (Iron) | સ્ટીલ (Steel) |
|---|---|---|---|
| 1 | નિર્માણ(રચના) formation | શુધ્ધ પદાર્થ (Pure substance) | આયર્ન અને કાર્બનમાંથી બનેલ (Made up to iron and carbon) |
| 2 | પ્રકાર (Type) | કાસ્ટ આયર્ન, રોટ આયર્ન અને સ્ટીલ | કાર્બન સ્ટીલ અને એલોય સ્ટીલ |
| 3 | કાટ (Rusting) | ઝડપથી ઓકસીડાઇઝેશન થવાથી કાટ લાગે છે | જુદાજુદા ઘટકો હોવાથી કાટ સાથે રક્ષણ આપે છે |
| 4 | સપાટી (Surface) | તેને કાટવાળી સપાટી હોય છે. | તેને ચળકાટ્વાલી સપાટી હોય છે |
| 5 | ઉપયોગ (Usage) | બિલ્ડીંગ ટુલ્સ અને ઓટોમોબાઇલમાં ઉપયોગી | બિલ્ડીંગ, કાર, રેલ્વે અને ઓટોમોબાઇલ્સમાં ઉપયોગી છે. |
| 6 | અસ્તિત્વ (Existance) | કુદરતી રીતે મળી આવે છે | તેનું ઉત્પાદન કરવામાં આવે છે |

### ભારતમાં આવેલા સ્ટીલ પ્લાન્ટ (Steel plant in india)

| અનુ. નં | સ્ટીલ પ્લાન્ટના નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | ટાટા આયર્ન | બિહાર |
| 2 | ઈન્ડિયન આયર્ન સ્ટીલ | પશ્ચિમ બંગાળ |
| 3 | વિશ્વેશ્વરાહ આયર્ન સ્ટીલ | કર્ણાટક |
| 4 | ભિલાઇ સ્ટીલ પ્લાન્ટ | છત્તીસગઢ |
| 5 | દુર્ગાપુર સ્ટીલ પ્લાન્ટ | પશ્ચિમ બંગાળ |
| 6 | એલોય સ્ટીલ પ્લાન્ટ (દુર્ગાપુર ) | પશ્ચિમ બંગાળ |
| 7 | બોકારો સ્ટીલ પ્લાન્ટ | બિહાર |
| 8 | રૂરકેલા સ્ટીલ પ્લાન્ટ | ઓરિસ્સા |
| 9 | સાલેમ સ્ટીલ પ્લાન્ટ | તમિલનાડુ |
| 10 | વિશાખાપટ્નમ સ્ટીલ પ્લાન્ટ | આંધ્રપ્રદેશ |

### કાસ્ટ આયર્ન, માઇલ્ડ સ્ટીલ અને સ્ટીલના ગુણધર્મોની સરખામણીઃ (Comparison Of The Properties Of Cast Iron, Mild Steel & Steel)

| ગુણધર્મો (Properties) | કાસ્ટ આયર્ન (Cast Iron) | માઇલ્ડ સ્ટીલ (Mild Steel) | સ્ટીલ (Steel) |
|---|---|---|---|
| બંધારણ (Composition) | કાર્બનનુ પ્રમાણ ૨ થી ૪.૫% | કાર્બનનુ પ્રમાણ ૦.૧ થી ૦.૨૫% | કાર્બનનુ પ્રમાણ ૦.૫ થી ૧.૭% |
| તાકાત (Strength) | - ઊંચી (High) ક્મ્પ્રેસીવ સ્ટ્રેન્થ<br>- ઓછી ટેન્સાઇલ સ્ટ્રેન્થ<br>- ઓછી શીયરીંગ સ્ટ્રેન્થ | - મીડીયમ ક્મ્પ્રેસીવ સ્ટ્રેન્થ<br>- મીડીયમ ટેન્સાઇલ સ્ટ્રેન્થ<br>- ઊંચી શીયરીંગ સ્ટ્રેન્થ | - ઊંચી ક્મ્પ્રેસીવ સ્ટ્રેન્થ<br>- ઊંચી ટેન્સાઇલ સ્ટ્રેન્થ<br>- ઊંચી શીયરીંગ સ્ટ્રેન્થ |
| ટીપાઉપણુ (Malleability) | ઓછી | ઊંચી | ઊંચી |
| તન્યતા (Ductility) | ઓછી | ઊંચી | ઊંચી |
| સખત પણુ (Hardness) | મધ્યમ હાર્ડ, ગરમી આપ્યા બાદ હાર્ડ કરવા માટે જરૂરી તાપમાન મુજબ ગરમ કરીને ઠંડુ પાડી તેને હાર્ડ કરી શકાય | હળવુ (Mild) | સખત (Hard) |
| દ્રઢતા (Toughness) | નબળી દ્રઢતા ધરાવે છે | ઘણી મજબુત (Tough) | કાર્બનના પ્રમાણ મુજબ દ્રઢતા બદલાય છે |
| બરડપણું (Brittleness) | બરડ | ટીપાઉ | ટીપાઉ |
| ઘડતર (Forgeability) | ઘડતર થઇ શકતુ નથી | ઘડતર થઇ શકે છે | ઘડતર થઇ શકે છે |
| વેલ્ડેબીલીટી (Weldability) | સરળતાથી વેલ્ડીંગ થઇ શકતુ નથી | સરળતાથી વેલ્ડીંગ થઇ શકે છે | વેલ્ડીંગ થઇ શકે છે |
| કાસ્ટીંગ (Casting) | સરળતાથી કાસ્ટીંગ થઇ શકે છે | સરળતાથી કાસ્ટીંગ થઇ શકતુ નથી | કાસ્ટીંગ થઇ શકે છે |
| સ્થિતિસ્થાપક્તા (Elasting) | ઓછી | ઊંચી | ઊંચી |

| લોહ ધાતુ (Ferrous metal) | અલોહ ધાતુ (Nonferrous metal) |
|---|---|
| 1 આયર્ન (લોખંડ) નુ પ્રમાણ વધારે હોય છે. | 1 આયર્ન (લોખંડ) હોતુ નથી. |
| 2 ગલનબિંદુ ઉંચુ હોય છે. | 2 ગલનબિંદુ નીચુ હોય છે. |
| 3 તેનો રંગ બ્રાઉન અને કાળો હોય છે. | 3 તે અલગ અલગ રંગમાં મળે છે. |
| 4 તેના પર કાટ લાગે છે. | 4 તેના પર કાટ લાગતો નથી. |
| 5 તેમાં ચુંબકત્વ લાવી શકાય છે. | 5 તેમાં ચુંબકત્વ લાવી શકાતુ નથી. |
| 6 ઠંડુ પાડતા તે બરડ થાય છે. | 6 ગરમ કરતા તે બરડ થાય છે. |

## કાસ્ટ આર્યન અને સ્ટીલ વચ્ચેનો તફાવત
## Difference between cast Iron and steel

| કાસ્ટ આર્યન (Cast Iron) | સ્ટીલ (Steel) |
|---|---|
| 1 કાર્બનનું પ્રમાણ વધુ હોય છે.<br>2 કાર્બન મિશ્ર સ્વરૂપે વપરાય છે.<br>3 ગલનબિંદુ ઉચુ હોય છે.<br>4 તેમાં ચુંબકત્વ ઉત્પગ કરી શકાતું નથી<br>5 તે બરડ હોવાથી તેને ફોર્જ કરી શકાતો નથી.<br>6 તેને ઝડપથી કાટ લાગે છે.<br>7 તેને વેલ્ડીંગ કરી શકાતું નથી. | 1 કાર્બનનું પ્રમાણ ઓછુ હોય છે.<br>2 કાર્બન મુકતપણે રહેલો છે.<br>3 ગલનબિંદુ નીચ હોય છે.<br>4 તેમાં ચુંબકત્વ ઉત્પગ કરી શકાય છે.<br>5 તેને ફોર્જ કરી શકાય છે.<br>6 તેને ઝડપથી કાટ લાગતો નથી.<br>7 તેને વેલ્ડીંગ કરી શકાય છે. |

## ધાતુ અને અધાતુ વચ્ચેનો તફાવત
## Difference between metals and non-metals

| ધાતુ (Metals) | અધાતુ (Non-metals) |
|---|---|
| ચળકાટ ધરાવે છે. | ઝાંખી (dull) દેખાય છે. |
| સામાન્ય રીતે ઉષ્મા અને વિજળીની સારી વાહક છે. | સામાન્ય રીતે ઉષ્મા અને વિજળીની (poor) ઓછી વાહક છે. |
| મોટાભાગની તનનીય ધાતુ છે. | તનનીય (ductile) ધાતુ નથી. |
| અપારદર્શક (પારદર્શકતા ધરાવતી નથી.) | પારદર્શક જ્યારે પાતળી શીત હોય છે. |
| મોટા ભાગની ટીપાઉ ધાતુ છે. | સામાન્ય રીતે ઘન હોય ત્યારે બરડ હોય છે |
| આલ્કાલાઈન ઓક્સાઈડ બનાવે છે. | એસીડીક ઓક્સાઈડ બનાવે છે. |
| અસરકારક અવાજ (અથડા ના બેલ જેવો અવાજ આવે) | અસરકારક અવાજ નથી. |
| સામાન્ય રીતે 1 - 3 વેલેન્સ ઈલેક્ટ્રોન હોય છે. | સામાન્ય રીતે 4 - 8 વેલેન્સ ઈલેક્ટ્રોન હોય છે. |
| સહેલાઈથી કાટ લાગી જાય ખાસ કરીને ઉંચુ ગલનબિંદુ (પારા સિવાય રૂમ તાપમાને ઘન હોય છે.) | |

# મટીરીયલ સાયન્સ-રબર, લાકડુ, અવાહક મટીરીયલ ના ગુણધર્મો અને ઉપયોગો (Material science-properties and uses of rubber, timer and insulating materials)

## એક્સરસાઈઝ 1.3.19

## રબરના ગુણધર્મો અને ઉપયોગો (Properties and uses of rubber)

રબર (Rubber)

રબર એ સ્થિતિસ્થાપક (elastic) પદાર્થ છે. એને નીચે પ્રમાણે વર્ગીકુત કરી શકાય છે.

- કુદરતી રબર (Natural rubber)
- સખત રબર (Hard rubber)
- કૃત્રિમ રબર (Synthetic rubber)

કુદરતી રબર (Nutural rubber)

તેને છોડ કે ઝાડના સ્ત્રાવ (secretion) માંથી મેળવવામાં આવે છે. તેને ગરમ કરવાથી તે નરમ (soft) બને છે. 30°c સુધી ગરમ કરવાથી તે ચીકણુ (sticky) બને છે, અને આશરે 5°c સુધી ઠંડુ કરવાથી તે સખત (harden) બને છે.

સલ્ફરને રબરમાં ઉમેરીને જ્યારે એ મિશ્રણ (mixture) ને ગરમ કરવામાં આવે છે, ત્યારે આ પ્રક્રિયાને વલ્કેનાઇઝીંગ (vulcanizing) કહેવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા મજબૂત (Stronger), સખત (harder) અને ખૂબ કઠોર (more rigid) રબર મેળવવામાં આવે છે. આ પછી તે તાપમાનના ફેરફાર સામે ઓછુ સંવેદનશીલ (sensitive) રહે છે અને સેન્દ્રિય દ્રાવક (organic solvent) માં તે પીગળતુ (dissolve) નથી. વાતાવરણના ફેરફારમાં વધારો થવાથી પણ તેનું ઓક્સીડેશન (Oxidation) પ્રમાણમાં ઓછુ થાય છે.

કાર્બન બ્લેક, ઓઇલ વેક્ષ વગેરેને રબરમાં ઉમેરવાથી તેના વિકુત (deformation) ના ગુણધર્મોનાં ઘટાડો થાય છે. રબર એ ભેજ-અ વાહક (moisture - repellent) અને સારા વિદ્યુત અવાહકતાના ગુણધર્મો ધરાવે છે. રબરના મુખ્ય ગેરફાયદાઓ નીચે મુજબ છે.

- પેટ્રિલિયમ ઓઇલ સામે ઓછી અવરોધકતા.
- સીધા સુર્યપ્રકાશની સાપેક્ષમાં રાખી શકાતુ નથી.
- હાઇ - વોલ્ટેજ ઇન્સ્યુલેશન માટે તેનો ઉપયોગ થઇ શકતો નથી.
- સામાન્ય તાપમાને જ તેનો ઉપયોગ કરવામાં આવે છે. (60°c શુધીના તાપમાને તે બરડ (brittle) અને તેમાં ભંગાણ આવે છે.)
- રબરમાં સલ્ફરનું પ્રમાણ હોવાને લીધે તે કોપર (copper) સાથે પ્રતિક્રિયા (reacts) આપે છે. તેથી કોપર વાયરને ક્લાઇયુક્ત (tinned) કરવા પડે છે.

સખત રબર (Hard Rubber)

સલ્ફર્નું પ્રમાણ વધારવાથી અને પ્રોલોન્ગડ વલ્કેનાઇઝેશન (prolonged vulcanization) પ્રક્રિયાથી જે કઠોર રબર (rigidrubber) મળે છે તેને હાર્ડ રબર અથવા એબોનાઇટ (ebonite) કહેવાય છે. તે સારા મીકેનિકલ અને ઇલેક્ટ્રિકલ ગુણધર્મો ધરાવે છે.

ઉપયોગો (Uses)

બેટરી કન્ટેનર, પેનલ બોર્ડસ, બુશીંગ, એબોનાઇટ ટ્યુબ્સ વગેરે માટે તેનો ઉપયોગ થાય છે.

કૃત્રિમ રબર (Synthetic rubber)

તે કુદરતી રબર જેવું જ છે અને તેને થર્મોપ્લાસ્ટીક વીનાઇલ હાઇ પોલીમરમાંથી બનાવવામાં આવે છે. મહત્વના કૃત્રિમ રબર જેવા કે...

- નાઇટ્રાઇટ બુટાડીયન્સ રબર (Nitrite butadience rubber)
- બુટાઇલ રબર (Butul rubber)
- હાઇપાલોન રબર (Hypalon rubber)
- ન્યુપ્રીન રબર (Neoprene rubber)
- સીલીકોન રબર (Silicon rubber)

| અનુ. નં | નામ | ગુણધર્મો (Properties) | ઉપયોગો (Uses) |
|---|---|---|---|
| 1 | નાઈટ્રાઈટ બુટાડીયન રબર (Nitrite butadiene rubber) | સારી સ્થિતીસ્થાપકતા (resilience), નીચા તાપમાન સામે સુગમ (flexible) છે. જીર્ણતા સામે અવરોધકતા (resistance toageing), ઓક્સીડેશન, ઓછુ ખેંચાણબળ (Low tensilestrength), ઊંચી ઉષ્મા વાહકતા (high thermal conductivity), નીચી હાઈગ્રોસ્કોપીસીટી (Hygroscopicity) | ઓટોમોબાઈલ ટાયરની અંદરની ટ્યુબમાં |
| 2 | બુટાઈલ (Butul) | તેના પર પેટ્રોલિયમ ઓઈલ્સ, ગેસ અને આલ્કોહોલીક દ્રાવણની મોટી ભારે સર થાય છે. તે ઉષ્મા (થર્મલ) અને ઓસ્કીડેશન સામે સ્થિરતા (stability) ધરાવે છે, અને ઓઝોન સામે ઊંચો અવરોધક છે. | ગરમ અને ઠંડી પરિથિતિમાં અવાહક (insulation) તરીકે ઉપયોગી છે, રીપેરીંગ કાર્યમાં ટેપ તરીકે ઉપયોગી છે. |
| | હાઈપાલોન રબર (Hypalon rubber) | જ્યારે સીધા સુર્યપ્રકાશ અને તાપમાન (150°c સુધી) સામે રાખવામાં આવે ત્યારે વિકૃતિ (deterioration) સામે અવરોધક છે. | ઈલેક્ટ્રીક વાયર અને કેબલના જેકેટીંગમાં ઉપયોગ થાય છે. |
| 3 | ન્યુપ્રીન રબર (Neoprene rubber) | જીર્ણતા (ageing) સામે સારી અવરોધકતા, ઓક્સીડેશન અને ગેસ સામે પ્રસરણ (diffusion) થાય છે, સારૂ ઉષ્માવાહક (thermal conductivity) અને આગ સામે અવરોધક, મિકેનિકલ ગુણધર્મો સારા નથી. | વાયર ઈન્સ્યુલેશન અને કેબલ શીટીંગ માટે ઉપયોગી છે. |
| 4 | સિલિકોન (Silicon) | ઊંચા તાપમાને (200°c) સારી ફ્લેક્ષીબીલીટી (Flexibility), ભેજ અને કાટ અવરોધક, અ ોક્સીડેશન સામે અવરોધક, ઓઝોન, આર્સીંગ (arcing), સારા અવાહકતાના ગુણધર્મો અને ઉષ્માવાહકતા (thermal conductivity). તે એક સારુ અવાહક (insulator) છે. | બ્લાસ્ટ ફરનેશ કોક ઓવનમાં પાવર કેબલ અને કન્ટ્રોલ વાયરના ઈન્સ્યુલેશન માટે,સ્ટીલ મીલ્સ અને ન્યુક્લિયર પાવર સ્ટેશનમાં હાઈ ફ્રીક્વન્શી જનરેટરમાં, બોઈલર, એરપોર્ટ લાઈટીંગ કેન્સમાં. |

## લાકડાના ગુણધર્મો અને ઉપયોગો (Properties and uses of timber)

### સામાન્ય ગુણધર્મો

લાકડાના નીચે મુજબના ગુણધર્મો હોવા જોઈએ.

- સીધા રેસાઓ (Straight fibers)
- ચળકાટવાળુ (Silky lustre)
- એકસરખો કલર (Uniform colour)
- એકસરખા વાર્ષિક વલયો (Regaular annual rings)
- વજનદાર (Heaviness)
- ફાઈબરનું એકસરખુ જોડાણ અને કોમ્પેક્ટ મોડ્યુલરી રેઝ.
- મીઠાશવાળી સુગંધ
- તેમાં શુષ્ક ગાંઠો કે કંપન હોતુ નથી (free from dead knots and shakes)
- કટીંગ કરતી વખતે આરીના દાંતાને સપાટી અવરોધતી નથી પણ ચમકતી રહે છે.

### વર્ગીકરણ (classification)

લાકડાને નીચે પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવે છે.

a નરમ લાકડુ (Soft wood)

b કઠણ લાકડુ (Hard wood)

### નરમ લાકડુ (Softwood timber)

- સામાન્ય રીતે અણીદાર પાંદડા ધરાવતા બધા જ વૃક્ષોને નરમ લાકડુ હોય છે અને પહોળા પાન ધરાવતા વૃક્ષોને કઠણ લાકડુ હોય છે.
- આ લાકડુ રેઝીન અને ટર્પેન્ટાઇન ધરાવે છે.
- આ લાકડુ સારી સુગંધ ધરાવે છે.
- સીધા રેસાઓ છે. (Straight fibers)
- તેની રચના નરમ અને નિયમિત છે. (Soft and regular texture)
- ટેન્સાઈલ સ્ટ્રેસ સહન કરવા માટે સક્ષમ છે.
- તેના સમગ્ર ફાઈબર નબળા હોય છે.

- તેના વાર્ષિક વલયો અલગ અલગ હોય છે, તે એક તરફ નરમ,છિદ્રાળુ અને ઝાંખા રંગના હોય છે, જ્યારે બીજીબાજુ ઘેરા અને ડાર્ક રંગના હોય છે.
- સામાન્ય રીતે આ લાકડાનો રંગ નિસ્તેજ અથવા ઝાંખો હોય છે. કેમકે, પાઇન સ્પ્રસ, ફર, એશ, કાઇલ, દીયોદરનું લાકડુ વગેરે

**કઠણ લાકડાના ગુણધર્મો (Properties of hardwood)**

- સામાન્ય રીતે આ લાકડુ એસિડની વધુ પડતી ટકાવારી ધરાવે છે.
- તે તેજસ્વી રંગ ધરાવે છે.
- વાર્ષિક વલયો અલગ અલગ હોય છે.
- તેના પર કામ કરવું મુશ્કેલ અને હાર્ડ છે.
- તે શીયર સ્ટ્રેસ (shearing stress) નો સામનો કરી શકે છે.
- રેસાઓ (fiber) એકની ઉપર એક હોય છે.
- સામાન્ય રીતે તેનો કલર ઘેરો કથ્થઇ હોય છે, જેમ કે ઓક (oak) અખરોટ, ટીક, મહાગોની, સીસમ, બબુલ, સાલ વગેરે.

**ઉપયોગો Uses**

**નરમ લાકડુ (Soft timber)**

- તે કિંમતમાં સસ્તુ હોવાથી ઘર માટે લો ગ્રેડ ફર્નીચર, દરવાજા અને બારી બનાવવા માટે ઉપયોગી છે.
- બળતણ તરીકે ઉપયોગી છે.
- થોડા લાકડા બાસ્કેટ અને ચટાઇ (mat) બનાવવામા ઉપયોગી છે.
- અમુક જગ્યાએ લાકડાની છાલનો ઉપયોગ કપડા બનાવવા થાય છે.

કઠણ લાકડુ (Hard timber)

- સારી ક્વોલીટીના ફર્નીચર જેવા કે, ખુરશી, ટેબલ ,સોફા , દીવાન ,બેડ વગેરે બનાવવા માટે ઉપયોગી છે.
- ઊચી ક્વોલિટીના દરવાજા, બારીની ફ્રેમ બનાવવા માટે તેનો ઉપયોગ થાય છે તેમાં સારી પોલીશ અને રંગકામની ફીનીશ સારી મળે છે.
- કાથા દોરી બનાવવા તેનો ઉપયોગ થાય છે.

લાકડુ – ઈલેક્ટ્રીકલ અવાહક તરીકે (wood as an electrical insulator)

અવાહક (insulator) તરીકે ઉપયોગ કરવા માટે લાકડુ ઓઇલ અથવા બીજા પદાર્થ સાથે ફળદ્રુપ (impregnated) છે.

ઉદાહરણ

ઈલેક્ટ્રીકલ મશીન વાઇન્ડીંગમાં સ્લોટ વેજીસ તરીકે તેનો ઉપયોગ થાય છે.

અવાહક પદાર્થો (Insulating Materials)

વર્ણન (Description)

આ એક મટીરીયલ છે જે કરંટના પ્રવાહ સામે ઉંચો અવરોધ આપે છે. અને કરંટના પ્રવાહ ને નહિવત્ અથવા નાબૂદ કરે છે. આ મટીરીયલ ઊંચુ અવરોધક છે. સામાન્ય રીતે magohms (1 Megohm = 106 ohms), ઈન્સ્યુલેટર ઊંચી ડી-ઇલેક્ટ્રીક સ્ટ્રેન્થ ધરાવે છે. એનો અર્થ એ થાય કે, આપેલ જાડાઇ પ્રમાણે, હાઇ વોલ્ટેજ સામે ઈન્સ્યુલેટીગ મટીરીયલ ભાંગે (breakdown) અથવા કાણા પડી જાય (puncture) તેવું ન હોવું જોઇએ.

ઈન્સ્યુલેટરના ગુણધર્મો (Properties of Insulators)

સારા અવાહક પદાર્થ (Insulator) ની મુખ્ય જરૂરિયાત નીચે મુજબ છે:

- નહિવત કિંમતે વીજપ્રવાહ (current) ના લીકેજને ઘટાડવા ઉચ્ચ વિશિષ્ટ અવરોધ (High Specific resistance) (મેગાઓહમ/$cm^3$) ધરાવતુ હોવુ જોઇએ.
- ઊંચા વોલ્ટેજના બ્રેકડાઉન વખતે (km/mm) સારી ડી-ઇલેક્ટ્ડીક સ્ટ્રેન્થ ધરાવતુ હોવુ જોઇએ (ઈરેક્શન અને ચાલુ કાર્ય દરમિયાન જે પ્રતિબળ (stresses) ઉત્પગ થાય છે. તેનો અવરોધ કરતુ હોવુ જોઇએ)
- તાપમાનના વધારા સામે ઓછી વિકૃતિ – બગાડ થવુ જોઇએ. (જ્યારે ઈલેક્ટ્રીકલ મશીન ચાલુ હોય ત્યારે તાપમાનના વધારા સાથે અવાહકતાના ગુણધર્મમાં વધારે પડતો બદલાવ થવો ન જોઇએ)
- જ્યારે ભેજવાળા વાતાવરણમાં રાખવામાં આવે ત્યારે તે ભેજનું શોષણ કરે તેવુ હોવુ ન જોઇએ (ખૂબ જ ઓછા પ્રમાણમાં પણ ભેજનું શોષણ થવાથી તેની અવાહકતાના ગુણધર્મો જેવાકે, વિશિષ્ટ અવરોધ અને ડાઇ ઇલેક્ટ્રીક સ્ટ્રેન્થમાં અનુક્રમે ઘટડો થાય છે)

| અવાહકો (Insulators) | વિદ્યુત ક્ષેત્રે (field) માં ઉપયોગા |
|---|---|
| 1 અબરખ (Mica) | એલીમેન્ટ (element) અને વાઇન્ડીંગ (winding) માં (ખાંચા માં અવાહક તરીકેં ) |
| 2 રબર (Rubber) | વાયરના અવાહક તરીકે (insulation in wires) |
| 3 ડ્રાઇ કોટન (Dry cotton) (સુકુ કપડુ) | વાઇન્ડીંગ માટે (winding) |
| 4 વાર્નિશ (Varnish) (રોગાન કરવું) | વાઇન્ડીંગ માટે (winding) |
| 5 એસ્બેસ્ટોસ (Asbestos) (ન બળે એવું રેસાવાળુ ખનીજ) | ઇસ્ત્રી, કીટલી વગેરેના તળિયા (buttom) માં અવાહક તરીકે |
| 6 ગુટ્ટા પર્ચા (Gutta parcha ) | સબમરીન ના કેબલ બનાવવા |
| 7 ચિનાઇ માટી (Porcelain) | ઓવરહેડ લાઇનનાં ઇન્સ્યુલેટર તરીકે |
| 8 કાચ (Glass) | ઉપર મુજબ |
| 9 સૂકું લાકડું (Wood dry) | ઓવરહેડ લાઇનમાં ક્રોસઆર્મ તરીકે |
| 10 પ્લાસ્ટીક (Plastic) | વાયરના ઇન્સ્યુલેશન અથવા સ્વીચની બોડી તરીકે |
| 11 એબોનાઇટ (Ebonite) | ટ્રાન્સફોર્મરની બોબીન તરીકે |
| 12 ફાઇબર ( Fiber) | બોબીન બનાવવા તથા વાઇન્ડીંગના અ વાહક તરીકે. |
| 13 એમ્પાયર ક્લોથ (Empire cloth) (ઓઇલમાં ડુબાડેલુ કાપડ) | વાઇન્ડીંગ અવાહક |
| 14 કૃત્રિમલેધેરોઇડ પેપર (Letheroid Paper) | ઉપર મુજબ |
| 15 મીલીમેક્સ પેપર (Milimax paper) | ઉપર મુજબ |
| 16 પી.વી.સી (P.V.C) | વાયરના ઇન્સ્યુલેશન માટે |
| 17 બેકેલાઇટ (Bakelite) | સ્વીચ વગેરે બનાવવા,ઇન્સ્યુલેશન માટ |
| 18 શેલક (Shellac) લાખનું પાતળુ પતરું | ઉપર મુજબ |
| 19 સ્લેટ (Slate) | પેનલ બોર્ડ બનાવવા |
| 20 પેરેફિન વેક્સ (Paraffin wax) | સીલ કરવા માટે (Sealing) |

# દળ, કદ, ઘનતા, વજન, અને વિશિષ્ટ ઘનતા (Mass, volume, density, weight and specific gravity) એક્સરસાઈઝ 1.4.20

### દળ (Mass)

પદાર્થમાં રહેલા દ્રવ્યના જથ્થાને દળ કહે છે. દળની F.P.S સીસ્ટમમાં એકમ પાઉન્ડ (લીબ્રમ), C.G.S. સીસ્ટમમાં એકમ ગ્રામ M.K.S. સીસ્ટમમાં અને S.I. સીસ્ટમમાં એકમ કિલોગ્રામ. ૧ ટન માટે ૧૦૦૦ kg નો કેટલીક વખત ઉપયોગ થાય છે. જેથી જેનો કન્વર્ઝન ફેક્ટર 1000 છે. E.g. 1 ટન =1000 કિગ્રા, 1 ગ્રામ = 1000 મીલીગ્રામ.

m – પદાર્થનું દળ

g – ગુરુત્વાકર્ષણને કારણે વેગમા થતો વધારો મીટર/સેકન્ડર= 9.81 m/sec2

V – પદાર્થનું કદ

ρ – પદાર્થની ઘનતા

W અથવા FG – વજન અથવા વજન બળ

દળ (Fig 1)




ઘનતા (Density)

પદાર્થના એકમ કદના દળને ઘનતા કહે છે. જેનો એકમ ગ્રામ/સેમી³ અથવા કિલોગ્રામ/ડેસી.મી³અથવા ટન/મીટર³.

$$\text{ઘનતા} = \frac{\text{mass}}{\text{volume}} = \frac{m}{v} = p$$

વજન (Weight) (Fig 2)

પદાર્થ પર લાગતા પૃથ્વીના ગુરુત્વાકર્ષણબળને વજન કહે છે. તે પદર્થના દળ અને ગુરુત્વપ્રવેગનો ગુણાકાર છે. પદાર્થનું વજન તેના સ્થાન પર આધારિત છે.




વજન = W અથવા FG = દળ x ગુરુત્વાકર્ષણબળ

= m xg

| પેરેફિન | મૂળભુત એકમ | ઉદ્દભુત એકમ | રૂપાંતર |
|---|---|---|---|
| F.P.S પધ્ધતિ (F.P.S. system) | 1 પાઉન્ડ | 1 લીબ્રમ | 32.2 પાઉન્ડ |
| G.S.)પધ્ધતિ (C.G.S. system) | 1 ડાઇન ગ્રામ x 1સે.મી/સેકન્ડ$^2$ | 1 ગ્રામ. વજન | 981 ડાઇન |
| (M.K.S.) પધ્ધતિ | ન્યુટન | 1 કિલોગ્રામ. વજન | ન્યુટન = |
| (M.K.S) (S.I.) પધ્ધતિ (S.I. syatem) | ન્યુટન | ન્યુટન | 1 kg x 1msec$^2$ |

**1 કિલોગ્રામ વજન = 9.81 ન્યુટન, 1 ન્યુટન = $10^5$ ડાઇન (Approximately 10 ન્યુટન)**

### દળ અને વજન વચ્ચેનો તફાવત (Difference between mass and weight)

| (S.No) અનુ.ન | દળ (mass) | વજન (weight) |
|---|---|---|
| 1 | પદાર્થમાં રહેલા દ્રવ્યના જથ્થાને દળ કહે છે. | પદાર્થ પર લાગતા પથ્વીના ગુરુત્વાકર્ષણ બળને વજન કહે છે. |
| 2 | તે સ્થાન કે જગ્યા પર આધારિત નથી. | તે સ્થિતિ, સ્થાન અને જગ્યા પર આધારિત છે. |
| 3 | પદાર્થનું દળ શૂન્ય ના થાય. | પદાર્થનું વજન શૂન્ય થાય જો ગુરુત્વાકર્ષણ ગેરહાજર હોય તો. |
| 4 | તે સાદા ત્રાજવા વડે માપવામાં આવે છે. | તે સ્પ્રિંગ બેલેન્સ વડે માપવામાં આવે છે. |
| 5 | તે અદિશ રાશિ છે. | તે સદિશ રાશિ છે. |
| 6 | જ્યારે પાણીમાં ડુબવામાં આવે ત્યારે દળ બદલાતુ નથી. | જ્યારે પાણીમાં ડુબવામાં આવે ત્યારે વજન બદલાય છે. |
| 7 | તેનો એકમ ગ્રામ અને કિ.ગ્રા | તેનો એકમ કિ.ગ્રા |

**દળ અને વજન અલગ રાશિઓ છે.**

**પદાર્થ નુ દળ = કદ x ઘનતા**

**પદાર્થ નુ વજન = દળ x ગુરુત્વ પ્રવેગ**

વજન, ઘનતા અને વિશિષ્ટ ઘનતા (Weight, Density and Specific gravity)

પદાર્થનું દળ ગણવા માટે તેનું વજન જે કોઇપણ કદ પર આધારિત નથી. જો લેડ અને એલ્યુમીનિયમની સરખામણી કરવામાં આવે તો લેડનું કદ એલ્યુમીનિયમના કદના પ્રમાણમાં ઘણુ નાનું છે. તેથી અ ।પણે કહી શકીએ કે લેડનું ઘનત્વ એલ્યુમીનિયમ કરતા વધારે છે. દા.ત. બીજા શબ્દોમાં લેડની ઘનતા એલ્યુમીનિયમ કરતા વધારે છે. (Fig 3 & 4)

દળ અને કદના સંબંધને ઘનતા કહે છે.

Fig 3




ઘનતા એટલે પદાર્થનાં એકમ કદના દળ ઉ.દા. 1 ડેસીમીટર3 જેટલું પાણીનું દળ 1 કિલોગ્રામ - જેથી તેની ઘનતા 1 કિલોગ્રામ/ડેસીમીટર$^3$.

Fig 4




### એકમ (Unit)

ઘનતા ને નીચે મુજબ માપવામાં આવે છે.

MKS/SI = કિ.ગ્રા/મીટર$^3$, CGS – 1 ગ્રામ/સે.મી$^3$ FPS – લીબ્રમ/ફુટ$^3$

| ઘન | ગ્રામ/સી.સી | પ્રવાહી | ગ્રામ/સી.સી |
|---|---|---|---|
| એલ્યુમીનિયમ (Aluminum) | 2.7 | પાણી (Water) | 1.00 |
| લેડ (Lead) | 11.34 | પેટ્રોલ (Petrol) | 0.71 |
| કાસ્ટ આર્યન (Cast Iron) | 6.8 to 7.8 | ઓક્સિજન (Oxygen) | 1.43 |
| સ્ટીલ (Steel) | 7.75 to 8.05 | ડીઝલ ઓઇલ (Diesel Oil) | 0.83 |

પદાર્થની વિશિષ્ટ ઘનતાને સાપેક્ષ ઘનતા પણ કહે છે.

$$\text{વિશિષ્ટ ઘનતા or સાપેક્ષ ઘનતા} = \frac{\text{પદાર્થની ઘનતા}}{4° \text{ એ પાણીની ઘનતા}}$$

$$= \frac{\text{કોઈપણ પદાર્થના કદનું દળ}}{4° \text{ ના પાણીના સરખા કદનું દળ}}$$

ઘનતા અને વિશિષ્ટ ઘનતા વચ્ચેની સરખામણી

| ઘનતા (Density) | સાપેક્ષ ઘનતા (વિશિષ્ટ ઘનતા) |
|---|---|
| એકમ કદના દળને ઘનતા કહે છે. | પદાર્થની ઘનતા અને પાણીની ઘનતા 4°C ના ગુણોત્તરને સાપેક્ષ ઘનતા કહે છે. |
| એકમ : ગ્રામ/સેમી$^3$ લીબ્રમ/ફૂટ$^3$ | એકમ રહીત છે. |
| કીગ્રા/ડેસીમી$^3$ | |

| ઘન | વિ.ઘનતા | પ્રવાહી | વિ.ઘનતા |
|---|---|---|---|
| એલ્યુમીનિયમ (Aluminum) | 2.7 | પેટ્રોલ (Petrol) | 0.71 |
| લેડ (Lead) | 11.34 | બેટરી એસિડ (Battery acid) | 1.2 to 1.23 |
| કાસ્ટ આર્યન (Cast Iron) | 6.8 to 7.8 | પાણી (Water) | 1.00 |
| સ્ટીલ (Steel) | 7.82 | ડીઝલ ઓઇલ (Diesel Oil) | 0.83 |

ઉપરના ટેબલ પરથી, આપણે આપેલ કોઇ પણ કદના પદાર્થના વજનની ગણતરી કરી શકીએ છે. (ડિઝલ ઓઇલ) કોઇ પણ એકમ પદાર્થ માટે તેની વિ.ઘનતા શોધી શકાય છે. તે જ પ્રમાણે કદ પણ શોધી શકાય છે.

## દળ, કદ, ઘનતા, વજન અને વિશિષ્ટ ઘનતા પર આધારિત દાખલા (Related problems for Mass, volumn, density, weight and specific gravity) એક્સરસાઈઝ 1.4.21

1 220 x 330 x 15 mm (Fig 1) ની લંબચોરસ સ્ટીલ પ્લેટનું દળ કિ.ગ્રા. માં શોધો. (સ્ટીલની ઘનતા = 7.82 gm/cm3)

દળ = કદ ˙ પદાર્થની ઘનતા

= $22 \times 33 \times 1.5$ cm$^3$ $\times$ 7.82 gm/cm$^3$

= 1089 cm$^3$ $\times$ 7.82 gm/cm$^3$

દળ = 8.516 kg

Fig 1




2 એક સંગ્રહીત પાત્રમાં 250 લીટર પાણી રાખેલુ છે. તેને ઊભુ રાખતા તે સપાટીપર પાણીનું વજન કેટલુ લાગશે. તેનું ન્યુટનમાં ગણતરી કરો (Fig 2)

(1 litre પાણી = 1 kg પાણી)

પાણીની ઘનતા = 1 gm/cm$^3$ અથવા 1 kg/dm$^3$

Fig 2




ક્ષમતા = 250 litre = 250 dm$^3$ કદમાં

પાણીનુ દળ = કદ પાણીની ઘનતા

= 250 dm$^3$ ×1 kg/dm$^3$

= 250 kg

વિસ્તુત વજન = દળ x ગુરુત્વાકર્ષણ પ્રવેગ

= 250 ×10

= 2500 N ($\because$ 1 kg.m/sec$^2$ = 1 N)

3 m દળ પરનું 15 dyne બળ લગાવતા 2.5 સે.મી/સેકન્ડ 2 નો પ્રવેગ ઉત્પન્ન થાય છે. તો દળ શોધો.

1 gr.wt = 981 dynes

$\because$ 15 dynes = $\frac{15}{981}$ gr.wt

બળ = દળ ˙ બળ દ્વારા લાગતો પ્રવેગ

$\because$ gr.wt = દળ × 2.5 cm/sec$^2$

$\because$ gr.cm/ sec$^2$ = દળ × 2.5

$\because$ દળ = 15 / (981×2.5) grams

= 0.00612 gram

4 10 kg પદાર્થ પર 2 N ન્યુટન બળ લાગે છે. તો પદાર્થ પર બળ દ્વારા લાગતો પ્રવેગ શોધો.

બળ = 2N

બળ = દળ x પ્રવેગ

$\because$ 2 kg.m/sec$^2$ = 10 kg ˙ ઉત્પન્ન થતો પ્રવેગ

$\because$ ઉત્પન્ન થતો પ્રવેગ = $\frac{2}{10}$ મીટર/સેકન્ડ$^2$

= 0.2 મીટર/સેકન્ડ$^2$

5 ગુરુત્વપ્રવેગને કારણે પ્રવેગ 9.81 m/sec$^2$ છે. તો 1 kg દળ હોય તેવા પદાર્થના વજનની ગણતરી કરો.

વજન બળ = દળ x ગુરુત્વપ્રવેગ

= 1 x 9.81 m/sec$^2$

= 9.81 kg.m / sec$^2$ ($\because$ 1 kg.m/sec$^2$ = 1 N)

= 9.81 N

**આપેલા ઉદાહરણમાં 'g' ની કિંમત 10m/sec$^2$ લેવી અથવા જે કિંમત દર્શાવેલ હોય તે જ લેવી.**

પોલા ગોળાનો બહારનો અને અંદરનો વ્યાસ અનુક્રમે 150 & 70mm છે. મટીરીયલની ઘનતા 7.5 gm/cm$^3$ છે. (Fig 3)

Fig 3




દળ = કદ x ઘનતા

= કદ × 7.5 gm/cm$^3$

D = 150 mm = 15 cm R = 7.5 cm

d = 70 mm = 7 cm r = 3.5 cm

કદ $= \frac{4}{3}\pi(R^3 - r^3)\,unit^3$

$= \frac{4}{3}\pi(7.5^3 - 3.5^3)$

$= 1587.5\ cm^3$

દળ $= 1587.5\ cm^3 \times 7.5\ gm/cm^3$

= 11906.6 gm = 11.9 kg એટલે 12 kg

6 800 kg દળ ધરાવતી કારનું વજન બળ શોધો. (Take $9.81\ m/sec^2$ )

કારનું વજન બળ = કારનું દળ x ગુરુત્વપ્રવેગ

= 800 × 9.81 N

= 7848 Newtons

7 2 મીટર વ્યાસ x 3.5 cm મીટર ઊંડાઇ ધરાવતી એક નળાકાર ટાંકીમાં પેટ્રોલ ભરેલુ છે. તો તેનુ વજન ટનમાં શોધો. પેટ્રોલની ઘનતા $720\ kg/m^3$ (Fig 4)

Fig 4




ટાંકીનું કદ

$$V = \pi r^2 h \text{ or } \frac{\pi}{4} d^2 h\ unit^3 = \frac{\pi 2^2}{4} x 3.5 m^3$$

| | |
|---|---|
| $= 3.14 \times 3.5\ m^3$ | $= 10.99\ m^3$ |
| અહીં $1\ m^3$ | = 1000 liters |
| ટાંકીનું કદ | = 10.99 × 1000 |
| પેટ્રોલની ઘનતા | $= 720\ kg/m^3$ |
| પેટ્રોલનુ વજન કિગ્રામાં | = 10.99 × 1000 liters × 720 kg |
| | = 720 × 1099 kg |

પેટ્રોલનું વજન ટનમાં

(મેટ્રીક યુનીટ) $= \frac{720X10990}{1000}$

= 7912.8 Tonnes

8 એક નળાકાર ટાંકીમાં બેટરી એસિડ ભરેલુ છે. જો તેની વિશિષ્ટ ઘનતા $1.3kg/m^3$ માં શોધો.

(પાણીની ઘનતા $= 1000\ kg/m^3$)

વિશિષ્ટ ઘનતા અથવા સાપેક્ષ ઘનતા =

$$\frac{\text{Density of the substance}}{\text{Density of water at } 4°c}$$

= પદાર્થની ઘનતા / 4°c એ પાણીની ઘનતા

હવે બેટરીની એસિડની ઘનતા

= વીશીષ્ટ ઘનતા x પાણી ની ઘનતા

$= 1.3 \times 1000\ gm/cm^3$

$= 1300\ gm/cm^3$

પદાર્થની વિશિષ્ટ ઘનતા શોધવા માટે **(Determine of specific gravity of a substance)**

પદાર્થની વિશિષ્ટ ઘનતા શોધવા:

1 આર્કિમિડિઝનો સિદ્ધાંત

2 હાઈડ્રોમીટર

આર્કિમિડિઝનો સિદ્ધાંત **(Archemedies Principle)**

જ્યારે ઘન પદાર્થને પ્રવાહીમાં ડુબાડવામાં આવે છે, ત્યારે તેમાં વજનમાં થતો દેખીતો ઘટાડો તેણે ખસાડેલા પ્રવાહીનાં વજન બરાબર હોય છે.

પદાર્થ નું પ્રવાહીમાં વજન = પદાર્થ નું કુલ વજન
- પદાર્થે ખસાડેલા પ્રવાહી નું વજન

જ્યારે કોઇ પદાર્થ તરતો હોય ત્યારે તેના પર લાગતા વજનની ક્ષમતા શૂન્ય હોય છે. એટલે કે કોઇ પદાર્થ પ્રવાહીમાં તરે ત્યારે તેનું વજન જેટલો ભાગ પ્રવાહી માં ડૂબેલો હોય છે.

ઘન પદાર્થની પાણીમાં

વિશિષ્ટ ઘનતા $= \frac{\text{weight of solid in air}}{\text{loss of weight of solid in water}}$

= ઘન પદાર્થ નું હવામાં વજન/ઘન પદાર્થ પાણીમાં ગુમાવેલ વજન

પાણીમાં દ્રાવ્ય વિશિષ્ટ ઘનતા =

$$\frac{\text{weight of solid in air x specific gravity of the liquid}}{\text{loss of weight of solid in which the solid is in solution}}$$

= (ઘન પદાર્થ પાણીમાં ગુમાવેલ વજન ˙ પ્રવાહીની વિશિષ્ટ ઘનતા) /પાણીમાં ઘન પદાર્થનાં વજનમાં થતો ઘટાડો

પ્રવાહીની વિશિષ્ટ ઘનતા =

$$\frac{\text{weight of solid in air x specific gravity of the liquid}}{\text{loss of weight of solid in which the solid is in solution}}$$

= ઘન પદાર્થે પાણીમાં ગુમાવેલ વજન/ઘન પદાર્થે પાણીમાં ગુમાવેલ વજન

**પદાર્થ ની વિશિષ્ટ ઘનતા શોધવા માટે તે પાણી કે પ્રવાહી અદ્રાવ્ય હોય તેવા ઘન પદાર્થની પસંદગી કરવી.**

Example

1 હવામાં એક આયર્ન નાં ટૂકડા નું વજન 160 kgf કિ.ગ્રા. ફોર્સ છે. જયારે પાણીમાં તેને સંપૂર્ણ ડૂબાડતા તેનું વજન 133 kgf કિ.ગ્રા. ફોર્સ છે. તો આયર્ન નાં ટૂકડા નું કદ અને વિશિષ્ટ ઘનતા શોધો.

હવામાં આયર્ન નાં ટૂકડા નું વજન = 160 kgf

પાણીમાં આયર્ન નાં ટૂકડા નું વજન = 133 kgf

∴ પાણીમાં વજન નો ઘટાડો = 27 kgf

આર્કિમિડિઝ નાં સિદ્ધાંત પ્રમાણે,

પાણીમાં ઘન પદાર્થના વજનનાં ઘટાડો = ખસેડેલા પાણીનું કદ

**ઉષ્ણતાનયન (Convection):** ઉર્ધ્વદિશામાં ઉષ્માશક્તિનું સ્થળાંતર થઈ, થતા ઉષ્ણતાના વહનને ઉષ્ણતાનયન કહે છે. જ્યારે બણતળ (પ્રવાહી / વાયુ) ને ગરમી આપવામાં આવે છે. ત્યારે તેના અણુઓની ઘનતા ઓછી થાય છે. જેથી તે ઉર્ધ્વદિશા તરફ સ્થાનાંતર કરે છે, તેમજ તેનુ સ્થાન પ્રવાહીના ઠંડા અણુ લે છે. દા.ત પાણી ગરમ કરવાનો બંબો, મોટરકાર ની કુલીંગ સિસ્ટમ



Fig 6

**ઉષ્ણતાગમન (Radiation):** ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગ વડે પદાર્થના એક બીજાના સંપર્કમાં આવ્યા વગર અવકાશમાં થતા ઉષ્માના વહનને ઉષ્ણતાગમન કહે છે. આ કિરણો પ્રકાસના કિરણો તેમજ વિકિરણો જેવા જ હોય છે. જેને કાચ વડે પરીવર્તિત કરી શકાય છે. આ પારજાંબલી કિરણો છે. જેના વહન માટે માધ્યમની હાજરી જરૂરી નથી. દા.ત. સૂર્યની ગરમીનુ વહન અવકાશમાંથી થાય છે.



Fig 7

**ઉષ્માનુ સંચારણ ત્રણ રીતે થાય છે. ઉષ્ણતાવહન, ઉષ્ણતાનયન, ઉષ્ણતાગમન.**

## ગરમીના લીધે થતુ વિસ્તરણ (Expansion due to heat)

જ્યારે ઘન, પ્રવાહી કે વાયુ પદાર્થને ગરમી આપવામાં આવે છે. ત્યારે તેનુ વિસ્તરણ થાય છે, તેમજ તેના કદમાં વધારો થાય છે. તેજ રીતે પદાર્થને ઠંડો પાડવામાં આવે છે, ત્યારે તેનુ સંકોચન થાય છે, તેમજ તેના કદમાં ઘટાડો થાય છે.

દા.ત. રેલ્વેના બે પાટા વચ્ચે થોડી જગ્યા રાખવામાં આવે છે, કારણકે ઉનાળાના દિવસોમાં તેનુ વિસ્તરણ થાય છે. જો તેમ ન કરવામાં અ વે તો પાટાનુ વિસ્તરણ થઈ પાટા વળવાની શક્યતા રહે છે. જેનાથી અકસ્માત થઈ શકે છે.

અમુક અપવાદને બાદ કરતા લગભગ દરેક ઘન, પ્રવાહી, વાયુનુ વિસ્તરણ થાય છે. જો પદાર્થને એકસમાન ગરમી આપવામાં આવે તો ઘન કરતા પ્રવાહીનું અને પ્રવાહી કરતા વાયુ પદાર્થનુ વિસ્તરણ વધારે થાય છે.

પાણીને 0°C થી 4°C સુધી ગરમ કરતા તેના કદમાં ઘટાડો થાય છે, ત્યારબાદ ફરી વધારો થાય છે, આથી 4°C તાપમાનને કોઇ પણ પદાર્થની પાણી સાથેની ગણતરી દરમ્યાન સંદર્ભબિંદુ તરીકે લેવામાં આવે છે.

## ઘનપદાર્થમાં વિસ્તરણ (Expansion of Solids)

જ્યારે ઘનપદાર્થને ગરમી આપવામાં આવે ત્યારે નીચે મુજબ વિસ્તરણ જોવા મળે છે.

1 રૈખિય પ્રસરણ (Linear expansion)

2 ક્ષેત્રિય પ્રસરણ (Superficial expansion) અને

3 ઘન વિસ્તરણ (Cubical expansion)

### 1 રૈખિય પ્રસરણ (Linear expansion)

જ્યારે પદાર્થને ગરમી આપવામાં આવે ત્યારે તેની લંબાઈમાં વધારો થાય છે, જેને રૈખિય પ્રસરણ કહે છે. જે પદાર્થના પ્રકાર, મૂળ લંબાઈ અને તાપમાનના ફેરફાર પર આધાર રાખે છે.

### રૈખિય પ્રસરણાંક (Co-efficient of Linear expansion)

એકમ લંબાઈના પદાર્થના તાપમાનમાં 1°C નો વધારો કરતા પદાર્થની લંબાઈમાં જે વધારો થાય છે, તેને તે પદાર્થનો રૈખિય પ્રસરણાંક કહે છે. તેને α (Alpha) (આલ્ફા) વડે દર્શાવવામાં આવે છે/

$t_1$ °C તાપમાને ઘન પદાર્થની લંબાઈ = $l_1$

$t_2$ °C તાપમાને ઘન પદાર્થની લંબાઈ = $l_2$

તાપમાનમાં ફેરફાર = $t_2 - t_1$°C

લંબાઈમાં ફેરફાર = $l_2 - l_1$

$$a = \frac{l_2 - l_1}{l_1 \times (t_2 - t_1)}$$

$$a = \frac{l_2 - l_1}{l_1 t}\left[t_2 - t_1 = t\right]$$

રૈખિય પ્રસરણાંક (Co-efficient of Linear expansion) = $\frac{\text{લંબાઈમાં ફેરફાર}}{\text{મૂળ લંબાઈ} \cdot \text{તાપમાનમાં ફેરફાર}}$

લંબાઈમાં વધારો $l_2 - l_1 = \alpha l_1 t$

અંતિમ લંબાઈ $l_2 = l_1 (1 + \alpha t)$

### 2 ક્ષેત્રિય વિસ્તરણ (Superficial expansion)

જ્યારે ઘન પદાર્થને ગરમી આપવામાં આવે છે, ત્યારે તેના ક્ષેત્રફળમાં વધારો થાય છે. તેને ક્ષેત્રફળીય વિસ્તરણ કહે છે.

### ક્ષેત્રિય પ્રસરણાંક (Co-efficient of Superficial expansion)

એકમ ક્ષેત્રફળવાળા પદાર્થના ઉષ્ણતામાનમાં 1°C નો વધારો કરતા પદાર્થના ક્ષેત્રફળમાં જે વધારો થાય છે. તેને પદાર્થનો ક્ષેત્રફળીય પ્રસરણાંક કહે છે. જેને β (Beta) (બીટા) વડે દર્શાવાય છે.

ક્ષેત્રિય પ્રસરણાંક = 2 × રૈખિય પ્રસરણાંક

$$\beta = 2\alpha$$

### 3 ઘન વિસ્તરણ (Cubical expansion)

જ્યારે ઘન પદાર્થને ગરમી આપવામાં આવે છે. ત્યારે તેના કદમાં વધારો થાય છે. તેને ઘન વિસ્તરણ કહે છે.

### ઘન પ્રસરણાંક (Co-efficient of Cubical expansion)

એકમ કદવાળા પદાર્થના ઉષ્ણતામાનમાં 1°C નો વધારો કરતા પદાર્થના કદમાં જે વધારો થાય તેને તે પદાર્થનો ઘન પ્રસરણાંક કહે છે. તેને γ (Gama) (ગામા) વડૅ દર્શાવવામાં આવે છે.

ઘન પ્રસરણાંક = 3 x રૈખિક પ્રસરણાંક

$$\gamma = 3\alpha$$

Examples

જો એક 8meter લાંબા ધાતુના સળિયાને 30°C થી 80°C સુધી ગરમ કરવાથી તેની લંબાઈમાં 0.84mm જેટલો વધારો થાય તો તેનો રૈખિક પ્રસરણાંક શોધો.

મૂળ લંબાઈ (l) = 8m

લંબાઈમાં વધારો = 0.84mm

તાપમાનમાં વધારો (t) = 80 – 30 = 50°C

$$\text{રૈખિક પ્રસરણાંક } (\alpha) = \frac{\text{લંબાઈમાં વધારો}}{\text{મૂળ લંબાઈ} \cdot \text{તાપમાનમાં વધારો}}$$

$$= \frac{0.84}{8000 \times 50}$$

$$= \frac{0.84}{400000}$$

$$= 2.1 \times 10^{-6} \,^{\circ}C$$

0°C જેટલા તાપમાને એક લોખંડના પુલની લંબાઈ ૧૦૦meter છે, જો તાપમાનમાં વધારો કરી 40°C કરવામાં આવે, તો પુલની લંબાઈ કેટલી થાય? જ્યા રૈખિક પ્રસરણાંકનું મુલ્ય 12 x $10^{-6}$ °C

પુલની મૂળ લંબાઈ = 100m

તાપમાનમાં વધારો = 40 – 0 = 40˚C

$$\text{રૈખિક પ્રસરણાંક } (\alpha) = \frac{\text{લંબાઈમાં વધારો}}{\text{મૂળ લંબાઈ} \cdot \text{તાપમાનમાં વધારો}}$$

$$12 \times 10^{-6} = \frac{\text{Increased length}}{100 \times 40}$$

$$\text{Increased length} = \frac{12}{1000000} \times 100 \times 40$$

$$= 0.048\text{m}$$

40˚C તાપમાને પુલની લંબાઈ = 100 + 0.048 = 100.048m

30°C તાપમાને ધાતુના એક સળિયાની લંબાઈ 100cm છે, તેમજ 100°C તાપમાને 100.14cm હોય, તો રૈખિક પ્રસરણાંક ની ગણતરી કરો. તેમજ 0°C તાપમાને સળિયાની લંબાઈ શોધો.

30°C તાપમાને મૂળ લંબાઈ = 100 cm

100°C તાપમાને અંતિમ લંબાઈ = 100.14 cm

લંબાઈમાં વધારો = 0.14 cm

તાપમાનમાં વધારો = 100 – 30 = 70°C

$$\text{રૈખિક પ્રસ્રણાંક } (\alpha) = \frac{\text{લંબાઈમાં વધારો}}{\text{મૂળલંબાઈ X તાપમાનમાં વધારો}}$$

$$= \frac{0.14}{100 \times 70}$$

$$= \frac{14}{100 \times 70 \times 100}$$

$$= \frac{2}{100000}$$

$$= 2 \text{ X } 10^{-5}$$

0°C તાપમાને લંબાઈ

$$l_1 = l_0 (1 + \alpha t)$$

$$100 = l_0 (1 + 2 \text{ x } 10^{-5} \text{ X } 30)$$

$$100 = l_0 (1 + 0.0006)$$

$$l_0 = \frac{100}{1 + 0.0006}$$

0°C તાપમાને લંબાઈ = 99.94 m

એક 100 cm લંબાઈના ધાતુના સળિયાનુ તાપમાન 25°c થી વધારીને 40°c કરવામાં આવે તો, તેની લંબાઈમાં થતો ફેરફાર શોધો. રૈખિય પ્રસરણાંક નુ મુલ્ય 10 x $10^{-6}$ °c છે.

મૂળલંબાઈ = 100cm

તાપમાનમાં વધારો = 40 – 25 = 15°C

રૈખિય પ્રસરણાંક (α) = 10 X $10^{-6}$°C

$$\text{રૈખિક પ્રસ્રણાંક } (\alpha) = \frac{\text{લંબાઈમાં વધારો}}{\text{મૂળલંબાઈ x તાપમાનનો ફેરફાર}}$$

$$10 \text{ x } 10^{-6} = \frac{\text{લંબાઈમાં વધારો}}{100 \text{ x } 15}$$

લંબાઈમાં વધારો = 10 x $10^{-6}$ x 100 x 15

$$= \frac{10 \times 100 \times 15}{1000000}$$

$$= \frac{15}{1000} = 0.015\text{cm}$$

20°C તાપમાને ધાતુના એક સળિયાની લંબાઈ 2.5 m છે. જો રૈખિય પ્રસરણાંકનુ મુલ્ય 10.4 X $10^{-6}$°C હોય તો કેટલા તાપમાને સળિયાની લંબાઈમાં 0.54 mm જેટલો વધારો થશે તે શોધો.

મૂળલંબાઈ = 2.5 m = 2500 mm

લંબાઈમાં વધારો = 0.54 mm

શરૂઆતનુ તાપમાન = 20°c

રૈખિક પ્રસ્રણાંક (α) = 10.4 X $10^{-6}$°C

$$\text{રૈખિક પ્રસ્રણાંક } (\alpha) = \frac{\text{લંબાઈમાં વધારો}}{\text{મૂળલંબાઈ X તાપમાનમાં વધારો}}$$

$$10.4 \times 10^{-6} = \frac{0.54}{2500 \times \text{Increased temp}}$$

$$\text{તાપમાનમાં વધારો} = \frac{0.54}{2500 \times 10.4 \times 10^{-6}}$$

$$= \frac{0.54 \times 1000000}{2500 \times 10.4}$$

$$= \frac{5400}{260} = 20.77^0\text{C}$$

અંતિમ તાપમાન = 20 + 20.77

= 40.77°C

## સ્વાધ્યાય (Assignment)

**રૈખિક પ્રસરણાંક (Co-efficient of linear expansion)**

1 જો એક સળિયાની લંબાઈ 20°c તાપમાને 100 m હોય અને 100°c તાપમાને લંબાઈ 100.14 m હોયતો સળિયાનો રૈખિક પ્રસરણાંક શોધો.

2 જો 3.6 લંબાઈના એક સળિયાનુ તાપમાન 120°c જેટલુ વધારવામાં આવે અને રૈખિય પ્રસરણાંકનું મુલ્ય 0.00024/°c હોયતો લંબાઈમાં થતો વધારો શોધો.

3 6m મીટર લંબાઈના એક સળિયાનુ તાપમાન 120°c જેટલુ વધારવામાં આવે છે. જો રૈખિય પ્રસરણાંકનુ મુલ્ય 0.00024/°c હોય તો, લંબાઈમાં થતો વધારો શોધો.

4 જો 100 cm લંબાઈના લોખંડના સળિયાનુ તાપમાન 40°C થી વધારીને 90°C જેટલુ કરવામાં આવે તો લંબાઈમાં થતો વધારો શોધો. રૈખિક પ્રસરણાંકનુ મુલ્ય 10 X 10-6/°C

5 માઈક્રોમીટરના અવલોકનને 15°C તાપમાને પ્રમાણિત કરવામાં આવે છે. જો 35°C તાપમાને મળેલ અવલોકન 20.20 mm હોય તો માઈક્રોમીટરનુ સાચુ અવલોકન કેટલુ થશે માઈક્રોમીટર પદાર્થનો રૈખિક પ્રસરણાંક 11 X 10-6/°C.

## ઉષ્માનુ મિશ્રણ (Mixing of heat)

Fig 1




Fig 2




Fig 3




Fig 4




$M_1$ = પ્રથમ પદાર્થ નુ દળ (mass of first substance)

$S_1$ = પ્રથમ પદાર્થ ની વિશિષ્ટ ઉષ્મા (specific heat of first substance)

$M_2$ = દ્વિતિય પદાર્થ નુ દળ

$S_2$ = દ્વિતિય પદાર્થ ની વિશિષ્ટ ઉષ્મા (specific heat of second substance)

$t_m$ = મિશ્રણ નુ તાપમાન (temperature of mixture)

Fig 5




*m* = દળ (Mass)

*Q* = ગરમી નો જથ્થો (Quantity of heat)

δt/Δt = તાપમાન નો ફેરફાર (Temperature difference)

$t_m$ = મિશ્રણ નુ તાપમાન (Temperature of the mixture)

**ગરમી ના જથ્થા નો એકમ (Unit of amount of heat)**

S.I યુનિટ માં ગરમી ના જથ્થા નો એકમ જુલ (1 joule) છે.

**વિશિષ્ટ ઉષ્મા (Specific heat)**

એકમ દળ ના પદાર્થ નુ તાપમાન 1°c જેટલુ વધારવા માટે આપવી પડતી ગરમીના જથ્થા ને તેની વિષ્ટ ઊશ્મિા કહે છે.

S.I યુનિટમાં ૧kg પાણી નુ તાપમાન ૧૬c જેટલુ વધારવા માટે જરૂરી ગરમી અથવા ગરમી નો યાંત્રિક તુલ્યાંક = 4186 joules
= 4.2 kj/kg°c

પદાર્થનુ તાપમાન વધારવા માટે જરૂરી ગરમી (Quantity of heat needed for a substance to rice the temperature)

૧kg પદાર્થ નુ તાપમાન 1°c જેટલુ વધારવા માટે જરૂરી ગરમી ને પદાર્થની વિષ્ટ ઊશ્મિા ‘s’ જેટલી હોય છે. ‘m’ kg દળ ના પદાર્થના તાપમાનમા t જેટલો ફેરફાર કરવા માટે

જરૂરી ગરમી નો જથ્થો $= m \times s \times \Delta t$

માટે Q $= m \times s \times \Delta t$

**મિશ્રણ (Mixing)**

જ્યારે ઉષ્ણતામાનની આપ લે થાય છે ત્યારે ગરમી ના જથ્થાની પણ આપ લે થાય છે જ્યારે ગરમ પદાર્થ ઠંડા પદાર્થ ના સંપર્ક મા આવે ત્યારે ગરમી નુ વહન...

ગરમ પદાર્થ તરફથી ઠંડા પદાર્થ તરફ હોય છે. આ ગરમીનું વહન જ્યાં સુધી મિશ્રણનું તાપમાન એક સમાન ન થાય, ત્યાં સુધી ચાલુ રહે છે.

ગરમ પદાર્થ ગુમાવેલી ઉષ્મા = ઠંડા પદાર્થ મેળવેલ ઉષ્મા અનેગરમ પદાર્થ તરફથી ઠંડા પદાર્થ તરફહોય છે. આ ગરમીનુ વહનજ્યાં સુધી મિશ્રણનુ તાપમાન એક સમાન ન થાય, ત્યાં સુધી ચાલુરહે છે.

પદાર્થનીકુલ ગરમીનો જથ્થો = મિશ્રણમાં રહેલ ગરમીનો જથ્થો

**ગરમ પદાર્થ ગુમવેલી ઉષ્મા = ઠંડા પદાર્થ મેળવેલ ઉષ્મા**
**પદાર્થવિશિષ્ટ ઉષ્મા = મિશ્રણમાં રહેલ ગરમીનો જથ્થો**
**m1×s1×t1+m2×s2×t2 = (m1s1+m2s2) tm**

### Example

એક બાથટબમાં 15°C તાપમાનવાળુ 40 litres પાણી ભરેલ છે. તેમાં 60°C તાપમાન વાળું 80 litres પાણી ઉમેરવામાં આવે તો મિશ્રણનુ તાપમાન શોધો .

$$m_1 \times s_1 \times t_1 + m_2 \times s_2 \times t_2 = (m_1 s_1 + m_2 s_2)\, tm$$

$$\therefore 40\,kg \times \frac{4.2\,kj}{kg°C} \times 15°C + 80\,kg \times \frac{4.2\,kg}{kg°C} \times 60°C$$

$$= \left(40kg \times \frac{4.2kj}{kg^0C} \times 15 + 80kg \times \frac{4.2kj}{kg^0C} \times 60\right) t_m$$

$$t_m = \frac{22680}{120 \times 4.2} {}^0C = 45^0C$$

### Example

એક પાત્રમાં 25 kg જેટલુ પાણી ભરેલ છે. શરૂઆતનું તાપમાનન 25°C છે. તો પાણીને તેના ઉત્કલનબિંદુ સુધી ગરમ કરવા માટે જરૂરી ગરમીનો જથ્થોશોધો . પાત્રનો જળતુલ્યાંક = 1 kg

| | |
|---|---|
| પાણીનુદળ(m) | = 25 kg |
| પાણી અને પાત્રનુ શરૂઆતનુ તાપમાન | = 25°C |
| પાણી અને પાત્રનુ અંતિમ તાપમાન | = 100°C |
| તાપમાન વધારો(t) | = 100 - 25 |
| | = 75°C |
| જળ તુલ્યાંક (ms) | = 1 kg |
| પાત્રને જરૂરી ગરમીનો જથ્થો | = m s t |
| | = 25 x 1 x 75 |
| | = 1875 K.cal. |
| પાત્રને જરૂરી ગરમીનો જથ્થો | = m s t |
| | = 1 x 75 |
| | = 75 K.cal |
| કુલ ગરમીનો જથ્થો | = 1875 + 75 |
| | = **1950 K.cal.** |

25°C તાપમાને રહેલ 300 gram પાણીને 85°C તાપમાને રહેલા200 gram પાણીસાથે ભેગુ કરવામાં આવે છે. જો ઉષ્માનો બીજો કોઇ વ્યય ન હોય તો, મિશ્રણનુ અંતિમ તાપમાન શોધો.

| | |
|---|---|
| પાણીનુ વજન | = 300 gram |
| શરૂઆતનુ તાપમાન | = 25 °C |
| અંતિમ તાપમાન | = ધારોકે ‘x’ |
| તાપમાનમાં વધારો | = x-25 °C |
| પાણીનુદળ | = 200 gram |
| શરૂઆતનુ તાપમાન | = 85°C |
| તાપમાનમાં ઘટાડો | = 85 °C-x |
| 300 gram પાણીએ મેળવેલ ઉષ્મા | = m s t |
| | = 300 ×1× (x-25) |
| | = 300 x - 7500 cal |
| 200 gram પાણીએ ગુમાવેલ ઉષ્મા | = m s t |
| | = 200 ×1×(85-x) |
| | = 17000-200 cal |
| મેળવેલ ઉષ્મા | = ગુમાવેલ ઉષ્મા |
| 300x - 7500 | = 17000 -200x |

300x + 200 x = 17000 + 7500

500x = 24500

$$= x \; \frac{24500}{500} = 49°C$$

**અંતિમ તાપમાન x= 49°C**

સામાન્ય 20 gm મીઠાને 91°C તાપમાન સાથે 250 gram અને 13°C તાપમાન વાળા ટ્ર્પેન્ટાઇન ઓઇલ સાથે ભેગુ કરવામાં અ વે છે જો મિશ્રણનુ અંતિમ તાપમાન 16°C હોય તેમજ ટ્ર્પેન્ટાઇન ઓઇલનીવિશિષ્ટ ગરમી 0.428 હોય તો સામાન્યા મીઠાની વિશિષ્ટ ગરમી શોધો.

| | |
|---|---|
| મીઠાનુ દળ(m) | = 20 gram |
| શરૂઆતનુ તાપમાન (t) | = 91 °C |
| ટ્ર્પેન્ટાઇન ઓઇલનુદળ (m) | = 250 gram |
| શરૂઆતનુ તાપમાન (t) | = 13°C |
| ટ્ર્પેન્ટાઇન નીવિશિષ્ટ ઉષ્મા | = 0.428 |
| મિશ્રણનુ અંતિમ તાપમાન | = 16°6 |
| ટ્ર્પેન્ટાઇન ઓઇલ એ મેળવેલ | = mst |
| ઉષ્મા (Q) | = 250×0.428×(16-13) |
| | = 250×0.428×3 |
| | = 321 calories |
| મીઠાએ ગુમાવેલી ઉષ્મા Q | = m s t |

= 20×S×(91 – 16)

= 20×S×75

= 15000 s calories

(ગુમાવેલી ઉષ્મા) heat lost = heat gained (મેળવેલ ઉષ્મા)

1500 s = 321

$s = \frac{321}{1500}$

મીઠાની વિશિષ્ટ ઉષ્મા = 0.214

---

એક તાંબાના કેલેરીમીટરમાં 20°C તાપમાનવાળુ 80 gram પાણી ભરેલું છે. કેલેરીમીટરનો જળતુલ્યાંક 20 gm છે. જો કેલેરીમીટરમાં 40°C તાપમાનવાળુ 100 gm પાણી ઉમેરવામાં આવે તો મિશ્રણનુ અંતિમ તાપમાન શોધો.

| | |
|---|---|
| કેલેરીમીટરમાં પાણીનું દળ | = 80 gram |
| તાપમાન | = 20°C |
| મિશ્રણનુ અંતિમ તાપમાન | = ધારો કે ‘x’ |
| પાણીના તાપમાનમાં વધારો | = ‘x’ – 20 |
| કેલેરીમીટરની વિશિષ્ટ ઉષ્મા (ms) | = 20 gram |
| ઉમેરેલ પાણીનું દળ | = 100 gm |
| તાપમાન | = 40°C |
| તાપમાનમાં ઘટાડો | = 40 – x |

**મેળવેલ ઉષ્મા (Heat Gained)**

કેલેરીમીટરમાં પાણીએ મેળવેલ ઉષ્મા = mst

= 80 X 1 X (x – 20)

= 80x (–1600)

કેલેરીમીટરમાં પાણીએ મેળવેલ ઉષ્મા = mst

= 20 X (x – 20)

= 20x (– 400)

**ગુમાવેલ ઉષ્મા (Heat Loss)**

ઉમેરેલ પાણીએ ગુમાવેલ ઉષ્મા = mst

= 10 X 1 X (40 – x)

= 4000 – 100x

મેળવેલ ઉષ્મા = ગુમાવેલ ઉષ્મા

80x – 1600 + 20x – 400 = 4000 – 100x

100x – 2000 = 4000 – 100x

100x + 100x = 4000 + 2000

200 x = 6000

$x = \frac{6000}{200}$

= 30

અંતિમ તાપમાન = 30°C

-8°C તાપમાને રહેલા 15 gram બરફને ઉકાળવા માટે જરૂરી ગરમી શોધો. બરફની ગુપ્તગરમી = 336 Joule/gm વરાળની ગુપ્તગરમી = 2268 Joule/gm બરફની સાપેક્ષ વિશિષ્ટ ગરમી = 0.5

Heat of ice cube (બરફના ટુકડાની ગરમી)

-8°C બરફથી 0°C બરફ (Q) = mct + KJ

= mxsx4.2xt KJ

= 0.015x0.5x4.2x8 KJ

= 0.252 KJ

0°C બરફથી 0°C પાણી = m X hsf KJ

= 0.015x336 KJ

= 5.04 KJ

0°C પાણીથી 100°C પાણી = mct KJ

= 0.015x4.2x100 KJ

= 6.3 KJ

100°C પાણીથી 100° વરાળ = mxhsfg KJ

= 0.015x2268 KJ

= 34.02 KJ

કુલ ગરમીનો જથ્થો Q = 0.252 + 5.64 + 6.3 + 34.02 KJ

**જવાબ = 45.612 KJ**

## સ્વાધ્યાય (Assignment)

**ગરમીનું મિશ્રણ (Mixing of Heat)**

1




m = 120 litters

t1 = 20°C

t2 = 85°C

S = 4.2

Q = __________ KJ

2




m1 = 80 litters of water

m2 = 40 litters of water

t1 = 10°C

t2 = 70°C

tm = __________ KJ

3




$m1$ = 25 litters of water (પાણી)

$t_1 = 12°C$

$t_2 = 70°C$

$t_m = 33.75°C$

$m2$ = _________ litters

4




$m1$ = 100kg of water (પાણી)

$t_1 = 12°C$

$m2$ = 50 kg steel

$t_2 = 600°C$

$S_1 = 4.2 \frac{kj}{Kg°C}$

$S_2 = 0.46 \frac{kj}{Kg°C}$

પાણીના તાપમાનમાં વધારો = _____ °C

5




$m_1$=250 litters of water

$m_2$ = 150 kg સ્ટીલ

$t_2 = 15°C$

$t_m = 70°C$

$t_1$ = ______ °C

6




$m_1$ = 20 litters મશીન ઓઈલ

$m_2$ = 30 kg સ્ટીલ

$t_2 = 160°C$

$t_m = 60°C$

ઓઈલની ઘનતા

$= 0.91 \frac{gr}{cm^3}$

7




$m_1$ = 10 litters

s1 = 4.2 kj/(kg°c)

s2 = 4.6 kj/(kg°c)

$m_2$ = 0.5 kg

$t_1 = 18°C$

$t_2 = 780°C$

પાણીના તાપમાનમાં વધારો = _______°C

8




$m_1$ = 60 gms of water (પાણી)

m = 70 gms of calorimeter (કેલેરીમીટર)

$m_2$ = 80 gms of metal (ધાતુ)

$t_1 = 20°C$

$t_2 = 95°C$

tm = 25°C

s = 0.2

$s_1 = 1$

$s_2$ = _____

9




$m_1$ = 250 gms of oil (ઓઈલ)

$t_1 = 15°C$

$m_2$ = 150 gms of brass (બ્રાસ) (પિત્તળ)

$t_2 = 90°C$

$t_m = 25°C$

$s_2$ = 0.09 water (પાણી)

કેલેરીમીટરનો જળતુલ્યાંક = 3 gms

s1 = ________ gms

**Heat loss and Heat gain**

1 85.5 gram રેતીનું તાપમાન 20°C થી 35°C સુધી વધારવા માટે જરૂરી ગરમી શોધો. રેતીની વિશિષ્ટ ગરમી = 0.1

2 જો પાણીના વહેવાનો દર 11 kg/mm હોય તેમજ તેના તાપમાનમાં થતો વધારો 12°C જેટલો હોય તો 1 કલાકમાં તેના દ્વારા કેટલી ગરમી ગુમાવવામાં આવે તે શોધો.

3 170 gm પદાર્થનું તાપમાન 50°C થી 80°C સુધી વધારવા માટે 510 કેલેરી ગરમીની જરૂર પડતી હોય તો પદાર્થની વિશિષ્ટ ગરમી શોધો

4 300°C એક તાપમાનવાળા 500 gm વજનના ધાતુના ટુકડાને 5 kg પાણીમાં નાંખવામાં આવે છે. જેનાથી તેનું તાપમાન 30°C થી 75°C જેટલું થાય છે. જો ઉષ્માનો બીજો કોઈ વ્યય ના થતો હોય તો ધાતુના ટુકડાની વિશિષ્ટ ગરમી શોધો.

5 25°C તાપમાનવાળા 300 gm પાણીને 85°C તાપમાન ધરાવતા 200 gm પાણી સાથે મિક્ષ કરવામાં આવે છે. જો ઉષ્માનો બીજો કોઈ વ્યય ના થતો હોય તો મિશ્રણનું અંતિમ તાપમાન શોધો.

6 એક તાંબાના કેલેરીમીટમાં 20°C તાપમાનવાળું 80 ગ્રામ પાણી ભરેલું છે. કેલેરીમીટરનો જળતુલ્યાંક 20 gm છે. જો કેલેરીમીટરમાં 40°C તાપમાનવાળું 100 gm પાણી ઉમેરવામાં આવે તો મિશ્રણનું અંતિમ તાપમાન કેટલું થશે?

અવાહક પદાર્થો

ઉષ્મા ઊંચા તાપમાનથી નીચા તાપમાન તરફવહે છે. ઉષ્મા એ ઉષ્ણાતાવહન, ઉષ્ણતાગમન અનેઉષ્ણતાનયન પ્રક્રિયાઓ દ્વારા દિવાલ, દરવાજા, છત અને કાચના માધ્યમમાંથી પસાર થઈ ઠંડી જગ્યા તરફ વહે છે.

જે પદાર્થો ઉષ્માના આ વહનને રોકે છે તેને ઉષ્માના અવાહક કહે છે.

**અવાહક પદાર્થના ગુણધર્મો (Properties of insulating materials)**

- તે ઓછી વાહકતા ધરાવે છે.
- અગ્નિ અવરોધક
- ઓછા ભેજ શોષક
- કઠોરતાવધુ
- ગંધ રહિત
- પેપર બાષ્પભેદનશક્તિ
- વજનમાં હલકું

**અવાહક પદાર્થોની પસંદગી (Selection of insulating material)**:

અવાહક પદાર્થોની પસંદગી માટે નીચેના પરિબળો ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે.

- **નીચી ઉષ્મા વાહકતા (Low thermal conductivity)**

  પદાર્થની ઉષ્મા વાહકતાનું મૂલ્ય તે પદાર્થમાં ઉષ્ણાતાવહન દ્વારા થતા ઉષ્માના વહનને આધારે માપવામાં આવે છે. એટલે જ અ વાહક પદાર્થ ઓછીઉષ્મા વાહકતા ધરાવે છે.
- અગ્નિ અવરોધક
- યાંત્રિક મજબૂતાઈ
- નીચી ભેજ શોષકક્ષમતા
- મુકવામાં સરળ
- ખર્ચ
- નિયંત્રિત કરવામાં સરળ
- ઓછો ખર્ચ

**અવાહક પદાર્થોના પ્રકાર (Types of insulating materials)**

- ગ્લાસ વુલ, કોર્ક શીટ,થર્મોકોલ
- ઈન્સ્યુલેટીંગ ફોઈલ
- ફાઈબર ગ્લાસ

**અવાહક પદાર્થોના પ્રકાર**

સામાન્ય પ્રકારના અવાહક પદાર્થો અકાર્બનિક ફાઈબર અથવા સેલ્યુલર પદાર્થોના બનેલ હોય છે. દા.ત. ગ્લાસ વુલ, સ્લેગવુલ, સીરામીક પદાર્થ, એસ્બેસ્ટોસ વગેરે. કાર્બનિક ફાઈબર પદાર્થોકોક, કોટન, રબર ફોમ, સોડસ્ટ, રાઈસહુસ્ક(ચોખાનો ભૂક્કો), પોલીસ્ટીરીન, પોલીયુરેથિન,ફેનોથર્મ વગેરે વિવિધ ઈન્સ્યુલેશનનાઉપયોગના આધારે ઉપલબ્ધ પ્રકાર અને ફોર્મ નીચે પ્રમાણે છે.

**ગ્લાસ વુલઃ** જે અર્ધસખત રેસાઓથી જોડાયેલ પડ/શીટ્ની જુદી જુદી ઘનતામાં મળે છે. ઊંચી ઘનતા, વધારે મજબૂતાઈ અને ઓછીવાહકતા આપે છે. પરંતુ બાષ્પનું વહન થવા દે છે. જે ફોઈલ અથવા અન્ય આવરણરૂપે મળી આવે છે.

કોર્કઃ જેનું સંકોચનકરી સખત બ્લોકમાં ઢાળવામાં આવે છે જે વજનમાં હલકો પણ મજબૂત હોય છે જેનેકરવતવડેસરળતાથીકાપીશકાય છે. જે પાણીને અવરોધે છે પરંતુઊંચા પ્રમાણમાં પાણીની બાષ્પનું વહન થવા દે છે.

**થર્મોકોલઃ** તે સખત બોર્ડ અનેદાણારૂપે ઉપલબ્ધ છે જેને પાઈપ / વક્રસપાટીના આકારમાં ઢાળવામાં આવે છે જેનેકરવતવડેસરળતાથીક ાપીશકાય છે. જેનું હલકું વજન એ ઓછા પ્રમાણમાં વરાળનું વહન થવા દે છે.

**પોલીયુરેથીનઃ** તે સખત સ્થિતિસ્થાપક બળ સ્વરૂપે મળે છે. જેનીસપાટી પર પ્રવાહી છાંટવાથી ફીણ થાય છે. તે વિવિધ એપ્લીકેશનમાં ઉપયોગમાં લેવાય છે.

**લાકડાનો ભૂકોઃ** જેનેસારાસહાયક વિભાગની જરૂર છે. જેનાથી તેસરળતાથી ગોઠવાઈ શકે છે. તેની એકદમ ઊંચીવાહકતા ભેજ/પાણીનેશોષીલે છે.

**ફેનોથર્મઃ** જે પાઈપના ટૂકડાની કામગીરી માટે જુદા જુદાફેસીંગસાથેનાપડમાં જોવા મળે છે. જેનેકરવતવડેસરળતાથીકાપ ીશકાય છે.

**અવાહક પદાર્થો અને ગુણધર્મો/લાક્ષણિકતાઓઃ** રેફ્રિજરેશન અને એરકંડશનિંગ ક્ષેત્રોમાં જુદા જુદા અવાહક પદાર્થોનોઉપયોગ થાય છે. પરંતુ જેમાંથી થોડાક અવાહકો જ ફક્ત પાણીની ટાંકી માટે ઉપયોગમાં લેવાય છે.

આજના સમયમાં નીચે પ્રમાણેના અવાહકોકે જેમનો બોર્ડના રૂપમાં ઉપયોગ થાય છે.

થર્મોકોલ

ગ્લાસ વુલ / ટાર ફેલ્ટ

પફ

**ફાઈબર ગ્લાસ**

**થર્મોકોલઃ** સામાન્ય ઉપયોગમાં લેવાતા અવાહક પદાર્થોમાંનો એક છે જે ઓછી અનેવધારે ઘનતામાં ઉપલબ્ધ છે જે 0.25 થીપ ની વિવિધ જાડાઈમાં જોવા મળે છે. થર્મોકોલ જરૂરિયાત પ્રમાણે જુદા જુદા અ ાકારમાં ઉપલબ્ધ છે. થર્મોકોલ એ(લાક્ષણિકતારીતે) વરાળનું

ઓછું વહન થવા દે છે. તેથી ઉષ્માનું વહન પણ ઓછું થાય છે. થર્મોકોલ તેની નીચી/ઊંચી ઘનતાના પ્રમાણે બદલાઈ શકે છે. થર્મોકોલ ને જરૂરિયાત પ્રમાણે જુદા જુદા આકારમા કાપીશકાય છે. થર્મોકોલ ગરમી કે ઠંડીમાં લાંબો સમય ટકીરહે છે. ફેકટર વાળા અ વાહક પદાર્થકેકે થર્મોકોલ ને અનુસરે છે.

થર્મોકોલ -0.20 btu/hr Ft2 deg.f $^{0}$/inch

ફાઈબર ગ્લાસ:

આ પણ એક પ્રકારનો એવો અવાહક પદાર્થ છે જે અકાર્બનિક પદાર્થ (રેતી, ડોલોમાઈટ, લાઈમ સ્ટોન) માંથી બનાવવામાં આવે છે. તાપમાનની ભિગતાના કારણે ફાઈબર ગ્લાસ સંકોચાતોનથી. આ અવાહક પદાર્થો 450 (842) સુધીના ઊંચા તાપમાનમાં પણ ઉપયોગમાં લેવાય છે. ફાઈબર ગ્લાસની બનાવટ નીવસ્તુઓ આપણી આસપાસની હવામાંથી ભેજ શોષતો નથી.

ગ્લાસ વુલ: સામાન્ય રીતે ગ્લાસ વુલ પાતળા વજનવાળો આવરણયુકત અને નરમ પદાર્થ છે. તે અલગ અલગ માપમાં (જાડાઈ 0.5" થી ૨.૫ક્કક સુધી) મળે છે. તે તુટેલા કાચના ટુકડાઓ સાથે મિશ્ર કરી સફેદ પીળા રંગોમાં ઉપલબ્ધ થાય છે.

તેનુ નિયંત્રણ કરવુ જોખમી અને નુકસાન કારક છે(જો શ્વાસમાં લેવાય તો) તેથી ગ્લાસ વુલ ઉપર કામ કરતી વખતે હંમેશા હાથ મોજા અને ચશ્મા (આંખ માટે) વાપરવુ સલાહ ભર્યુ છે. ગ્લાસ વુલ જુદી જુદી ઘનતાઓમાં મળે છે. ગ્લાસ વુલ બે રીતે ઉપયોગી છે. તેમાનો એક પ્રકાર નીચા તાપમાનવાળા રેફ્રિજરેશન /એરકંડિશનીંગના હેતુ માટે ઉપયોગી છે. બીજા પ્રકારના ગ્લાસ વુલનો ઉપયોગ બોઈલર પદાર્થોના (ઉષ્મા અવરોધ) હેતુ માટે ઉપયોગમાં લેવાય છે.

અવાહક પદાર્થોનોક્કkક ફેકટર

ગ્લાસ વુલ :0.230-27Btu/Hrft2 deg.F°/inch.

પફ (Puf): વોટર કુલમાં બાષ્પીભવન ટાંકી ના બાહ્ય ભાગમાં આ પદાર્થ વપરાય છે.

આ પ્રકારના અવાહકમાં બે પ્રકારના રસાયણ વપરાય છે.જેમ કે આઈસોસાયનાઈડ – R11(Isocyanide-RII). બંને રસાયણ પ્રવાહી સ્વરૂપે શીશીમાં (ઓછી ક્ષમતા માટે) અને કેન (ડબ્બો) માં (વધારે ક્ષમતા માટે) ભરવામાં આવે છે.બંને પ્રવાહીઓ (રસાયણો) હંમેશા ઠંડુ રાખવુ જોઈએ. જ્યારે તેઓ બંનેને કન્ટેનર અને સ્ટીરરમાં ઉમેરવામાં આવે ત્યારે થોડીજ મિનિટમાં ફિણ સ્વરૂપે ફેરવાય છે.(શરૂઆતમાં પાતળુ બની અને ગાઢ અને સખત બને છે) (Sticks with the unit)

ટેક(ટાંકી) ના આવરણમાં કોઇ હવાની અવર જવર માટે જગ્યા ના રહે તેનુ ધ્યાન રાખવુ જોઈએ. તેનુ બાહ્ય સ્તર અસમાન અને તે ઉચી ઘનતા ધરાવે છે. જે પદાર્થની બનાવત માટે વધારે સમય માટે તેની તાપમાન માં રાખવો પડે તેવા પદાર્થ માટે પફ (પદાર્થો) ના અવાહકોને ઉપયોગ થાય છે.

જેનો મુખ્ય ગેરલાભ એ છેકે મુખ્ય ઈન્સ્યુલેશનને બાષ્પીભવન ટાંકીની બાહર અથવા કોઈલમાં જે જે રસાયણ મિશ્રિત કરવાના હોય તેને અંદર રેડી તરત જ હલાવવામાં આવે છે.જો યોગ્ય સમયે તે ન થાય તો તે કન્ટેનર પર જ ઘટ થવાનું શરૂ કરી દે છે અને નકામુ થઇ જાય છે. બાષ્પીભવન ટાંકી ના બાહ્ય ભાગને લાકડા/સ્ટીલ બોર્ડ વડે બંધ કરતા જે નાની ગેપ ઉત્પગ થાય છે અને બાકી રહી જતા ખૂણાના ભાગો જે નાની જગ્યા ઉત્પગ કરે છે તેને સોલ્યુશન વડે બંધ કરવામાં આવે છે.

મેથડ ઓફ લાઇંગ ડ્કટ ઈન્સ્યુલેશન (Method of laying duct insulation): જ્યારે નળીની અંદર ભેજને જામવાની પ્રક્રિયાને અટકાવવી હોય તો ગ્લાસ વુલનો ઉપયોગ થાય છે. કારણકે તે અગ્નિ અવરોધક છે. જો ભેજ જામવાની પ્રક્રિયા થાય તો ગ્લાસવુલના કિસ્સામાં વધુ કાળજી રાખવાની જરૂર પડે છે. સૌ પ્રથમ બ્યુટીમીન (bitumen) નુ પડ નળીની સપાટી પર લગાડતા જામતો ભેજ અટકાવી દે છે. જેના પર પોલીથીનશીટ જેવા અવાહકનુ પડ ચઢાવવામાં આવે છે. જે બાષ્પ અવરોધક તરીકે કામ કરે છે. તેની સપાટીને મજબૂત બનાવવા માટે ચીક્નવાયર વીંટાળવામાં આવે છે.

તે સખત હોવાથી તેના પર વિસ્ત્રુત પોલીસ્ટિરીનને સરળતાથી ફેલાવી શકાય છે. નળીના છેડાને પણ બ્યુટીમીનના ઈન્સ્યુલેશન વડે સીલ કરવામાં આવે છે જો બ્યુટીમીનનુ પડ લગાડવામાં આવે તો વેપર બેરિયરની જરૂર પડતી નથી. આ ઈન્સ્યુલેશનને સિમેન્ટ, પ્લાસ્ટર અથવા મેટલ કલેડીંગ સાથે પુરુ કરવામાં આવે છે.

ફોલ્સ સીલીંગનો હેતુ (purpose of false ceiling): ભેજ યુક્ત હવા જ્યારે ખુલ્લી જગ્યામાં પ્રવેશે છે ત્યારે તે ભેજ ઉત્પગ કરે છે વધુ પ્રમાણ ના ડીફ્યુઝર ફોલ્સસીલીંગ જોડે જોડાયેલા છે. અને ઘણા પ્રકારના ડિફ્યુઝરનો ઉપયોગ હવાને જરૂરીયાત મુજબ ફેલાવવા માટે ઉપલબ્ધ છે ફોલ્સસીલીંગ ની અંદર પરત થવા ફેકે તેવી જાળી મુકવામા આવે છે. આ ફોલ્સસીલીંગ એ વાતાનુકુલિત હવા અને પરત આપતી હવાને મિશ્ર થતી અટકાવે છે.ફોલ્સસીલીંગની અંદર પરત આવતી હવા સામાન્ય રીતે પ્લેનમ (plenum) માં વહે છે અથવા જાળી માંથી રીર્ટન એર બોક્ષમાં આવે છે.કારણકે ઉર્જાનો નોધપાત્ર જથ્થો પ્રથમ ક્રમે હવામાંથી મળે છે. જે હવાને રિસાયકલ કરવા માટે તેને ફરીથી એરકંડીશનીંગમા લગાવવામા આવે છે. હવાની અવર જવર થઇ શકે તે માટે ફોલ્સસીલીંગ અને મેઇન સીલીંગની વચ્ચે થોડી ગેપ રાખવામાં આવે છે. પ્લેનમ તરીકે ઓળખાતી જગ્યાની કારણે ફોલ્સસીલીંગની રીર્ટન એર ડ્કટ તરીકે પણ ઓળખવામા આવે છે.

**દબાણની માહિતી (Concept of pressure):** પદાર્થના સંપર્કમા કોઇ પણ પદાર્થ આવે તો તેના દ્વારા તેની સપાટી પર અથવા સપાટીની વિરુધ્ધ દિશામાં સતત બળ લાગે છે.

**વ્યાખ્યા (Definition):** એકમ ક્ષેત્રફળ પર લાગતા બળને દબાણ કહે છે. જે બળ પદાર્થની એકમ ક્ષેત્રફળની સપાટીને લંબ હોય છે.

દબાણ = બળ/ક્ષેત્રફળ=ન્યુટન/ચો.મીટર = $P = F/A\ N/m^2$

જો ચેમ્બરનુ કદ અને તાપમાન અચળ રાખવામાં આવે તો જેમ વાયુનો જથ્થો વધે તેમ દબાણ પણ વધે છે.

**એકમ (Unit):** દબાણનો સ્ટૅાનર્ડડ અને S.I એકમ પણ Pascal(Pa) અને દબાણનો મેટ્રિક એકમ Bar (બાર) છે.

1 Pascal એટલે 1 $newton/m^2$

તેથી 1 pascal = 1 $N/m^2$

1 Bar = 105 $N/m^2$

**દબાણના જુદી જુદી પધ્ધતિમાં એકમો (Pressure units in different systems)**

| | | |
|---|---|---|
| બ્રિટીશ એકમ (FPS) | Pound per square inch | $Lb/in^2$ |
| મેટ્રિક એકમો CGS | Gram per square centimetre | $g/cm^2$ |
| MKS | Kilogram per square metre | $Kg/m^2$ |
| ઈન્ટરનેશનલ | Newtons per square metre SI એકમ | $N/m^2$ |




**દબાણનો પ્રકારો (Types of pressure)**

1 નિરપેક્ષ દબાણ (Absolute pressure)

2 વાતાવરણનુ દબાણ (Atmosphere pressure)

3 ગેજ દબાણ (Gauge દબાણ)

માપવા માટેના સાધનો (Measuring Instruments)

I મેનોમીટર

a સાદુ મેનોમીટર (simple manometer)

i પીઝિયોમીટર (piezometer)

ii 'U' ટ્યુબ મેનોમીટર (U tube manometer)

iii સિંગલ કોલમ મેનોમીટર (single column manometer)

b ડિફરન્શીયલ મેનોમિટર (Differential manometer)

'U' ટ્યુબ ડિફરન્શીયલ મેનોમિટર ('U' tube differential manometer)

ઇન્વ્ટેડ 'U' ટ્યુબ મેનોમિટર (Inverted 'U' tubemanometer)

II યાંત્રિક ગેજ (Mechanical gauges)

a ડાયાફ્રામ પ્રેસર ગેજ (Diaphram pressure gauge)

b બોર્ડન ટ્યુબ પ્રેસર ગેજ (Bourdon's tube pressure gauge)

c ડેડ વેઇટ પ્રેસર ગેજ (Dead weight pressure gauge)

d બીલોવ્સ પ્રેસર ગેજ (Bellows pressure gauge)

**Example**

એક પ્રવાહી $2m^2$ ના ક્ષેત્રફળ પર 100N નુ બળ ઉત્પગ કરે છે તો દબાણ કેટલું થશે?

બળ = 100N

ક્ષેત્રફળ = $2m^2$

દબાણ = ?

Fig 1




$$P = \frac{F}{A} = \frac{100}{2}$$

$= 50\ N/m^2$

દબાણનો એકમ $N/m^2$, 1 $N/m^2$ =1 Pascal (પાસ્કલ)

આ એકમ ખુબ જ નાનો છે. (1$cm^2$ ક્ષેત્રફળ પર હલાયનુ દબાણ) તેથી દબાણના એકમ તરીકે ‰bar‰ (બાર) ને લેવામાં આવે છે.

1 bar=$10^5$ Pascal

$10^5 P_a = 10^5\ N/m^2 = 10\ N/cm^2$ =1 bar

1 bar = 1000 mbar [દબાણનો SI એકમ પાસ્કલ (Pa) અને મેટ્રિક એકમ bar છે.]

**દબાણના ગુણધર્મો (Properties of pressure)**

1 પ્રવાહીની ઉંડાઇ વધવાથી દબાણ પણ વધે છે.

2 પ્રવાહીની ધનતા વધવાની દબાણ વધે છે.

3 બંધપાત્રમાં પ્રવાહી પરલાગેલુ બળ બધી દિશામાં એકસરખુ દબાણ ઉત્પગકરે છે.

4 પ્રવાહીનાકોઇ એક બીંદુએ લાગતુઉપર તરફનુ દબાણ અને નીચે તરફનુ દબાણ એક સમાન છે.

**પાસ્કલનો નિયમ (Pascal's law)**

એક ફ્રેન્ચ વૈજ્ઞાનિક પાસ્કલ એ કહ્યું છે કે પાત્રમાં પ્રવાહીના કોઇ પણ બિંદુ એ લગાડેલ દબાણ એ બધી દિશામાં એકસરખું હોય છે. તેને પાસ્કલનો નિયમ કહે છે .

**પાસ્કલના નિયમનો ઉપયોગ (application of pascal'slaw)**

પાસ્કલનો નિયમ ધણ બધા સધનોમાં વપરાય છે જેમ કે સાયરન ,હાઇડ્રોલીક પ્રેસ , હાઇડ્રોલીક લીફ્ટ, બ્રમ્હા પ્રેસ, એર કોમ્પ્રેસર, રોટ્રી પંપ અને હાઇડ્રોલીક બ્રેક વગેરે. આ હાઇડ્રોલીક મશીન પ્રવાહી પર લાગતા દબાણ પર આધરીત હોય છે .

**હાઇડ્રોલીક પ્રેસના સીધ્ધાંત (Principle of hydraulic press)**

અલગ અલગ આડ્છેદ ક્ષેત્રફળ ધરાવત્તો ધરાવતા બે સીલીન્ડરને આડી કનેક્ટીંગ ટ્યુબ વડે જોડેલો હોય છે. આ ઉપકરણ પ્રવાહીથી ભરેલું હોય છે .બંને સીલીન્ડરમાં એરટાઇટ પિસ્ટન લગાવવામાં આવે છે.

Fig 2




PRINCIPLE OF HYDRAULIC PRESS

નાના આડછેદવાળા ક્ષેત્રફળના સીલીન્ડરના પ્લંજર પર ઓછું બળ લાગાડતા પણ મોટા પ્રમાણમાં બળ ઉત્પગ થાય છે. જે પાસ્કલ નિયમને આભારી છે. પ્લંજર પરનું નાનું દબાણ કોઇ પણ વ્યય થવા વગર પ્રવાહી દ્વારા રેમ પર પહોંચે છે. તેથી નાના બળ વડે મોટા વજનના પદાર્થને ઊંચકી શકાય છે.

$$\frac{\text{પ્લંજર પર લાગતું બળ(F)}}{\text{પ્લંજરનું ક્ષેત્રફળ(a)}} = \frac{\text{પ્લંજરનું ક્ષેત્રફળ(a)}}{\text{પ્લંજરનું ક્ષેત્રફળ(a)}}$$

$$\frac{F}{a} = \frac{W}{A}$$

$$\text{રેમ પરનુ વજન (W)} = \frac{F \times A}{a}$$

**હવાના ગુણધર્મો (Properties of air)**

એવું કહેવાય છે કે હવા એ વાયુઓનું મિશ્રણ છે. હવા એ અદ્રશ્ય, રંગહિન, ગંધહિન અને સ્વાદવિહિન હોય છે.

રચના (Composition): હવાના કદમાં મુખ્ય ઘટકોમાં 78% નાઇટ્રોજન, 21% ઓક્સિજન અને 1% બીજા વાયુઓ જેવા કે આર્ગોન અને કાર્બન ડાયોક્સાઇડ

પૃથ્વીની આજુબાજુના વાયુઓના આવરણને વાતાવરણ કહે છે.

દબાણનો સંબધ (Pressure relationship)

વાતાવરણનું દબાણ (Atmospheric pressure): પૃથ્વીની આજુબાજુની હવા પૃથ્વીની સપાટી પર દબાણ ઉત્પગ કરે છે. પૃથ્વીની સપાટી પર ઉત્પગ થત્તા આ સીધા દબાણને વાતાવરણનું દબાણ કહે છે.

વાતાવરણના દબાણને સાપેક્ષ દબાણ તરીકે પણ લેવામાં આવે છે. સામાન્ય રીતે તે સમુદ્રની સપાટીને સાપેક્ષ બીંદુ તરીકે લેવામાં અ વે છે.

વાતાવરણ દબાણની ગણતરી બેરોમીટરના મુળભુત સીદ્ધાંતથી કરી શકાય છે. જેમાં નળીમાંના પારાની ઊંચાઇ અને તેના વજન પરથી દબાણ માપી શકાય છે .

વાતાવરણ દબાણ = $\rho$ g h

જ્યા (રો) $\rho$ = પારાની ઘનતા (density of memory) = 13600 $kg/m^3$

g = ગુરુત્વ પ્રવેગ = 9.81 $m/s^2$ અને

h = પારાનીઊંચાઇ = 760 mm (સમાન્ય દરીયાની સપાટીથી)

ઉપરની કિમતન સમીકરણમાં મુકતા

વાતાવરણનું દબાણ = 13600 × 9.81 × 0.76

= 1,01,396 $N/m^2$

= 1.013 bar

પરંતુ સરળ ગણતરી માટે વાતાવરણના દબાણને ૧ bar તરીકે ગણતરી લેવામાં આવે છે.

**1 નીરપેક્ષ દબાણ (Absolute pressure):** વાતાવરણના દબાણ થી ઉપરના દબાણને વેક્યુમ પ્રેશર કહે છે .

**2 સાપેક્ષ દબાણ (Guage pressure):** દબાણ કે જે માપવા માટે દબાણ માપક ઇન્સ્ટ્રુમેન્ટ વડે જ માપી શકાય અથવા તેના પર જ તે આધાર રાખે છે. ત્યારે વાતાવરણનું મુલ્ય શુન્ય તરીકે લેવામાં આવે છે .

**3 Vacuum pressure:** તે નીચે દર્શાવ્યા મુજબ વાતાવરણનું દબાણ દર્શાવે છે.

ગણિતીય રીત :

i) નીરપેક્ષ દબાણ = વાતાવરણનું દબાણ + ગેજ પ્રેસર

$$P_{ab} = P_{atm} + P_g$$

ii) નીરપેક્ષ દબાણ = વાતાવરણનું દબાણ – વેક્યુમ પ્રેસર

$P_{ab} = P_{atm} - P_{vacc}$

iii) વેક્યુમ પ્રેસર = વાતાવરણનું દબાણ – નીરપેક્ષ દબાણ

1 વાતાવરણનું દબાણ = 76 cm મરક્યુરી = 33.91 ft પાણી

= 76 x 13.6 gm/cm$^2$

= 76 x 13.6×10-3 kg/cm$^2$

= 76 x 13.6×10-3×9.8 N/cm$^2$

= 10.13 N/cm$^2$

= 1.013 bar (બાર)

= 1013 mbar [ 1 bar = 1000 mbar ]

1 Pascal = 1 N/m$^2$

1 bar = $10^5$ Pascal = $10^5$ N/m$^2$ = 10 N/cm$^2$

1 bar = 0.986923 વાતાવરણનું દબાણ (atmosphere)

1 milibar = 0.01 N/cm$^2$ = $10^{-2}$ N/cm$^2$

1 વાતાવરણનું દબાણ (atmospheric pressure) (FPS)
= 14.7 Pound/inch2 (PSI)

1 વાતાવરણનું દબાણ (atmospheric pressure) (Metric)
= 1.0336 kg/cm$^2$

1 વાતાવરણનું દબાણ (atmospheric pressure) (Metric)
= 1.014 x $10^6$ dyne/cm$^2$

**વાતાવરણના દબાણ પર ઊંચાઈની અસર (Effect of altitude on atmospheric pressure)**

ઊંચાઈને આધારે વાતાવરણના દબાણમાં ફેરફાર જોવા મળે છે જેનું ટેબલ અહીં દબાણની વિવિધતા સાથે દર્શાવવામાં આવ્યું છે.

**દરિયાની સપાટીથી દર 11 મીટરે હવાના દબાણમાં 1.3mbar નો ઘટાડો થાય છે. દરિયાની સપાટીથી દર 1000 ફૂટ માટે હવાના દબાણમાં 1”Hg (પારો) નો ઘટાડો થાય છે.**

| S. No. | Place | દબાણનો એકમ | પારાની ઉંચાઈ | Inch/units |
|---|---|---|---|---|
| 1 | દરિયાની સપાટી | 1013 mbar | 750 mm | 14.7 psi |
| 2 | 520 meters દરિયાની ઉપર | 951.5 mbar | 700 mm | 13.7 psi |

**પ્રેસર ગેજ (Pressure Gauges)**

તે એવા સાધનો (ઉપકરણો) કે જેનો ઉપયોગ પાત્રમાં રહેલા પ્રવાહી બાષ્પ (વરાળ) અથવા વાયુના દબાણને માપવા માટે થાય છે. જેને માર્કમીટર તરીકે પણ ઓળખવામાં આવે છે.

**મેનોમીટરના પ્રકાર (Types of manometer)**

- ઓપન ટ્યુબ (open tube)
- ક્લોઝ ટ્યુબ (closed tube)
- ડીફરન્સ્યલ ટાઈપ (differential tube)
- ઈન્વર્ટેડ ટાઈપ (inverted tube)

**યાંત્રિક પ્રેસર ગેજ (Mechanical Pressure gauges)**

બૉર્ડન પ્રેસર ગેજ (Bourden’s Pressure gauges)

ડાયાફ્રાર્મ પ્રેસર ગેજ (Diaphragm Pressure gauges)

ડેડ વેઈટ પ્રેસર ગેજ (Dead Weight Pressure gauges)

**ઓપન ટ્યુબ મેનોમીટર (Open tube manometer) (Fig 3)**

Fig 3




OPEN TUBE MANOMETER (OVER PRESSURE)

જે પાત્રમાં વાતાવરણના દબાણ કરતા ઓછો તફાવત હોય તો તે દાબાણ માપવા માટે આ સાધનનો ઉપયોગ થાય છે. તેમાં ક્ક્Uક્ર અ ક્રારની નળી આવેલ છે જેમાં પારો ભરવામાં આવે છે અને તેનો એક છેડો જે પ્રવાહીનું દબાણ માપવું હોય તે પ્રવાહી ભરેલ પાત્ર સાથે જોડવામાં આવે છે, અને બીજા છેડાને ખુલ્લો રાખવામાં આવે છે. જ્યારે પાત્રના અંદરનું દબાણ બહારના દબાણ કરતાં ઓછું હોય તો મેનોમીટર નળીના બંને છેડા પાસેના તફાવતનું અવલોકન કરે છે.

1 bar વાતાવરણના દબાણની સાપેક્ષે બેરોમીટરનું અવલોકન

$P_a = 1 + P_o$ (આકુતિ 3 મુજબ)

$P_a = 1 – P_u$ (આકુતિ 4 મુજબ)

Fig 4




OPEN TUBE MANOMETER (UNDER PRESSURE)

**Example (Fig 5)**

એક મેનોમીટરને પ્રેશર ટેન્ક સાથે લગાડેલ છે અને તે 615 પ્રેશરહેડનું વધું પ્રેશર દર્શાવે છે. બહારનું હવાનું દબાણ 1015 mbar હોય તો નિરપેક્ષ દબાણનું મુલ્ય બાર અને પાસ્કલમાં ગણો. (Fig 5)

Fig 5




OPEN TUBE MANOMETER

નિરપેક્ષ દબાણ = વાતાવરણનું બાહ્ય દબાણ + ઓવર પ્રેશર

$P_a$ = 1015 mbar + 100 mbar x 615 mm/750 mm

= 1835 mbar

$P_a$ = 1.835 bar = 1.835 x $10^5$ Pascal

**જો બેરોમીટરનું અવલોકન mm માં હોય તો તેને mbar માં ફેરવવાનું જરૂરી જણાય છે.**

**પ્રેશર અને વેક્યુમ ગેજ (Pressure and vacuum gauges)**

**બોર્ડન ટ્યુબ પ્રેશર ગેજ (Bourdon tube pressure**

Fig 6




THE BOURDON PRESSURE GAUGE

**gauges)**

I.C એન્જીનમાં બોર્ડન ટ્યુબ પ્રેશરગેજ પ્રેશર, ટેમ્પરેચર અને વેક્યુમનું રીડીંગ લેવામાં થાય છે. આ ગજમાં પ્રેશર અને ટેમ્પરેચરના રીડીંગ લેતી વખતે બોર્ડન ટ્યુબ સીધી જાય છે, જ્યારે વેક્યુમના રીડીંગ લેતી વખતે સંકોચાય છે.

એક ઈલીપ્ટીકલ (અંડાકાર) આડછેદવાળી ફોસ્ફરસ બ્રોન્ઝની ટ્યુબને વર્તુળાકાર વાળેલી હોય છે. ટ્યુબના મુક્ત છેડાને ઈન્ટર્નલ પ્રેશર હેઠળ સીલ કરેલો હોય છે. આ વાળેલો છેડો સીધો થવા પ્રયન્ત કરે છે. પ્રેશર ગેજના ઉપયોગ દરમ્યાન સેક્ટર, પિનીયન અને નીડલ વડે પ્રેશર અથવા ટેમ્પરેચરને કેલીબ્રેટેડ ડાયલ પર જોઈ શકાય છે. આ સંપુર્ણ એકમને કેસીંગમાં અને ગ્લાસ કવરમાં ફ્રેમીંગ કરેલું હોય છે.

**વેક્યુમ ગેજ (Vacuum gauge)**

આ પણ બોર્ડન ટ્યુબ ટાઈપ ગેજ છે, જેમાં ટ્યુબનું સંકોચન થવાથી એન્જીનનું વેક્યુમ જાણી શકાય છે. એન્જીનનું વેક્યુમ mm Hg (millimeters of mercury) માં માપવામાં આવે છે.

**760 mm Hg નું અવલોકન એ સંપુર્ણ શુન્યવકાશ (વેક્યુમ) છે. (શુન્ય અવકાશ દબાણ)**

**300 mm Hg ના શુન્યનો અર્થ એ છે કે વેક્યુમ માટે 300mm એ (760-300) 460 mm Hg નિર્પેક્ષ દબાણ બરાબર હોય છે.**

- વેક્યુમ ગેજનો ઉપયોગ સર્વીસ મીકેનીક દ્વારા ઘણીવાર કરવામાં આવે છે. આ ગેજ દ્વારા એન્જીનની યાંત્રિક સ્થિતિ જાણી શકાય છે. ઉપરાંત વાલ્વ, ઈગ્નીશન ટાઈમીંગ અને કાર્બ્યુરેટર સેટીંગનું ફાઈન એડજસ્ટમેન્ટ કરી એન્જીનની કામગીરી સુધારી શકાય છે.
- **ડિઝલ એન્જીન ગવર્નસમાં વેક્યુમ (Vacuum in Diesel Engine Governors):** જે ફ્યુલ ઈન્જેક્શન ટેસ્ટ બેન્ચમાં પાણીની ઊંચાઈની પધ્ધતિ (water column method) દ્વારા માપવામાં આવે છે.
- **એન્જીનના મનીફોલ્ટમાં વેક્યુમ (Vacumm in manifolds of an engine):** જેને વેક્યુમ ગેજ વડે માપી શકાય છે.
- **ઓવર પ્રેશર (Over Pressure)õ:** ટાયરનું ગેસ પ્રેશર વાતાવરણના દબાણ કરતાં મોટું હોય છે તેથી ટાયર (tyre)માં આપણને વધુ દબાણ મળે છે.
- **અંદર પ્રેશર (Under Pressure)õ:** સક્શન પ્રક્રિયા દરમ્યાન સિલિન્ડરમાં ગેસનું દબાણ ઓછું હોય છે. તેથી સિલિન્ડરને નીચું દબાણ મળે છે.
- **નિરપેક્ષ દબાણ (Absolute Pressure):** નિરપેક્ષ દબાણ = હવાનું દબાણ + ઓવર પ્રેશર. વેક્યુમનું દબાણ 0 bar હોય છે.

મેનોમીટરમાં ઓવર પ્રેશર જોવા મળે છે. પ્રુથ્વીનું નિરપેક્ષ દબાણ સામાન્ય રીતે 1 bar હોય છે. સામાન્ય પરિસ્થિતિમાં 1 bar + માપેલ દબાણને પણ નિરપેક્ષ દબાણ કહે છે.

વાયુનું દબાણ (gas pressure) નો એકમ bar છે.

$P_a$ = absolute pressure (નિરપેક્ષ દબાણ)

$P_0$ = ઓવર પ્રેશર (over pressure)

$P_a$ = અંદર પ્રેશર (under pressure)

ગણતરી દરમ્યાન હવાનું દબાણને ૧ bar તરીકે લેવામાં આવે છે.

નિયમો અને એકમમાપન (Rules and examples)

નિરપેક્ષ દબાણ = ઓવર પ્રેશર + હવાનું દબાણ

$P_a = P_o + 1$ bar

ઓવર પ્રેશર = નિરપેક્ષ દબાણ – હવાનું દબાણ

$P_o = P_a - 1$ bar

અંદર પ્રેશર = હવાનું દબાણ – નિરપેક્ષ દબાણ

$P_u = 1$ bar $- P_a$

નિરપેક્ષ દબાણ = હવાનું દબાણ – અંદર પ્રેશર

$P_a = 1$ bar $– P_u$

**Examples**

2 bar ઓવર પ્રેશર માટે કુલ દબાણ કેટલું થશે?

Pa = 2 bar + 1 bar = 3 bar

જો દબાણ ૪ bar હોય તો ઓવર પ્રેશર કેટલું થશે?

Po = 4 bar - 1 bar = 3 bar

0.7 bar અંદર પ્રેશર માટે કેટલું દબાણ થશે?

Pu= 1 bar - 0.7 bar = 0.3 bar under-pressure

0.3 bar અંદર પ્રેશર માટે કેટલું દબાણ થશે?

= 0.7 bar

**વાયુના ગુણધર્મો (Properties of gauges)**

**1 ચાર્લ્સનો નિયમ (charle's low)**

**પ્રથમ નિયમ અથવા કદનો નિયમ**

અચળ દબાણે પાત્રમાં રહેલ ગેસનું કદ (v) તેના નિરપેક્ષ તાપમાન (T) ના સમપ્રમાણમાં હોય છે.

$$V \alpha T ; \frac{V}{T} = K \text{ (K = અચળ)}$$

1 દ્વિતિય નિયમ અથવા દબાણનો નિયમ

અચળ કદે ગેસનાદળનું દબાણ (P), નિરપેક્ષ તાપમાન (T) ના સમપ્રમાણમાં હોય છે.

$$P \alpha T ; \frac{P}{T} = K \text{ (K-અચળ)}$$

2 બોઇલનો નિયમ અથવા વાયુનો નિયમ (Boyle's law or Gas law)

અચળ તાપમાને વાયુનુદળનું કદ એ તેના દ્વારા ઉત્પગ થતા દબાણના વ્યસ્ત પ્રમાણમાં હોય છે.

$$V \alpha \frac{1}{P} ; PV = K \text{ (K-અચળ)}$$

**3 આદર્શવાયુનું સમીકરણ (Perfect gas equation)**

દબાણ, કદ અને તાપમાનના ફેરફારનેકારણે બોઇલનો નિયમ અને ચાર્લ્સનો નિયમને અલગ અલગ લાગુ પાડીશકાતો નથી તે આ બંને નિયમનુ મિશ્રણને ક્ષ્વાયુનું સમીકરણ" ("gas equation") કહે છે. આ વાયુનુ સમીકરણ એ આદર્શવાયુના દબાણ, કદ અને તાપમાન જોડેસંકળાયેલ છેકે જે બોઇલ અને ચાર્લ્સના નિયમને અનુસરે છે. વાયુકે જે બોઇલ અને ચાર્લ્સના નિયમને અનુસરે તેને આદર્શવાયુકહે છે.

બોઇલના નિયમ મુજબ

$$V \alpha \frac{1}{P} \quad PV = K \text{ (Constant) } P_1V_1=P_2V_2 = K$$

ચાર્લ્સના નિયમ મુજબ

$$V \alpha T \frac{V}{T} = K \text{ (Constant) } \frac{V_1}{T_1} = \frac{V_2}{T_2} = K$$

બંને નિયમને ભેગુ કર

$$\frac{P_1V_1}{T_1} = \frac{P_2V_2}{T_2} = R \text{ [R = વાયુનુ અચળાંક]}$$

$$\frac{PV}{T} = R$$

$$PV = RT$$

| |
|---|
| P = Pressure (દબાણ) (KN/m²) |
| V = Volume (કદ) (m³) |
| M = Mass (દળ) (Kg) |
| R = વાયુનો અચળાંક (Kg f.m/kg/K) |
| T = નિરપેક્ષ તાપમાન (K) |

જો વાયુનો દળ m હોય તો

$$PV = mRT$$

વાયુનો અચળાંક R = 29.27 kgf.m / kg / k

= 287 Joule / kg / k

**યોગ્ય વાયુ અને તેના ગુણધર્મો (True gas and its Properties)**

1 તેને દળ અને કદ હોય છે તેથી તેને વજન પણ હોય છે.

2 તેનું કંન્ટેનરમાં સંકોચન અથવા વિસ્તરણ કરીશકાય છે.

3 તે અદ્રશ્ય હોય છે.

**4 સામાન્ય વાયુનો નિયમ (General Gas Law)**

બોઇલ, ચાર્લ્સ અને ગે-લ્યુસેકના નિયમને ભેગુ કરતા સામાન્ય વાયુનો નિયમ મળે છે જે નીચે મુજબ છે.

$$\frac{PV}{T} = \text{અચળ (અથવા)}$$

$$\frac{P_1V_1}{T_1} = \frac{P_2V_2}{T_2} = \frac{P_3V_3}{T_3} = \frac{P_nV_n}{T_n}$$

**આદર્શવાયુના નિયમ મુજબ P અને T (તાપમાન) એ અનુક્રમે નિરપેક્ષ દબાણ અનેનિરપેક્ષ તાપમાન (°k માં) દર્શાવે છે.**

**1 1 kg હવાનું દબાણ 5kgf/cm² છે તો તેનું 30°C નું વાતાવરણનું દબાણ અને 20°C પર વિસ્તરણ કરવા માટે જરુરી કદ શોધો.**

જવાબ ધારોકે વાતાવરણના દબાણ 1.033 kgf/cm² અને વાયુ અચળ છે.

R = 29.27 kgm/kg/°k

$P_1$ = 5 kgf/cm² = 5×10⁴kg/m²

$T_1$ = 30°C = 30+273=303° kelvin

હવાનું દળ = m = 1kg

સમીકરણ લાગુ પાડતા:

$$P_1V_1 = m.R.T_1$$

$$V_1 = \frac{m.R.T_1}{P_1}$$

$$= \frac{1 \times 29.27 \times 303}{5 \times 10^4}$$

$= 0.1774$ cubic metre

નીચેની માહિતી માટે:

$P_1 = 5 \times 10^4$ kg/metre$^2$

$V_1 = 0.1774$ cubic metre

$T_1 = 303°k$

$P_2 = 1.033$ kgf/cm$^2$ $= 1.033 \times 10^4$kg/metre$^2$

$T_2 = 20°C = 20+273 = 293°k$

હવે $V_2$ = રોકેલ કદને શોધવા માટે

સમીકરણ લાગુ પાડતા

$$\frac{P_1V_1}{T_1} = \frac{P_2V_2}{T_2}$$

$$V_2 = \frac{P_1V_1T_2}{P_2T_1}$$

$$= \frac{(5 \times 10^4) \times 0.1774 \times 293}{(1.033 \times 10^4) \times 303}$$

$= 0.8303$ cubic metre

**રોકેલ કદ = 0.8303 cubic metre**

**2 જો નિરપેક્ષ તાપમાનનું મુલ્ય બમણું કરતા અને દબાણ અડધુ કરતા ગેસનું અંતિમ કદ શોધો.**

**જવાબ (Solution)**

પ્રારભિક દબાણ $= P_1$

પ્રારભિકકદ $= V_1$

પ્રારભિક તાપમાન $= T_1$

અંતિમ

$P_2$ = અંતિમ દબાણ

જો દબાણને પ્રારંભિક દબાણ કરતા અડધુ કરવામાં આવે તો

આપણે કહી શકીએ કે

$$P_2 = \frac{1}{2}P_1$$

$T_2$ = અંતિમ તાપમાન

જો તાપમાન બમણુ કરવામાં આવે તો કહી શકાય કે

$T_2 = 2T1$

V2 = વાયુનુ જરૂરી કદ = શોધવા માટે

સમીકરણ લાગુ પાડતા

$$\frac{P_1V_1}{T_1} = \frac{P_2V_2}{T_2}$$

$$V_2 = \frac{P_1V_1T_2}{T_1P_2}$$

$$= \frac{P_1V_1T_1}{T_1 \frac{1}{2}P_1}$$

$= 4V1$

V2 = 4V1

**અંતિમ કદ = પ્રારંભિક કદના 4 ગણુ**

**3 તળાવની સપાટીથી 40m ઊંડાઈનું દબાણ dyne/cm$^2$ માં શોધો જ્યા વાતાવરણના દબાણને અવગણો.**

**જવાબ (Solution)**

પાણીની સપાટીની ઊંડાઈ $\rho = 40$ m $= 4000$ cm

પાણીની ઘનતા $\rho = 1$ gram/cc

ગુરુત્વ પ્રવેગ g = 980 cm/sec$^2$

તળાવના પાણીની ઉંડાઈએ દબાણ શોધવા માટેનુ સમીકરણ

$= \rho.d.g$

દબાણ $= \rho.d.g$

$= 4000 \times 1 \times 980$

$= 3920000$ dyne/cm$^2$

**4 એક પાત્રમાં 5 વાતાવરણના દબાણે 0.2m$^3$ હવા ભરવામાં આવે છે. જો આ હવાને અચળ તાપમાને 1m$^3$ કદવાળા પાત્રમાં ભરવામાં આવે તો પાત્રમાં હવાનું દબાણ શોધો.**

**જવાબ (Solution)** અચળ તાપમાને વાયુમાં બોઈલનો નિયમ લાગુ પાડતા

$$P_1V_1 = P_2V_2$$

અહીં, $P_1 = 5$, $V_1 = 0.2m^3$, $V_2 = 1m^3$

$$P_1V_1 = P_2V_2$$

$$5 \times 0.2 = P_2 \times 1.0$$

$$P_2 = \frac{5 \times 0.2}{1.0} = 1$$

**પાત્રમાં હવાનુ દબાણ = 1 વાતાવરણીય (Atmosphieric)**

**5 બેરોમીટરમાં પારાની સપાટીનુ અવલોકન 76cm છે.**

**જો પારાની જગ્યાએ કેરોસીન બેરોમીટરમાં ભરવામાં આવે તો સપાટીનું અવલોકન શું રહેશે? જ્યા કેરોસીન ઓઈલની સાપેક્ષ ઘનતા 0.8 છે.**

જવાબ: ધારો કે મરક્યુરી ટ્યુબમાં કેરોસીનના સપાટીની ઊચાઈ h2 છે, તો કેરોસીનની સપાટીનુ દબાણ = પારાની સપાટીનુ દબાણ. ધારો કે પારાની આપેલ ઘનતા = 13.6

$$h_2 d_2 g = h_1 d_1 g$$

$$h_2 = \frac{h_1 d_1 g}{d_2} = \frac{h_1 d_1}{d_2}$$

$$= \frac{76x13.6}{0.8}$$

= 1292cm

**= 12.92 meteres**

**6 403 cc ગેસનું દબાણ 770mm છે. જો ગેસનું કદ 341cc કરવામાં આવે તો દબાણ કેટલુ થશે?**

જવાબ: બોઈલના નિયમ મુજબ

$P_1V_1 = P_2V_2$

770 x 403 = P1 x 341

P૧ = (૭૭૦ X ૪૦૩)/૩૪૧

જ્યારે કદ ઘટાડવામાં આવે ત્યારે દબાણ = 910mm

**7 80 cm ના દબાણે ગેસનુ કદ 800cm³ છે. જો ગેસનું કદ 200cm³ કરવુ હોય તો દબાણ કેટલુ વધારવુ પડે?**

દબાણ = 80cm

કદ V1 = 800 cu.cm (ઘનસેમી)

કદ V2 = 200 cu.cm (ઘનસેમી)

બોઈલના નિયમ મુજબ

$P_1V_1 = P_2V_2$

$80 x 800 = P_2 x 200$

$$P2 = \frac{80 x 800}{200} = \frac{640}{2} = 320 \text{ cm}$$

વધારવુ પડતુ દબાણ = 320 - 80 = 240cm

**= 2.4 metres**

**8 એક વાયુનું દબાણ 2 kg/cm² અને કદ 5m³ છે. જો દબાણ ઘટાડી 1 kg/cm² કરવામાં આવે અને તાપમાન અચળ રાખવામાં આવે તો વાયુનું કદ કેટલુ થશે?**

વાયુનું દબાણ $P_1$ = 2 kg/cm²

કદ $V_1$ = 5m³

દબાણ $P_2$ = 1 kg/cm²

બોઈલના નિયમ મુજબ

$P^1V^1 = P_2V_2$

$$V_2 = \frac{P_1 x V_1}{P_2} = \frac{2 x 5}{1}$$

**વાયુનુ કદ = 10m³**

**9 એક વાયુ 1.5kg/cm² ના દબાણે અને 20°C તાપમાને 0.2m³ કદ પ્રાપ્ત કરે છે. જો ગેસને 5kg/cm² દબાણ આપવાથી તેનુ કદ 0.03m³ થતુ હોય તો અંતિમ તાપમાન કેટલુ થશે?**

તાપમાન $T_1$ = 20°C = 20+273=293° kelvin

વાયુનુ કદ $V_1$ = 0.2 m³

વાયુનુ દબાણ $P_1$ = 1.5 kgf/cm²

= 1.5 x 10⁴ kgf/m²

કદ $V_2$ = 0.03m³

દબાણ $P_2$ = 5 kgf/cm²

= 5 x 10⁴kgf/m²

આદર્શવાયુ સમીકરણ મુજબ

$$\frac{P_1V_1}{T_1} = \frac{P_2V_2}{T_2}$$

$$T_2 = P_2V_2 x \frac{T_1}{P_1V_1}$$

$$= 5 x 10^4 x 0.03 x \frac{293}{1.5 x 10^4 x 0.2}$$

$$= \frac{43.95}{0.3}$$

$T_2$ =146.5 kelvin

=146.5-273

**વાયુનુ અંતિમ તાપમાન = -126.5°C**

**10. એક ટાયરમા × 0.14 kg હવા 2 kg/cm² દબાણ અને 27°C તાપમાન છે તો હવાનુ કદ cm³ માં શોધો.**

આપેલ પ્રશ્નમાં ગેજ પ્રેસર આપેલ છે. તેથી નિરપેક્ષ દબાણ માપવુ જરુરી બને છે. વાતાવરણનુ દબાણ = 1.033kg/cm²

નિરપેક્ષ દબાણ=ગેજ પ્રેશર+વાતાવરણનુ દબાણ

= 2 + 1.033

= 3.033kg/cm²

દબાણ = 3.033kg/cm²

= 3.033 × 10⁴ kg/m²

હવાનુ વજન m = 0.14kg

તાપમાન T = 27°C = 27+273

= 300° kelvin

વાયુ અચળાંક R = 29.27kgm kg/kelvin

અથવા 287 joule/kg/kelvin

આદર્શવાયુના સમીકરણ મુજબ

PV = mRT

$$\frac{0.14 \times 29.27 \times 300}{3.033 \times 10^4}$$

$$= \frac{1229.34}{30330} = 0.0405\ m^3$$

= 0.0405 x 106

હવાનુ કદ **= 40532 cm³**

## સ્વાધ્યાય A (Assignment A)

1 એક પાત્રમાં ૫ વાતાવરણના દબાણે 0.2m³ હવા ભરવામાં આવે છે જો એટલી જ હવાને અચળ તાપમાને 1m³ કદ વાળા પાત્રમાં ભરવામા આવે તો પાત્રમાં હવાનુ દબાણ શોધો.

2 403 cc ગેસનુ દબાણ 770 mm છે.જો ગેસનું કદ 341 cc કરવામાં આવે તો દબાણ કેટલું થશે?

3 100 cc કદ અને 1.5 kg/cm² દબાણવાળા પાત્રમાંથી વાયુને 200 cc કદ વાળા પાત્રમાં ભરવામાં આવે છે તો નવા પાત્રનુ દબાણ શોધો.

4 1 kg હવાનુ દબાણ 5 kgf/cm² છે, તો તેનુ 30°C નુ વાતાવરણનુ દબાણ અને 20°C પર વિસ્તરણ કરવા માટે જરૂરી કદ શોધો.

5 30°C તાપમાન અને 1.1 વાતાવરણના દબાણ વાળી 5 લિટર હવાનુ 1 લિટર અને 10 વાતાવરણ દબાણમાં સંકોચન કરતા, સંકોચન કરેલ હવાનુ અંતિમ તાપમાન શોધો.

## સ્વાધ્યાય B (Assignment B)

1 Fig 1




p = 1 bar

(Rho)p = 103kg/m³

g = 9.81 metre/sec

પાણી ની ઉંચાઈ

= __________metre

2 Fig 2




P=1 bar (air pressure)

Rho-'p'=13.6×103kgm³

g = 9.81 metre/sec²

પારાની ઉંચાઈ

= ____________Metre

3 Air pressure = 1bar

Force on 1cm² = _________ N

Force on 1metre² = __________N

4 Fig 3




Pressure head 'h' =

a) 540 mm

= ___________ m bar

b) 510 mm

= ___________ m bar

c) 615 mm

= ___________ m bar

5 Fig 4




નિરપેક્ષ દબાણ '$P_a$'

= 1.75 bar

બેરોમીટર નું રીડીંગ

= 1040 m bar

બહાર નું દબાણ'$P_0$'

= અઅઅ.pascal

6 Fig 5




બહારનું વાતાવરણીય દબાણ

P1 = 1010 m bar

બહાર નુ દબાણ '$P_0$' = 16 N/cm²

નિરપેક્ષ દબાણ

Pa = _________ m bar

7 Fig 6




બેરોમીટર રીડીંગ = 995 m bar

અંદર નું દબાણ Pu = 320 m bar

નિરપેક્ષ દબાણ '$P_a$' = અઅઅ. m bar

8




$P_o$ pressurehead = 450 mm

બેરોમીટર રીડીગ =1040m bar.

a) નિરપેક્ષ દબાણ =____ m bar

$P_0$= 500mm

$P_1$ = 1010 m bar

b) $P_a$ = _______ m bar

9




Pu = 540 mm

P1 = 1015 m bar

Pa = _________ M bar

Pu = 615 mm

P¬1 = 1.02 bar

Pa = _________ m bar

10




P0 = 1.5 bar

= ………. kN/m2

11




અંદર નું પ્રેસર

$P_0$ = 0.966 bar

Pressure drop = 0.08 bar

Final pressure = _ Bar

12

| bar | N/Cm² | mbar | Pascal |
|---|---|---|---|
| 1 | - | - | - |
| - | - | - | - |
| - | 5 | - | - |
| - | - | 1.3x10³ | - |
| - | - | - | 2x10⁵ |

13




$P_a$ = 2.2 bar

$P_u$ = ___________ bar

$P_0$ =____________Bar

14




Pressure head = 120 mn

Pressure = ____M bar

15




$P_1$ = 1 bar

$P_0$ = 220 mm head

$P_a$ = _________ m bar

16




$P_1$ = 1 bar

$P_u$ = 180 mm head

$P_a$ = _________m bar

17




બોઇલ નો નિયમ

સિલિન્ડર નું ઘન્ફળ

BDC – 400 ccs

સિલિન્ડર નું ઘનફળ

TDC – 50 ccs

દબાણનો ગુણોત્તર 8:1

નિરપેક્ષ દબાણ $P_1$ = 101.3 kpa

TDC નો દબાણ = ____.

NOTE : ધારોકે તાપમાન અચળ છે.

18




વ્હીલ નું દબાણ

બહાર ના વ્હીલ નું દબાણ = 1.8 બાર (bar)

અંદર ના વ્હીલ નું દબાણ = 2.2 બાર (bar)

ડ્રાઈવીંગ કરતાં પ્રેશરવધે = 15%

Overpressure

a) Front tyre ________ bar

b) Rear tyre ________ bar

19 Fig 17




Bourdon tube

Pressure gouge

Pressure shown by gauge = 500 kpa

Berometer pressure = 985 m bar.

નિરપેક્ષ દબાણ = ___kpa

20 Fig 18




ગેસ Equation

સીલીન્ડર નું ઘનફળ BDC = 480 $cm^3$ (ગેસ)

ગેસ નું પ્રેસર BDC = 96kpa (Abs)

ગેસ નું તાપમાન 700°C

સીલીન્ડર નું ઘનફળ TDC = 80$cm^3$ (ગેસ)

ગેસ નું પ્રેસર TDC = 725 kpa (Abs)

ગેસ નું તાપમાન TDC = ________

21 ટેબલ માં ખૂટતી સંખ્યા ગણો.

a data from running engine

| detail | A | B | C |
|---|---|---|---|
| Force(newtons) | x | 2380 | 5030 |
| dia (mm) | 83 | 78 | x |
| pressure bar | 42 | x | 10 |

b Areas

dia of piston = 84 mm

diston head area = _______

Tatal area for 6 piston heads = _______

c piston force.

Dia of piston (p) = 84 mm

Com bustion pressure (p) = 50 bar

Over pressure

Piston force fk = __________ newton

## C MCQ

1 એકમ ક્ષેત્રફળ દીઠ બળને શું કહે છે?

A દબાણ B બળ

C કાર્ય D શક્તિ

2 1 બાર બરાબર કેટલા પાસ્કલ થાય.

A $10^4$ B $10^5$

C $10^6$ D $10^7$

3 દબાણના નિયમનું નામ શું છે કે જે બાકીના પ્રવાહી માં કોઇ પણ તબક્કે દબાણ લાગુ કરવામાં આવે તો તે બધી દિશાઓમાં સમાન રૂપે પ્રસારિત થાય છે.

A બોઇલ B ચાલ્સ

C પાસ્કલ D ઓહમ

4 એક એટમોસ્ફેરીક પ્રેસરમાં મરક્યુરી ની ઉંચાઇ કેટ્લી હોય છે.

A 0.76cm B 0.076cm

C 7.6cm D 76cm

5 જ્યારે દબાણ અચળ હોય ત્યારે આપેલ ગેસ નુ દળ નુ તેના ઘનફળ અને નિરપેક્ષ તાપમાનના સમપ્રમાણમાં હોય છે.આ નિયમ નુ નામ જણાવો .

A ચાર્લ્સ નિયમ B બોઇલનો નિયમ

C ગેલ્યુસેક નિયમ D ન્યુટનનો નિયમ

6 પરફેક્ટ ગેસ ઇક્વેશન માટે નિરપેક્ષ તાપમાનના કયા ડિગ્રી સ્કેલ નો ઉપયોગ થાય છે.

A degree celsius (સેન્ટીગેટ)

B degree kelvin (કેલ્વીન)

C degree fehrenhit (ફેરનહીટ)

D degree reumer (રોમર)

7 બ્રહમાપ્રેસન ι કાર્યં માટે નો નિયમ કયો છે.

A બોઇલનો નિયમ B ચાર્લ્સ નિયમ

C પાસ્કલ નિયમ D ગેલ્યુસેક નિયમ

8 1 બાર બરાબર કેટલા મીલીબાર.

A 10 B 100

C 1000 D $10^5$

9 ગેસ પ્રેસર + વાતાવરીય દબાણ બરાબર.

A નિરપેક્ષ દબાણ B ગેજ પ્રેસર

C વેક્યુમ પ્રેસર D ઓવર પ્રેસર

10 એક વાતવરણીય દબાણ બરાબર કેટલા બાર.

A 0.1013 B 0.01013

C 10.13 D 1.013

## Key Answers

A

1 1 atmospheric

2 910mm

3 0.75 kg/cm2

4 0.8303 m3

5 278 °c

B

1 10.19 metre

2 0.746 metre

3 10 N ,105N

4 a 720 b 680 c 820

5 71000 Pascal

6 2610 mbar

7 675 mbar

8 a 1040 mbar b 1676 mbar

9 a 295 mbar b 200 mbar

10 150 KN/ $m^2$

11 1.88 bqr

12

| bar | N/$Cm^2$ | mbar | pascal |
|---|---|---|---|
| 1 | 10 | 1000 | $10^5$ |
| 20 | 200 | 20000 | $20 \times 10^5$ |
| 0.5 | 5 | 500 | $0.5 \times 10^5$ |
| 1.3 | 13 | $1.3 \times 10^3$ | $1.3 \times 10^5$ |
| 2 | 20 | 2000 | $2 \times 10^5$ |

13 1.2 bar , 0.4 bar

14 160 mbar

15 1290 mbar

16 760 mbar

17 બોઈલના નિયમ (અચળ તાપમાને)

પ્રેશર, TDC OF engine = 810.4 kpa (Abs)

18 વ્હીલ નુ દબાણ (ચાર્લ્સ નિયમ)

(a) over pressur in front wheeles = 2.07 bar

(b) over pressur in rear wheels = 2.53

19 Bourdon tube

નિરપેક્ષ દબાણ = 598.5kpa

20 Gas equation

Temperature at the end of compression = 196.5º c

21 a Force A =22.7245 newton

Diameter –c = 80 mm

Pressure –B = 5 bar over pressure.

b piston head area (Ak) = 55.42 $cm^2$

Total piston head area (6 cyclinder) = 332.51$cm^2$

c piston force = 25 /20 N

C MCQ

1 A

2 B

3 C

4 D

5 A

6 B

7 C

8 C

9 A

10 D

# બેઝીક ઈલેકટ્રીસીટી-ઈલેકટ્રીસીટીનો પરીચય અને ઉપયોગ, પરમાણુ, અણુઓ, ઈલેકટ્રીસીટી કેવી રીતે બનાવવામાં આવે છે. ઈલેકટ્રીકકરંટ AC, DC તથા તેમની સરખામણી, વોલ્ટેજ અને રેઝીટ્ન્સના એકમો. (Basic Electricity - Introduction and uses of electricity, molecule, atom, how electricity is produced, electric current AC,DC their comparison, voltage, resistance and their units) એક્સરસાઈઝ 1.7.33

ઈલેકટ્રીસીટી એનર્જીનો એક પ્રકાર છે. તે એક ખૂબ જ ઉપયોગી એનર્જીનો સ્ત્રોત છે. જે જોઇ શકાતો નથી, પરંતુ હાજરી તેની અ સરો દ્રારા અનુભવી શકાય છે. એનર્જીના બીજા સ્વરૂપ જેવા ક હીટ એનર્જી, કેમીકલ એનર્જી, ન્યુકિલર એનર્જી, મિકેનિકલ એનર્જી અને પાણીમાં સંગ્રહીત એનર્જી વગેરેને રૂપાંતરીત કરી ઈલેકટ્રીસીટી મેળવવામાં આવે છે.

ઈલેકટ્રીસીટીને સમજવા માટે એક અણુંના બંધારણને સમજવું ખૂબ જ જરૂરી છે.

સામાન્ય રીતે એક અણું ઈલેકટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન ધરાવે છે. પ્રોટોન અને ન્યુટ્રોન અણુના મધ્યમાં સ્થિર હોય છે. જયારે નેગેટીવ ચાર્જ ધરાવતા ઈલેકટ્રોન, ન્યુકિલરની આજુ-બાજુ પરીભ્રમણ કરે છે. પ્રોટોન પોઝીટીવ ચાર્જ ધરાવે છે. જયારે ન્યુટન તટસ્થ અને કોઇ ચાર્જ ધરાવતો નથી.

### ઈલેકટ્રીસીટીના સ્ત્રોત (Sources of electricity)

**બેટરી (Battery):** બેટરી કેમીકલ એનર્જીના સ્વરૂપમાં રહેલ ઈલેકટ્રીક એનર્જીને સંગ્રહીત કરે છે. અને તે જયારે પાવરની જરૂરીયાત હોય ત્યારે પૂરી પાડે છે. બેટરીનો ઉપયોગ ઓટોમોબાઈલ અને ઈલેકટ્રોનિકસમાં થાય છે.

### જનરેટર (Generator)

તે એકયંત્ર(મશીન) છે, કે જે મીકેનીકલ એનર્જીનું ઈલેકટ્રીકલ એનર્જીમાં રૂપાંતરકરે છે. જયારે પ્રાઈમમુવરના ઉપયોગ વડે કંન્ડકટર જયારે મેગ્નેટીક ફીલ્ડ (ચુંબકીય ક્ષેત્ર) માં ફરે છે. ત્યારે તેમાં ઈલેકટ્રોમોટીવ ફોર્સ(e.m.f) ઉત્પગ થાય છે. આ પધ્ધતિના ઉપયોગ દ્રારા બધા જ પ્રકારના AC અનેDC જનરેટર પાવર જનરેટ કરે છે.

દા.ત થર્મલ પાવરસ્ટેશન (Thermal Power Station)

હાઈડ્રો પાવરસ્ટેશન (Hydro Power Station)

ન્યુકલીયર પાવરસ્ટેશન (Nuclear Power Station)

વીન્ડ પાવરસ્ટેશન (Wind Power Station)

સોલર પાવરસ્ટેશન (Solar Power Station)

### થર્મોકપલ (Thermo couple)

જ્યારે બે વિભગ્ન ધાતુના ટુકડા ભેગા વાળવામાં આવે અને જોઇન્ટ થયેલ છેડાને ફલેમમાં ગરમ કરવામાં આવે તો વાયરના છેડા વચ્ચે પોટેન્શીયલ ડીફરન્સ અથવા વોલ્ટેજ ઈન્ડ્યુસ (ઉત્પગ) થાય છે. આવા ડીવાઈસને થર્મોકપલ તરીકે ઓળખવામાં આવે છે. ફર્નેશમાં ખુબજ ઉંચુ તાપમાન માપવા માટે થર્મોકપલ નો ઉપયોગ થાય છે.

### ઈલેકટ્રીક કરંટ (વીજપ્રવાહ) ની અસરો (Effects of electric current )

જયારે ઈલેકટ્રીક કરંટને કોઇ માધ્યમમાંથી પસાર કરવામાં આવે ત્યારે તેની હાજરી તેની અસરો વડે જાણી શકાય છે.જે નીચે મુજબ છે.

**1. ભૌતિક અસર (Physical effect)**

માનવશરીર વિધુતનું વાહક છે. જયારે શરીર કરંટ વહન કરતા કન્ડકટર (વાહક) ને સ્પર્શે ત્યારે કરંટ શરીર માર્ગ થઇને અર્થ થાય છે. ત્યારે શરીર તીવ્ર આંચકો (શોક) અનુભવે છે અથવા કેટલાક કિસ્સામાં મૃત્યુ પણ થાય છે.

**2. ચુંબકીય અસર (Magantic effect)**

જયારે કોઇલ માંથી ઈલેકટ્રીકકરંટ પસાર કરવામાં આવે ત્યારે તેની આજુબાજુ ચુબંકીયક્ષેત્ર બને છે.

દા.ત. ઈલેકટ્રોમેગ્નેટીક મોટર, જનરેટર, ઈલેકટ્રીક્બેલ

**3. રાસાયણિક અસર (Chemical effect)õ**

જયારે ઈલેકટ્રોલાઈટમાંથી ઈલેકટ્રીક કરંટ પસાર કરવામાં આવે ત્યારે રાસાયણિક પ્રકીયાને કારણે ઈલેકટ્રીક એનર્જી, કેમીકલ એનર્જી તરીકે બેટરીમાં સંગ્રહીત થાય છે.

દા.ત. ઈલેકટ્રોપ્લેટીંગ, સેલ અને બેટરીચાર્જીગ, ધાતુનું શુધ્ધિકરણવગેરે

**4. ગરમીની અસર (Heating effect)**

કોઇ પણ વાહકમાંથી ઈલેકટ્રીકકરંટ પસાર કરવામાં આવે ત્યારે વાહકના અવરોધને કારણે ગરમી ઉત્પગ થાય છે.દા.ત. ઈલેકટ્રીકહીટર, ઈલેકટ્રીકલઈસ્ત્રી, ઈલેકટ્રીકલેમ્પ, ગીઝર, સોલ્ડરીંગઅ ર્યન, ઈલેકટ્રીકકીટલી, ઈલેકટ્રીકવેલ્ડીંગ

**5. ક્ષ-રે અનેલેઝર- રે ની અસર (X-ray and laserrays effect)**

જયારે હાઈફીકવન્સી વોલ્ટેજને વેક્યુમ ટ્યુબમાંથી પસાર કરવામાં અ ાવે છે. ત્યારે એક સ્પેશયલ પ્રકારના કિરણો બહાર આવે છે. જેને જોઇ શકાતા નથી. આવા કિરણોને એકસ-રે કહેવામાં આવે છે. ક્ષ-કિરણો પણ ઈલેકટ્રીકકરંટ વડે ઉત્પગ કરવામાં આવે છે.

**6. ગેસ(વાયુ)ની અસર (Gas effect)**

જયારે ગેસ ભરેલા શીલ્ડકાંચના સેલમાંથી ઈલેકટ્રોન્સને પસાર કરવામાં આવે તો તે પ્રકાશિત કિરણો ઉત્સર્જિત કરે છે.

દા.ત. મરકયુરી વેપર લેમ્પ, સોડિયમ વેપર લેમ્પ, ફલોરોશન્ટ લેમ્પ, નીયોન લેમ્પ વગેરે.

### ઈલેક્ટ્રીસીટીના ઉપયોગ (Uses of electricity)

1. લાઈટીંગ – લેમ્પ
2. હીટીગ – હીટર ઓવન
3. પાવર – મોટર ફેન
4. ટ્રેકશન – ઈલેક્ટ્રોમોટીવ, લીફ્ટ, ફેન
5. કોમ્યુનીકેશન – ટેલીફોન, ટેલીગ્રાફ, રેડિયો, વાયરલેસ
6. એન્ટરટેઇનમેન્ટ – સીનેમાં, રેડિયો, ટીવી
7. મેડીકલ – એકસરે ,શોકટ્રીટમેન્ટ
8. કેમીકલ – બેટરી ચાર્જીગ, ઈલેક્ટ્રોપ્લેટીંગ
9. મેગ્નેટીક – ટેમ્પરરી મેગ્નેટસ
10. એન્જીનીયરીંગ – મેગ્નેટીકચકસ, વેલ્ડીંગ, વેલ્ડીગના એકસરે

### વર્ગીકરણ (Classification)

- સ્થિર વિધુત (Static electricity)
- ગતિશીલ વિધુત (Dynamic electricity)

### સ્થિર વિધુત (Static electicity)

જયારે સૂકા કાચના સળિયાને રેશમના કપડા સાથે ઘસતા કાચના સળિયામાંથી નેગેટિવ (-) ઈલેકટ્રોન બહાર આવે છે. તેથી તે ચાર્જવાળો બને છે. રેશમનું કાપડ નેગેટીવ ઈલેકટ્રોન મેળવે છે. અને તે નેગેટીવ ચાર્જવાળું બને છે. તેથી તેઓ કાગળના ટુકડાઓને આકર્ષવાનો ગુણધર્મ મેળવે છે. કારણકે સમાનપોલ વચ્ચે અપાકર્ષણ અને અસમાન પોલ વચ્ચે આકર્ષણ થાય છે. રેશમના કપડા પરનો ઈલેકટ્રીક ચાર્જ સ્થાયી હોય છે. તેથી તેને સ્થિર વિધુત તરીકે ઓળખવામા આવે છે. આ પ્રકારની વીજળી ને એક જગ્યાએથી બીજી જગ્યાએ વહન કરી શકતી નથી.

### ગતિશીલ વિધુત (Dynamic electricity)

ગતિશીલ ઈલેકટ્રોન્સને કરંટ ઈલેકટ્રીસીટી અથવા ઈલેકટ્રીક કરંટ કહેવામા આવે છે. આવા પ્રકારની ઈલેકટ્રીસીટીનું વાયર કેબલ દ્વારા વહન કરવામા આવે છે. તેથી આ પ્રકારની વીજળીને એક જગ્યાએથી બીજી જગ્યાએ વહન કરી શકાય છે. આ પ્રકારની ઈલેકટ્રીસીટી સેલ, બેટરી, જનરેટર ઓલ્ટરનેટર વગેરેથી મેળવવામાં આવે છે.

અણુ અને તત્વ વચ્ચેશું તફાવત છે? પરમાણું કેવી રીતે અણુ કરતા અલગ પડે છે? હું હંમેશા આ પ્રશ્ન થોડા સમયના અંતરે પૂછતો રહ્યો છું તેથી છેલ્લે મે આ ફકરાના માધ્યમ દ્વારા તે જણાવવાનું નક્કી કર્યુ. દરેક પ્રશ્નોના જવાબ આ ફકરામા (ભાગમાં) દર્શાવ્યા છે. જે વિધાર્થીને અણુ , તત્વ અને પરમાણુના સંબંધો વિશેની સમજણ તથા તફાવત, બંધારણ અને મિશ્રણને સરળતાથી સમજાય તે રીતે દર્શાવ્યું છે. તેથી ચાલો શરૂ કરીએ!

### અણુ શું છે? (What is an Atom?)

બ્રહ્માંડમાં તમામ પદાર્થ અણુના નાનામાં નાના ભાગથી બનેલું હોય છે. આ નાનામા નાના ભાગ ને અણુ કહે છે. તેના બંધારણમાં જુદા-જુદા 92 પ્રકારના અણુનો સમાવેશ થાય છે. જે 92 પ્રકારના અણુઓ જુદા-જુદા પ્રકારના અણુઓ સાથે મળીને નવા બંધારણની રચના કરે છે. (Fig 1)

સોનુ, કે જે ફક્ત સોનાના અણુ દ્વારા જ બને છે.જ્યારે અણુઓ ફક્ત એકજ અણુ વડે બનેલો હોય ત્યારે તેને પદાર્થ કહેવાય છે.તેવી જ રીતે ચાંદી પણ ફક્ત ચાંદીના અણુઓ વડે જ બનેલુ હોય છે. કારણ કે જુદા-જુદા 92 અણુઓના બંધારણ છે તેથી 92 પ્રકારના પદાર્થ તૈયાર થાય છે. જેમનું ઉદાહરણ K (પોટેશિયમ) અને Fe (આર્યન) છે.

Fig 1



WSCN173311

### પરમાણુ શું છે? (What is a Molecule?)

પરમાણુ એ રાસાયણિક સંયોજનનું સૌથી નાનું એકમ છે. અને તે ચોક્કસ સંયોજનના સમાન રાસાયણિક ગુણધર્મ ધરાવે છે. પરમાણુના જોડાણથી અણુ બને છે.જેમ રસાયણનું સંયોજક એકસરખી રીતે તથા એકસરખા ક્દના જોવા મળે છે. ઓક્સિજન જે $O^2$ ના પરમાણુના સમીકરણ વડે બનાવાય છે ત્યારબાદ આપણે તેને પદાર્થ અથવા સંયોજક કહે છે. જ્યારે બે અથવા તેના કરતા વધારે અણુઓ એકસમાન પદાર્થ પર જોડેલા હોય ત્યારે તેને તેના પરમાણુ કહેવાય છે. તેથી $O^2$ ને ઓક્સિજનનુ પરમાણુ કહેવાય છે. તેવી જ રીતે હાઇડ્રોજનના પરમાણુ $H^2$ ક્લોરીનના પરમાણુ અને તેના બંધારણ મુજબ ઘણા બધા કુદરતી રીતે મળે છે.

### ઈલેકટ્રીક કરંટના પ્રકાર (Types of electric current)

- ડાયરેકટ કરંટ (Direct current)
- ઓલ્ટરનેટીંગ કરંટ (Alternating current)

### ડાયરેકટ કરંટ (Direct current)

ડાયરેક્ટકરંટ ( વિધુત ) ના પ્રવાહનું મુલ્ય અને દિશા બદલાતા નથી (Fig 2) તે એકસરખો વહે છે.વિધુત પ્રવાહ પોઝેટીવ ટર્મીનલ થી નેગેટીવ ટર્મીનલ તરફ ગતિ કરે છે. (Fig-3)

ઉદાહરણ (Examples)

DC સ્ત્રોત : સેલ,બેટરી અને જનરેટર (Fig 3)

Fig 2




DIRECT CURRENT (GRAPHIC REPRESENTATION)

WSCN173312

Fig 3




CURRENT FLOWS FROM +VE TERMIINAL TO -VE TERMINAL

DIRECT CURRENT (D.C)

WSCN173313

ઓલ્ટરનેટીંગ કરંટ (Alternating current) (Fig 3)

વિધુત પ્રવાહ ફેઝટર્મીનલથી ન્યુટન તરફ ગતિ કરે છે. ઓલ્ટરનેટીવ કરંટના પ્રવાહનું મુલ્ય અને દિશા ચોક્કસ સમય મર્યાદામાં બદલાયા કરે છે. કેવી રીતે એ.સી કરંટ અથવા વોલ્ટેજ સમયની સાથે બદલાય છે. તે ગ્રાફ દ્વારા જોઇ શકાય છે. વિધુત પ્રવાહ એક દિશામાં શૂન્યથી વધીને મહત્તમ મુલ્ય સુધી પહોંચ્યા બાદ ફરી શૂન્ય થાય છે. તે જ રીતે વિરુધ્ધ દિશા શૂન્યથી વધીને મહત્તમ મુલ્ય સુધી પહોંચ્યા બાદ ફરી શૂન્ય થાય છે. વિધુત પ્રવાહ ના આ બદલાવ ને એક સાયકલ કહેવામાં આવે છે. સામાન્ય ફ્રિક્વન્સી ૫૦ સાયકલ/સેકન્ડ છે.

Fig 4



ALTERNATING CURRENT OR VOLTAGE

| AC | DC |
|---|---|
| 1. તે 6,600V, 11000V અને 33,000V ની રેન્જમાં ઉત્પન્ન થઇ શકે છે. | તે ફક્ત 6,600V ઉત્પન્ન કરી શકે છે. |
| 2. વોલ્ટેજ ને ટ્રાન્સફોર્મર ના ઉપયોગ વડે વધારી કે ઘટાડી શકાય છે. | તે શક્ય નથી. |
| 3. ટ્રાન્સમીશન માટેની ખર્ચ ઓછો હોય છે. | વધુ ખર્ચાળ |
| 4. મેન્ટેનન્સ ઓછું | વધુ મેન્ટેનન્સ |
| 5. એક ઓલ્ટરનેટમાં 5,00,000KW પાવર ઉત્પન્ન કરી શકાય છે. | સીંગલ જનરેટરમાં 10,000KW પાવર ઉત્પન્ન કરી શકાય છે. |
| 6. AC જનરેટરઊંચી ઝડપથી ચાલે છે, તેથી ઝડપનું નિયંત્રણ કરવું સરળ નથી. | તે ઉંચી ઝડપથી ચાલતુ નથી, ઝડપનુ નિયંત્રણ કરવું સહેલું છે. |
| 7. સ્લીપરીંગ અને બ્રશનો ઉપયોગ પ્રવાહ એકત્રીતકરવા માટે થાય છે. | કોમ્પ્યુટર અને બ્રશનો ઉપયોગ પ્રવાહ એકત્રીતકરવા માટે થાય છે. |

**એ.સી. ના ફાયદા (Advantages of A.C)**

i ટ્રાન્સમીશનમાં કોપર(તાંબા) વાયરમાં બચત થાય છે.

ii એ.સી. મશીનમાં કોઇ તણખા (સ્પાર્ક) થતો નથી. આથીરેડિયો સાઉન્ડમાં કોઈ પણ પ્રકારની દખલગીરી શક્ય નથી.

iii આના વડે સૌથી વધારે વોલ્ટેજ ઉત્પન્ન કરી શકાય છે. દા.ત. 33000 volts (વોલ્ટ).

iv ટ્રાન્સફોર્મર વડે વોલ્ટેજ ઘટાડી કે વધારી શકાય છે.

v તેનું મીકેનીઝમ (રચના તંત્ર) સરળ અને સસ્તુ હોય છે.

vi એક કરતા વધારે ફેઈઝ હોવાના કારણે આઉટપુટ વધારે મળે છે.

**એ.સી. ના ગેરફાયદા (Disadvantages of A.C.)**

i સીંગલ ફેઈસ મોટર સેલ્ફસ્ટાર્ટહોતા નથી.

ii એ.સી. ના પાતળા વાયરને કારણ`વોલ્ટેજ ડ્રોપ વધારે હોય છે.

iii તેનો ઉપયોગ ઈલેક્ટ્રોપ્લેટીંગ અને સેકન્ડરી સેલ ને ચાર્જ કરવા થઇ શકતો નથી.

iv તેના વડે ચાલતી મોટરની સ્પીડ બદલવી મુશ્કેલ છે.

v હાઇ( વધુ ) વોલ્ટેજના કારણે સલામતી માટે જોખમી હોય છે.

**વિધુતની વ્યાખ્યા અને એકમો (Electrical terms and unit)**

**Quantity of electricity**

એક સેકન્ડમાં વાહકના આડ છેદ માંથી વહેતો ઇલેક્ટ્રીક ચાર્જનો જથ્થો કોઇ પણ વાહકમાં કરંટની સ્ટ્રેન્થ ( તાકાત) બરાબર હોય છે. જો ક્ક્Qક્ ચાર્જ હોય અને ક્કtક્ લીધેલ સમય હોય ત્યારે

Then $I = \frac{Q}{t}$ $\qquad Q = It$

કરંટનો S.I એકમ કુલંબ છે એ 6.24 x $10^{18}$) ઈલેક્ટ્રોન્સના વિધુતભાર બરાબર છે.

**કુલંબ (Coulomb)**

કોઈપણ ઈલેક્ટ્રીકસર્કીટ 1 એમ્પીયરનો કરંટ (વીજપ્રવાહ)૧સેકન્ડમાં પસાર થાય તેને એક કુલંબ કહેવામાં આવે છે. તેને એમ્પીયર સેકન્ડ **(Ampere second (AS))** પણ કહેવામાં આવે છે. તેનો મોટો એકમ એમ્પીયર અવર છે. **(ampere hour(AH))**

| |
|---|
| 1AH = 3600AS (or) 3600 coulomb |

**વિધુત ચાલક બળ (Electro motive force (EMF))**

તે એક એવા પ્રકારનું બળ છે. જે વિધુત દબાણ અથવા પોટેન્શીયલ ના તફાવતનેકારણેકોઈપણ બંધ સર્કીટમાં મુક્ત ઈલેક્ટ્રોન્સને ગતિ

આપે છે. તેને 'E' વડે દર્શાવવામાં આવે છે. અને તેનો એકમ વોલ્ટ (volt) છે.

**પોટેન્શીયલ ડીફરન્સ (Potential difference (P.D))**

તેસર્કીટ ના બે છેડા વચ્ચે માપવામાં આવતો ઈલેકટ્રીક પોટેન્શીયલ નો તફાવતછે. પોટેન્શીયલ નો તફાવત હંમેશા વિધુત ચાલકબળ કરતા ઓછો હોય છે. સપ્લાય વોલ્ટેજને પોટેન્શીયલ ડીફરન્સ તરીકે ઓળખવામાં આવે છે. તેને v વડે દર્શાવવામાં આવે છે.

**વોલ્ટેજ (Voltage)**

તે બે લાઇન અથવા ફેઇઝ અને ન્યુટ્રલ વચ્ચેનો ઇલેક્ટ્રીક પોટેન્શીયલ છે. તેનાં એકમ વોલ્ટ છે. વોલ્ટમીટરનો ઉપયોગવોલ્ટેજ માપવા માટે થાય છે. અને તેને સપ્લાય અને ટર્મીનલ વચ્ચે સમાંતર જોડવામાં આવે છે.

**વોલ્ટ (Volt)**

જ્યારે 1 (ampere) એમ્પીયરનો પ્રવાહ 1 (ohm) ઓહમના અ વરોધમાંથી પસાર કરવામાં આવે ત્યારે પોટેન્શીયલ ડીફરન્સ 1 (volt) વોલ્ટ છે. તેમ કહી શકાય.

**વિજપ્રવાહ (Current)**

કોઇ પણ સુવાહક માંથી પસાર થતા ઈલેક્ટ્રોન્સના પ્રવાહને વિજ પ્રવાહ તરીકે ઓળખવામાં આવે છે. તેને વડે દર્શાવાય છે. તેનો એકમ એમ્પીયર છે. એમીટરનો ઉપયોગ કરંટ માપવા માટે થાય છે.

**એમ્પીયર (Ampere)**

જ્યારે કોઇ પણ વાહક્ના આડછેદ વચ્ચેથી 1 સેકન્ડમાં $6.24 \times 10^{18}$ ઈલેક્ટ્રોન્સ વહન કરે, તેને 1 એમ્પીયરનો કરંટ (વિજપ્રવાહ) કહેવામાં આવે છે. અથવા વાહકના બે છેડા વચ્ચે પોટેન્શીયલ ડીફરન્સ ૧ વોલ્ટ અને અવરોધ (રઝિસ્ટન્સ) ૧ ઓહમ હોય ત્યારે તેમાં પસાર થતો કરંટ વીજપ્રવાહ ૧ એમ્પીયર છે. એમ કહેવાય.

**અવરોધ (Resistance)**

પદાર્થનો એક અવો ગુણધર્મ કે જે તેમાંથી વહેતા કરંટ (વિજપ્રવાહ) ને અવરોધે, તેને અવરોધ (રેઝિસ્ટન્સ) કહેવામાં આવે છે. તેથી સંજ્ઞા R છે. તેનો એકમ ઓહમ છે. Symbol:R, unit:ohm (Ω) અવરોધ (રેઝિસ્ટન્સ) માપવા ઓહમીટરનો ઉપયોગ થાય છે.

**ઓહમ (Ohm)**

જો વાહકના બે છેડા વચ્ચે પોટેન્શીયલ ડીફરન્સ 1 વોલ્ટ અને તેમાં પસાર થતો કરંટ(વીજપ્રવાહ) 1 એમ્પીયર હોય, ત્યારે વાહકનો અ વરોધ(રેઝિસ્ટન્સ) 1 ઓહમ છે એમ કહેવાય.

અવરોધના નિયમો (Laws of Resistance)

વાહકનો અવરોધ નીચે દર્શાવેલ પરિબળ પર આધાર રાખે છે.

Fig 5




વાહકનો અવરોધ (The resistance of the conductor)

1 વાહકની લંબાઇ સાથેસીધો સંબંધ ધરાવે ($R \alpha L$) છે.

2 વાહકના આડ છેદના વ્યસ્ત પ્રમાણમા હોય છે. ($R \propto \frac{1}{A}$)

3 વાહકના મટીરિયલ પર આધાર રાખે છે.

4 વાહકના તાપમાન પર આધારરાખે છે.

$$R \propto L;\ R \propto \frac{1}{A}; R \propto \frac{L}{A}; R = P\frac{L}{A}$$

**વિશિષ્ટ અવરોધ (Specific Resistance)**

પદાર્થ નો વિશિષ્ટ અવરોધ એ એકમ કદના પદાર્થની વિરૂધ્ધ બાજુઅ ો વચ્ચેથી પસાર થતા કરંટ (વીજપ્રવાહ)ને લગતો અવરોધ છે. વિશિષ્ટ અવરોધ, ઓહમ-મીટર (ohm-m) અથવા માઇક્રો ઓહમ સેમીમાં (microohm-cm) મપાય છે.

દરેક પદાર્થ નો પોતાનો વિશિષ્ટ અવરોધ અથવા અવરોધકતા હોય છે.

E.g

તાંબુ (Copper)-1.72 μΩ, ચાંદી (Silver) -1.64μΩcm, યુરેકા (Eureca) -38.5μΩcm, લોખંડ (Iron) -9.8μΩcm, એલ્યુમિનિયમ

(Aluminium) 2.8μΩcm, નિકલ (Nickel) - 7.8μΩcm.

$R = \frac{QL}{A}$ ohm cm

R = અવરોધ ohm મા x (Resistance in ohm)

l = વાહકની લંબાઇ સે.મી.મા x (Length of the conductor in cm)

r = વિશિષ્ટ અવરોધ ઓહમ સે.મી.મા x (Specific Resistance in ohm cm)

(symbol pronounced as rho)

A = આડ છેદનું ક્ષેત્રફળ (Area of cross-section in $cm^2$)

# બેઝીક ઈલેક્ટ્રીસીટી - સુવાહક - અવાહક, જોડાણના પ્રકાર, શ્રેણી અને સમાંતર (Basic electricity - Conductor, insulator, types of connections - series and parallel)

## એક્સરસાઈઝ 1.7.34

**સુવાહકો (Conductors)**

કેટલાક પદાર્થો અને ધાતુઓ માં વિધુતપ્રવાહને વહેવા માટે જગ્યા હોય છે. આ પ્રકારના પદાર્થોને સુવાહક કહે છે. જેમા ઈલેક્ટ્રોન સહેલાઈથી એક અણુમાંથી બીજા અણુમાં પસાર થાઇ છે.

**સુવાહકના ગુણધર્મો (Propreties of conductors)**

સાચા સુવાહકના ગુણધર્મો નીચે મુજબ હોય છે.

**વિધુતીય ગુણધર્મો (Electrical properties)**

- વાહકતા સારી જ હોવી જોઈએ.
- વિધુતઊર્જા ઉષ્માના રૂપમા ઓછી ખર્ચાવી જોઈએ.
- અવરોધકતા ઓછી જ હોવી જોઈએ (વોલ્ટેજ નો વ્યય અને ડ્રોપ ઓછો કરવા).
- તાપમાન વધતાની સાથે અવરોધમાં વધારો ઓછો જ હોવો જોઈએ.

**યાંત્રીક ગુણધર્મો (Mechanical properties)**

- તન્યતા-પાતળા વાયરમાં આ ગુણધર્મો હોવા જોઈએ.
- સોલ્ડ્રીં ક્ષમતા: જોડાણને સૌથી ઓછો અવરોધ હોવો જોઈએ.
- કાટ સામેની અવરોધકતા: બહાર વાપરવામાં આવે ત્યારે કાટ ન લાગવો જોઈએ.
- દબાણ અને તાણ સામે સહન કરવાની ક્ષમતા.
- ફેબ્રિકેટ કરવામાં સરળ હોવુ જોઈએ.

**આર્થિક ઘટકો (Economical Factors)**

- નીચી કિંમત.
- સરળતાથી મળી રહે.
- ઉત્પાદન સરળ હોવું જોઈએ.

**સુવાહકનુ વર્ગીકરણ (Classification of conductors)**

સુવાહક(conductors)

| ધાતુ (Metallic) | વિધુત (Electrolytic) | વાયુ (Gaseous) |
|---|---|---|

સૌથી સારી સુવાહક ધાતુ (મેટાલિક) છે. સામાન્ય રીતે વિધુતીય સાધનો અને મશીનમાં નીચે પ્રમાણેના સુવાહકો વપરાય છે.

**ચાંદી (Silver)**

તે નરમ અને ટીપીને આકારમાં બનાવી શકાય તેવી ધાતુ છે. સારા સુવાહક હોવા છતા પણ તેનો ઉપયોગ ઓછો થાય છે, કારણ કે તેની કિમત વધુ છે.

**તાંબુ (Copper)**

તે સૌથી સારો સુવાહક છે. તેને ટીપીને આકાર આપી શકાય અને ખેંચીને તાર બનાવી શકાય છે. અને ભેજ ને લીધે થતા કાટ સામે પણ ઊંચો અવરોધ ધરાવે છે. આથી તેનો મોટા ભાગે વાયર, કેબલ, ઓવરહેડ સુવાહક, બુસબાર્સ અને જુદા-જુદા વિધુતીય સાધનોના સુવાહક ભાગો બનાવવા થાય છે.

**એલ્યુમિનિયમ (Aluminium)**

વજનમાં હલકો છે. તેને પણ ખેંચીને તાર બનાવી શકાય છે. ટીપીને આકારો આપી શકાય છે. અને વિધુતના સારા સુવાહક છે. હાલ તેનો સૌથી વધુ ઉપયોગ વાયર અને કેબલ બનાવવા થાય છે. બધા એલ્યુમિનિયમ ના સુવાહકો (AAC) AllAluminium conductors અને એલ્યુમિનિયમ સુવાહક સ્ટીલરૈનફોર્સ (ACSR) Aluminiumcoductors (steel Reinforced) નોઉપયોગ ઓવર હેડ અને ટ્રાન્સમીશન લાઈનમાં થાય છે. તાંબા અને એલ્યુમિનિયમની વધુ માહિતી માટે ઈલેક્ટ્રીકલ ટ્રેડના નોન-ફેરસ મેટલ અને ઓલોય (મિશ્ર ધાતુ)ના ટોપીકમાં જોવું.

**અવરોધ વાયર (Resistance wires)**

ચોક્કસ પ્રકારના ઉપયોગ માટે આ પ્રકારના ઊંચા અવરોધ વાળા સુવાહક વપરાય છે. જેવા કે પ્રકાશીત લેમ્પ,ઉષ્મીય

ઘટક વગેરેમાં નીચે થોડા ઉ.દા. આપેલ છે.

| | | |
|---|---|---|
| 1 ટંગસ્ટન | 2 નિક્રોમ | 3 યુરેકા |
| 4 જર્મનસિલ્વર | 5 મેંગેનીઝ | 6 પ્લેટિનમ |
| 7 મરક્યુરી (પારો) | 8 કાર્બન | 9 બ્રાસ |

ધાતુના અવરોધોની કિંમત તાપમાનના વધવાની સાથે વધે છે.

**અવાહકો (insulators)**

**વર્ણન (Description)**

આ એક પ્રકારનો પદાર્થ છે. જે ઉંચો અવરોધ ધરાવે છે જેથી પસાર થતો કરંટ ખૂબ જ ઓછો અવગણી શકાય તેવો હોય છે. આ પદાર્થ ખૂબ જ ઊંચો અવરોધ ધરાવે છે સામાન્ય રીતે મેગા ઓહમ (1 megaohm=$10^6$ ohms)per centimeter cube.અવાહક પદાર્થ પાસે ડાયઈલેક્ટ્રીક સ્ટ્રેન્થ ઊંચી હોય છે એનો અર્થ એ છે કે તેના પર ઊંચા વોલ્ટેજ નો ઉપયોગ થાય તો પણ તે તુટતો નથી.

**અવાહક પદાર્થના ગુણધર્મો (Properties of insulators)**

સારા અવાહક પદાર્થ માટેની મુખ્ય જરૂરીયાતો:

- ઊંચા વિશિષ્ટ અવરોધના (ઘણા Mega ohm/cm cube) કારણે લીકેજ પ્રવાહ અવગણી શકાય તેટલી કિંમત સુધી ઘટે છે.
- સારી ડાય ઈલેક્ટ્રીક શક્તિ નો અર્થ એ થાય કે તેનો બ્રેક ડાઉન વોલ્ટેજ ઉંચો હોય છે. (તેને કિલો વોલ્ટ/મી.મી માં દર્શાવાય છે.)

- તાણ અને દબાણમાં સારી મિકેનિકલ સ્ટેન્થ(યાંત્રીક મજબૂતાઈ) ધરાવે છે. (કાર્ય દરમ્યાન તેના પર લાગતા દબાણનો આવરોધ છે.
- તાપમાન વધવાની સાથે તેની ગુણવત્તામાં ખૂબ જ ઓછો ઘટાડો થાય છે.(અવાહક પદાર્થોનાં ગુણધર્મોમાં તાપમાન વધવાની સાથે ગુણવત્તામાં બદલાવ આવતો નથી. દા.ત. જ્યારે વિધુતયંત્રો લોડ કરવામાં આવે છે.)
- જ્યારે ભેજવાળા વાતાવરણની સ્થિતિ હોય ત્યાર ભેજ શોષાતો નથી(અવાહક ગુણધર્મોમાં ખાસ કરીને વિશિષ્ટ અવરોધ અને ડાય ઈલેક્ટ્રીક સ્ટેન્થ એ થોડા જ પ્રમાણના ભેજમાં શોષાય છે. અને ઘટે છે.

**અવાહકોનુ વર્ગીકરણ (Classification of insulators) (Fig1)**

Fig 1




CLASSIFICATION OF INSULATORS

હવાએ વાયુસ્વરૂપના અવાહકનુ ઉદાહરણ છે. બીજા ઉદાહરણમાં હાઇડ્રોજન, નાઇટ્રોજન અને આંતરિક વાયુઓ છે.

**પ્રવાહી અવાહકો (Liquid insulators)**

ખનીજ તેલ સિન્થેટીક પ્રવાહી રેઝિન અને વર્નિશ વગેરે પ્રવાહી અ વાહકો છે.

**ટ્રાન્સફોર્મર તેલ (Transformer oil)**

ટ્રાન્સફોર્મરમાં તેલ અવાહક તરીકે વપરાય છે અને ટ્રાન્સફોર્મરના વાઈન્ડીંગને ઠંડુ કરવા માટે પણ વપરાય છે. જેથી ટ્રાન્સફોર્મર તેલ એ સૂકું અને ચોખ્ખુ હોવુ જરૂરી છે કારણ કે ભેજની હાજરીના કારણે તેલની ડાય ઈલેક્ટ્રીક સ્ટ્રેન્થ ઘટે છે.

**ટ્રાન્સફોર્મર તેલનો હેતુ (Purpose of transformer oil)**

- ગરમી પ્રસરણની પ્રક્રિયા વડે વાઈન્ડીંગ અને કોર થી કુલિંગ સપાટીઓ સુધી ગરમીનુ કરવા
- ઈન્સ્યુલેશનનુ વાઈન્ડીંગ મેઈન્ટેન કરવા અને વાઈન્ડીંગમાં થતા ફોલ્ટના કારણે લાગતી આગ ઓલાવવા માટે.

**સાવચેતી (Precaution)**

હવા અને તાપમાનના ઓક્સિડેશનના કારણે તળીએ બેસી જતા સ્લેજ (કચરો)ના કારણે ટ્રાન્સ્ફોર્મર ઓઈલની ઈન્સ્યુલેટીંગ કિંમતમાં ઘટાડો થાય છે. ઓક્સિડેશન ઘટાડવા ઓઈલને હવા સાથે ભેગુ થવા દેવુ નહીં(ઓઈલને હવા થી દુર રાખવું)

એસિડ અને આલ્કલીની હાજરીને કારણે પણ સ્લજ ઉત્પન્ન થાય છે.

**સ્લજ વિશેની માહિતી (Sludge tormation)**

- ગરમીના પ્રસરણનો દર ઘટાડવા
- સ્લજ (કચરો)ના કારાણે બ્લોક થતી નળીઓ
- ઓપરેટીગ તાપમાન વધારવા

તેલમાં ભેજને અંદર આવતો અટકાવવા માટે બધા પ્રયોગના સાધનો ને વ્યવસ્થિત બનાવવા અને કેલ્શિયમ ક્લોરાઈડ, સિલિકા જેલ અને પાતળી પટ્ટીઓઉપયોગકરવો.

**ISI સ્ટાન્ડર્ડ મુજબ ટ્રાન્સફોર્મર ઓઈલની ચકાસણી (Testing of transformer oil as per ISI standard) (Fig 2)**

ડાય ઈલેક્ટ્રીકસ્ટ્રેન્થ ચકાસણી (Refer to Fig 2) : ઓઈલ એ ઈલેક્ટ્રોડથી 40mm ઉપર અને 40mm નીચે હોવુ જોઈએ. બે ઈલેક્ટ્રોડ વચ્ચેનુ અંતર ૪mm હોવુ જોઈએ(±૦.૦૨mm)

સ્ટેપ-અપ ટ્રાન્સફોર્મર વડે ઊંચા વોલ્ટેજ ઈલેક્ટ્રોડ પર પસાર કરવામાં આવે છે અને જ્યા સુધી તણખલા ન થાય, ત્યાં સુધી તેને વધારવામાં આવે છે. જ્યારે સ્પાર્ક થાય છે, ત્યારે વોલ્ટેજ મીટર વડે વોલ્ટેજ નોંધવામાં આવે છે. આ વોલ્ટેજ તેલના બ્રેકડાઉન વોલ્ટેજ અથવા તેલની ડાય ઈલેક્ટ્રીક સ્ટ્રેન્થ કહે છે અને આ મહત્તમ વોલ્ટેજ પર ટકી રહેવાની તેલની અંતિમ સ્થિતિ છે.

Fig 2




APPARATUS FOR TRANSFORMER OIL TESTING

ISI સ્પેશિફિકેશન અનુસાર ૧૩mm ના ડાયામીટર વાળા ઈલેક્ટ્રોડસ સાથે ઓઈલ(તેલ) ના 1 મિનિટમાં 40V સાથે, (4mm±0.02mm) જેટલા ગેપ સાથે ઓઈલ સ્થિર રહેવા સક્ષમ હોય છે.

ભેજની કસોટી (moisture test): આ કસોટીમાં તેલના નમુનાને બંધ વાહનમાં 15 - 25° સુધી ઠંડુ પાડવામાં આવે છે. પછી 12.5mm વ્યાસ અને ૧૨૫mm લંબાઈ ધરાવતી સુકી ટેસ્ટ ટ્યુબ લેવામા આવે છે અને તેમાં ચોક્કસ તેલનો જથ્થો રાખવામાં આવે છે. ટ્યુબમાં રહેલ તેલને ઈલેક્ટ્રીક હીટર વડે ઉકળવા માંડે ત્યાં સુધી ગરમ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં તેલથી તિરાડો પડતી નથી.

આ ઉપરાંત અન્ય કસોટીઓ

- એસિડિક કસોટી (acidity test)
- સ્લજ અવરોધક કસોટી (stldge resistance test)

### વિધુત અવાહક વર્નિસ (Electrical insulating varnishes)

- **તે બે પ્રકારના હોય છે**
- તેલ અને રેઝિન વાર્નિસ

### ધન અવાહકો/અવાહક પદાર્થો (Solid inulators/insulating materials)

| ક્રમ | વર્ગીકરણ | ઉદાહરણ |
|---|---|---|
| 1 | ખનીજ અવાહકો | માઈકા, મારબલ, સ્લેટ |
| 2 | કાચ જેવા પદાર્થો | કાચ,ક્વાટ્ર્સ, પોસેલિન |
| 3 | રબર અને રબરની વસ્તુઓ | રબર, વ્લ્કેનાઈઝડ રબર (V.I.R), ઈબોનાઈટ (ebonite) |
| 4 | વેક્સ અનેકંપાઉન્ડ | પેરાફીનવેક્ષ, બ્યુટીમીન |
| 5 | ફાઈબરના પદાર્થો | એસ્બેસ્ટોસ, પેપર, લાકડું, પ્રેસ પાહન, લેધરોઈડ, કોટનસિલ્ક, ટેપસવગેરે. |
| 6 | સિનથેટિક વસ્તુઓ | બેકેલાઇટ, લાખ, તેલ (ટ્રાન્સફોર્મર અને સ્વીચ ગીયર વગેરે |

### પેપર (Paper)

જુદા જુદા ગ્રેડ વાળા અવાહક પેપરો ને કેપેસિટર,કેબલ વગેરે માટે ઉપયોગમાં લેવામાં આવે છે. પેપર ભેજવાળુ હોય તો તેના અવાહકતાનો ગુણધર્મ ગુમાવે છે. આથી તે ઇમ્પીગ્રેન્ટેડ સ્થિતિમાં વપરાય છે.

### લાકડુ (Wood)

તેને તેલ અથવા બીજા કોઇ અવાહક પદાર્થ સાથે ભરવામાં આવે છે.

દા.ત. મશીનનુ વાઈન્ડીંગમા, વાંસનુ લાકડુ સ્લોટ આકારના ટુકડા તરીકે વપરાય છે.

### પ્રેસ બોર્ડ (Press board)

તેનો વપરાશ મોટા ભાગે વાઈન્ડીંગ માં થાય છે. જે સપોર્ટ વાઈન્ડીંગ ભાગને અવાહક બનાવે છે. તે વિધુતના સાધનો અને ટ્રાન્સફોર્મર માં સ્પેસર્સ તરીકે વપરાય છે.

### એસ્બેસ્ટોસ (Asbestos)

ફાઈબર્સ, અગ્નિ અવરોધક પદાર્થો, સળગે નહિ તેવા પદાર્થ નો ઉપયોગ પેનલબોર્ડ અને વાઈન્ડીંગ અવરોધમાં ફ્રેમ બનાવવામાં, રેગ્યુલેટરના તાર બનાવવામાં વપરાય છે.

### કોટન (Cotton)

ભેજને રોકવા માટે તેને પેરાફિનમાં ડુબાડવામાં આવે છે. નીચા વોલ્ટેજ માટે તે સારો અવાહક છે આર્મેચર અને ફિલ્ડ કોઇલમાં સુવાહક તરીકે વપરાય છે.

### સિલ્ક (રેશમ) (Silk)

કોટનની જેમ નાના કામમાં ટેલિફોન કોઇલ બનાવવામાં વપરાય છે.

### ટેપ્સ (Tapes)

જુદા-જુદા પ્રકારની ટેપ્સ જેવી કે કોટન સિલ્ક, શણ વગેરે તેના સ્વચ્છ સ્વરૂપમાં વપરાય છે.

### એમ્પાયર ક્લોથ (Empire cloth)

તેને કોટન ક્લોથ, સીલ્ક કે પેપરને વર્નીસીગ કરીને બનાવાય છે. તે જુદા જુદા માપમાં પીળા અને કાળા રંગમાં ઉપલબ્ધ હોય છે. તે વાઈન્ડીંગ કામમાં અને કોઈલ ઇન્સ્યુલેશન માટે, સ્લોટ ઇન્સ્યુલેશન તરીકે ઉપયોગી છે.

### પ્રસ પહન (Press pahn)

એ એક પ્રકારનુ પેપર છે.કે જે રાસાયણિક પ્રક્રિયા વડે લાકડાના પલ્પમાંથી બનાવવામાં આવે છે તેનો ઉપયોગ મોટાભાગે લાઈનીંગ આર્મેચર સ્લોટ, અવાહક કોઈલ્સની બાજુમાં વપરાય છે.

### લેધેરોઇડ (Leatheroid)

તે એક સખત પદાર્થ છે. જે કોટનમાંથી રાસાયણિક પ્રક્રિયા વડે બનાવવામાં આવે છે તેને ગ્રીસ અને તેલની અસર થતી નથી અને તેનો ઉપયોગ સ્લોટ અને તેલ અવાહક તરીકે, ટ્રાન્સફોમેર કોર કવરીંગ માં વપરાય છે.

### એડહેસીવ ટેપ (Adhesive tape)

તેનો ઉપયોગ બહોળા પ્રમાણમાં સુવાહકના છેડાના ટેપીંગમાં, લીડ્સમાં અને જોડાણમાં થાય છે. એડહેસીવ ટેપ રબર, બ્યુટીમીન, રેજિન અને ગુંદર વગેરે તત્વો સાથે કોટન ફેબ્રિકના પડ ચઢવી બનાવવામાં અ ાવે છે. તે હ્વા ફેકવામાં આવે ત્યારે સુકાય જાય છે. તે 1/2", 3/4",1 વગેરે સાઈઝ માં મળે છે, આ ઉપરાંત તે P.V.C એડહેસીવ ટેપ, કોટન અને બિટ્યુમીન ટેપ તરીકે પણ મળે છે.

### બિટ્યુમીન (Bitumen)

બિટ્યુમીન નો ઉપયોગ જોડાણના વાયરોના બોક્ષને બાંધવા અને બેટરીઓને ઉપરથી સીલ કરવા માટે વપરાય છે. તે વોટર પ્રુફ હોય છે. પરંતુ કેટલીક પરિસ્થિતિઓ માં તેમાં તિરાડો પડે છે. તે રબરની જેમ વળી શકે છે.

### માઈકા (Mica)

તે એક પ્રકારનુ ખનીજ છે, અને મોટા-મોટા સ્લેબમાં મળે છે. તેને સહેલાઇથી પાતળીશીટમાં અલગ કરી શકાય છે. તે અગ્નિ અવરોધક, વોટર પ્રુફ અને સારો અવાહક છે. તેને કાળજીપૂર્વક વાપરવુ જોઇએ કારણ,કે તેમા તિરાડ પડવાની સંભાવના રહેલી છે. વિધુત ઇસ્ત્રીનાં હીટીંગ એલીમેન્ટ તરીકે વપરાય છે.

### મારબલ અને સ્લેટ (Marble and slate)

યાંત્રિક રીતે મારબલ અને સ્લેટ મજબુત અવાહક છે. જ્યારે તેને પોલીશ કરવામાં આવે છે, ત્યારે સ્વીચબોર્ડ, સ્વિચ અને અવરોધક ફ્રેમ વગેરે માટે સારા માઉન્ટીંગ તરીકે ઉપયોગી છે. સ્લેટ સામાન્ય રીતે નીંચા વોલ્ટેજ માટે વપરાય છે.

### મીકેનાઇટ (Micanite)

તે માઇકાના ટુકડા અને અવાહક સિમેન્ટ, જેવી કે લાખની સાથે ચોટાડીને બનાવવામાં આવે છે. ગરમી અને દબાણ દ્વારા તેને ગમે તે આકારમાં વાળી શકાય છે. આથી તે અવાહક તરીકે આર્મેચરના સ્લોટ અને શાફ્ટ કોમ્પ્યુટરના અવાહક તરીકે વપરાય છે.

**પેરાફિન વેક્સ (Paraffin wax)**

તે 55°C તાપમાને પીગળે છે. અને પાણી શોષણ કરતુ નથી. તે પેપર, લાકડુ, પ્રેસ બોર્ડ વગેરેમાં ભેજ શોષકતા ઓછી કરવા વપરાય છે.

**બેકેલાઇટ (Bake lite)**

તેને કોઇપણ આકારમાં ઢાળી શકાય છે. તે ગરમી અવરોધક અને ઊંચુ અવાહક છે. તે તેલ અને ભેજનું શોષણ કરતુ નથી. તે સ્વિચ, પ્લગ, હાલ્ડર્સ, રેગ્યુલેટર્સ વગેરેની બોડી બનાવતા વપરાય છે.

**રબર (Rubber)**

તે ઉચી અવાહક નો ગુણધર્મ ધરાવે છે. તે મોટા ભાગે લાઈટીંગ કેબલ અને ફ્લેક્સીબલ કેબલ બનાવવા વપરાય છે. તેને વાતાવરણમાં રાખવામાં આવે ત્યારે સામાન્ય રીતે તેની ગુણવતા ગુમાવે છે. રબરની જગ્યાએ હાલમાં ઈલાસ્ટીક પ્લાસ્ટીક્સ જેવા કે પી.વી.સી. (PVC) કે પોલીથીનનો ઉપયોગ થાય છે.કે જે આલ્કલીસ, એસીડ અને ખનીજ તેલ ને અવરોધે છે.

**વલ્કેનાઇઝ ઇન્ડીયા રબર (Valcanisedindia rubber) (VIR)**

શુધ્ધ રબર સલ્ફરસાથે પ્રકિયાકરીને બનાવવામાં આવે છે. તેશુધ્ધ રબર કરતાં મજબુત અને તાપમાનમા બદલાવ થવા છતાં વધારે અસરથતી નથી. નીચા અને મધ્યમ વોલ્ટેજ વાયર અને કેબલના કવરીંગ બનાઅવવા વપરાય છે.

**ઇબોનાઇટ અથવા વલ્કેનાઇટ (Ebonite or vulcanite)**

તેવલ્કેનાઇઝ્ડરબર છે. જેમા 30% થીપ૦%સલ્ફર અને તેને 150°c સુધીના તાપમાને ગરમ કરવામાં આવે છે . પદાર્થ સખ્ત હોય છે અને તેને કોઇ પણ આકારમાં ઢાળીશકાય છે. તેનેરસાયણો અને ભેજથી ઓછી અસર થાય છે તેલેડ– એસિડ,બેટરીનું કન્ટેનર, ઇન્સ્ટ્રુમેન સ્વીચ ગીયર, ટર્મિનલ પ્લેટસ અને નીચાવોલ્ટેજ્ના પેનલ બોર્ડ વગેરે ના કેસ બનાવવા થાય છે તેને ગરમી આપવી જોઇએ નહી.

**લાખ (Shellac)**

તે એકસારૂ વાર્નિશ છે, કે જે પેપર, કાપડ, લાકડુ, સ્લેટવગેરે અવાહક અને ભેજ અવરોધવાના ગુણધર્મ ને સુધારે છે.

**એનેમલ (Enamel)**

એનેમલ વડે વાઇન્ડીંગ વાયર પર અવાહક પડ ચડાવવામાં આવે છે.

**પોલીક્લોરાપીન (Polychloroprene) (PCP)**

તે એક પ્રકારનો પ્લાસિટક નો પદાર્થ છે. જે કેબલના અવાહક પડ બનાવવા વપરાય છે તે તેલ અને પેટ્રોલને અવરોધે છે તેસલ્ફરના ફિણ સાથે, વરાળ સાથે, એમોનીયા, લેકટિક એસિડ અને સતત સુર્યપ્રકાશમાં ધડાકા સાથે સળગી ઉથે છે

**કાચ (Glass)**

તે ઉષ્મા અવરોધ અને ઉંચા તપમાન માટે યોગ્ય છે. તે અવાહક તરીકે, લેમ્પમાં એવેલોપ્સ તરીકે અને રેડિયો ટ્યુબમાં વપરાય છે.

**કર્વાટઝ (Quartz)**

કર્વાટઝ (સિલિકા) એ સારો અવાહક છે. વિસ્તરણ માટે ધણા ઓછા તાપમાને કોએફિસન્ટ હોય છે. તાપમાનમા થતા એક એક ફેરફારના કારણે તેમાં તિરાડ પડતી નથી. તેનો ઉપયોગ પાયરોમિટરની શીટ્સ માટે ઉષ્મીય ઘટક તરીકે, સ્પાર્કીંગ પ્લગ તરીકે થાય છે.

**પોર્સલિન (Porcelain)**

તે કાચ જેટલો બરડ હોતો નથી. મોટાભાગે તેનો ઉપયોગ ફ્યુઝના કેરિયર તરીકે અને ઇલેક્ટ્રીકલ ફીંટીગ જેવા ઓછા સુવાહક બનાવવા માટે થાય છે.

**લાલ ફાયબર (Red fibre)**

મોટા ભાગે મોટર અને ટ્રાન્સફૉર્મેરના વાઇન્ડીંગ કામમાં સ્લોટ અવાહક , વિભાગીય તરીકે વપરાય છે.

**તાપમાનના હદ મુજબ અવાહકોનુ વર્ગીકરણ (Insulators Classified according to their temperature limits)**

જે સલામત તાપમાનની મર્યાદા પર અવાહકો કોઇ પ્રકારના વિકુતિ વગર સલામત રીતે કાર્ય કરી શકે તેનો આધાર અવાહકના પ્રકાર અને વર્ગ પર આધારી છે અને તે નીચે મુજબ છે. (15:1271/1958)

વર્ગ -Y- મહત્તમ તાપમાન 90°C

કોટન, સિલ્ક, પેપરની વસ્તુઓ, પ્રેસબોર્ડ, લાકડૂં, વલ્કેનાઇઝડ ફાયબર વગેરે તેલમાં ભેગા થતા નથી.

વર્ગ -A- મહત્તમ તાપમાન 105°C

કોટન, સિલ્ક, પેપરની વસ્તુઓ, પ્રેસબોર્ડ, લાકડૂં, વલ્કેનાઇઝડ ફાયબર વગેરે, જ્યારે ડાય ઇલેકટ્રીક પ્રવાહમાં ડુબાડવામાં આવે છે ત્યારે પેપર અનેવાયર એનેમલનું વાર્નિશ થાય છે.

વર્ગ E- મહત્તમ તાપમાન 120°C

મહત્તમ વાયર એનેમલ કોર્ટન,ફેબ્રિક અને પેપર લેમિનેટેન તેલ મોડીફાઇડ આસ્ફાલ્ટ સાથે વપરાય છે અને સિન્થેટિક રેઝિન વાર્નિશ પોલીઇથીલીન, ટેક્ષ્ટાઇલ વગેરે ચોક્કસ વાર્નિશ સાથે વપરાય છે.

વર્ગ -B- મહત્તમ તાપમાન 130°C

ફાઇબર કાચ, એસ્બેસ્ટોસ, વાર્નિશ ફાઇબર કાચ, ટેક્ષ્ટાઇલ, વાર્નિશ એસ્બેસ્ટોસ, સિથેટિક રેઝિન થી બનેલો માઇકા વગેરે સાથે વપરાય છે.

વર્ગ -F- મહત્તમ તાપમાન 155°C

વર્ગ B ના જેવા જ પદાર્થ વપરાયા છે પરંતુ સિલિકોન રેઝિન સાથે વપરાય છે.

વર્ગ -H- મહત્તમ તાપમાન 180°C

વર્ગા F ના જેવા જ મટીરીયલ વપરાય છે. પરંતુ સિલિકોન રેઝિન સાથેના ઉંચા થર્મલ સ્ટેબિલીટી સાથે વપરાય છે.

વર્ગ -C મહત્તમ તાપમાન 180°C થી વધારો

માઇકા, પોર્સલિન અને બીજા સિરામિકો, કાચા, કવાર્ટઝ એસ્બેસ્ટોસ, ટેક્ષ્ટાઇલ ફાઇબર કાચ, એસ્બેસ્ટોસ ના બનેલ માઇકા (mlca) વગેરે સિલિકોન રેજિન સાથે સૌથી વધુ થર્મલ સ્ટેબીલીટી ધરાવે છે (સ્ટેબીલીટી ની મર્યાદા 225°C થી વધુ )

**શ્રેણી જોડાણ (Series connection)**

શ્રણી જોડાણમાં જોડેલા બધા અવરોધનો સરવાળો એ પરિપથનો કુલ

અવરોધ બરાબર હોય છે. શ્રેણી જોડાણમાં પ્રથમ લોડનો અંતિમ છેડો બીજા લોડના પ્રથમ છેડા સાથે જોડવામાં આવે છે. આમ બધાજ લોડ એન્ડ ટુ એન્ડ જોડવામાં આવે છે. (Fig 3)

Fig 3




શ્રેણી જોડાણની લાક્ષાણિકતાઓ (Features of series connection):

બધા જ લોડમાં એક સરખો કરંટ વહે છે.

દરેક લોડ વચ્ચેનો વોલ્ટેજ લોડના અવરોધના સમપ્રમાણમાં હોય છે.

આપવામાં આવેલ વોલ્ટેજ દરેક લોડ વચ્ચેના વોલ્ટેજના સરવાળા બરાબર હોય છે.

કુલ અવરોધ દરેક અવરોધના સરવાળા બરાબર હોય છે.

$I = I_1 = I_2 = ........$

$V = V_1+V_2=.........$

$R =R1=R2=..........$

**Example**

ત્રણ અવરોધો, ૩ ઓહમ, ૯ ઓહમ અને ૫ ઓહમ ને શ્રેણીમાં જોડેલ છે તો કુલ અવરોધ શોધો

**જવાબ (Solution)**

$R = R_1+R_2+R_3$

$= 3\ \Omega+9\ \Omega+5\ \Omega$

કુલ અવરોધ $= 17\ \Omega$

**સમાંતર જોડાણ (Parallel connection)**

સમાંતર જોડાણમાં દરેક લોડના શરૂઆતના અને અંતિમ છેડાઓ એક સાથે જોડાયેલા હોય છે.

**સમાંતર જોડાણની લાક્ષણિક્તા (Features of parallel connection)**

- દરેક લોડ માંથી વહેતો કરંટ તે લોડના અવરોધ પર આધારિત હોય છે
- દરેક લોડ વચ્ચેનો વોલ્ટેજ સર્કીટ્ને આપેલા કુલ વોલ્ટેજ જેટલો હોય છે.
- સમાંતર જોડાણ નો કુલ અવરોધ એ પરીપથમાંનો સૌથી નાના અવરોધના મુલ્ય કરતાં પણ ઓછો હોય છે.

Fig 4




- સમાંતર જોડાણમાં કુલ અવરોધનો વ્યસ્ત એ જોડેલ દરેક અ વરોધના વ્યસ્તના સરવાળા બરાબર હોય છે.

$I = I_1 + I2 + ...$

$V = V_1 = V_2 ...$

$$\frac{1}{R} = \frac{1}{R_1} + \frac{1}{R_2} + ..........$$

**Example**

બે અવરોધો 4 ઓહમ અને 6 ઓહમ ને સમાંતરમાં જોડેલ છે તો કુલ અવરોધ શોધો.

$$\frac{1}{R} = \frac{1}{R_1} + \frac{1}{R_2} + \quad \text{(since Parallel Connector)}$$

માટે $\frac{1}{R} = \frac{1}{4} + \frac{1}{6} = \frac{10}{24}$

માટે $R = \frac{24}{10}$ ohms = 2.4 Ω

**Example**

**બે અવરોધો 2 ohms અને 4 ohms ને સમાંતરે 6 V ની બેટરી સાથે જોડવામાં આવે છે.**

- કુલ અવરોધ શોધો.
- કુલ અને દરેક અવરોધ દીઠ કરંટ શોધો.

કુલ અવરોધ

Fig 5




RESISTORS IN PARALLEL

$$\frac{1}{R_{tot}} = \frac{1}{R_1} + \frac{1}{R_2}$$

$$=\frac{1}{2}+\frac{1}{4}=\frac{2+1}{4}$$

$$=\frac{3}{4}\Omega$$

$$\frac{1}{R_{tot}}=\frac{4}{3}=1\frac{1}{3}\Omega$$

I Total = $I_1$ + $I_2$ current

$$I_1=\frac{U}{R_1}=\frac{6V}{2\Omega}=3A$$

$$I_2=\frac{U}{R_2}=\frac{6V}{4\Omega}=1.5A$$

I total=3 A+1.5 A
=3.5 A

## એસાઈનમેન્ટ (Assignment)

1



$R_1$ = 12 ohms
$R_2$ = 22 ohms
$R_3$ = 24 ohms (શ્રેણીમાં)
R = ________ ohms

2



$R_1$ = 15 ohms
$R_2$ = 25 ohms
V = 220 V
$V_1$ = _______ V
$V_2$ = _______ V

3



V = 220 V
$R_1$ = 40 ohms
$V_1$ = 100 V
$R_2$ = _______ ohms

4



V = 80 V
I = 2 D
$R_1$ = 30 ohms (શ્રેણીમાં)
$R_2$ = _______ ohms

5



$V_t$ = 3.5 v
I = 0.2 A
V = 60 v
શ્રેણી અવરોધ RV= ohms

6



$R_1$ = $R_2$ = 484 W (શ્રેણીમાં)
V = 220 v
R = __________ ohms
$V_1$ = ____________ V
$V_2$ = ____________ v

7



$V_L$ = 40 v
$R_L$ = 20 ohms
V = 220 v
$V_v$ = ______ v (શ્રેણીમાં)
$R_v$ = ______ ohms

8



$R_i$ = 10 kw
$V_v$ = 80 v
Increased to v = 240 v
શ્રેણી અવરોધ
$R_v$ = .......... Kw

9



$R_1$ = 6 ohms
$R_2$ = 12 ohms
$R_3$ = 18 ohms
R = _______ ohms

10



R = 6 ohms
R1, R2,R3 ને સમાંતરમાં જોડેલ છે.
R1 = 12 ohms
R2 = 16 ohms
R3 = ________ Ohms

11



$R_1$ = 40 ohms
$R_2$ = 60 ohms
V = 220 v
I = __________ A
$I_1$ = ___ A $I_2$ = ___ A

12



R2 = ________W
R = __________ W

**ઓહમનો નિયમ (Ohm's law)**

V - વોલ્ટેજ વોલ્ટમાં (Voltage in Volts)

I – કરંટ એમ્પિયરમાં (Current in Ampere)

R– અવરોધ ઓહમમાં (Resistance in Ohms)

કોઇ પણ બંધ પરિપથનાં મૂળભૂત પરિબળો(વોલ્ટેજ, કરંટ અનેરેઝિસ્ટન્ટ) એકબીજા સાથે અતુટ સંબંધ ધરાવે છે.

**બેઝિક વેલ્યુ (Basic Values)**

બેઝિક ઇલેકટ્રીકલ વેલ્યુને સમજવા માટે તેની સરખામણી દબાણવાળા પાણીના નળ સાથે કરી શકાય.

| | | |
|---|---|---|
| Water pressure | - electron pressure | - Voltage |
| Amount of water | - electron flow | - Current |
| Throttling of tap | - obstruction to electron flow | - Resistance |

Fig 1



Fig 2




Fig 3




Fig 4




**સંબંધ (Relationships)**

જો અવરોધને અચળ રાખવામાં આવે અને વોલ્ટેજને વધારવામાં અ ાવે તો કરંટ મા પણ વધારો થાય છે.

$I \alpha V$

જો વોલ્ટેજને અચળ રાખવામાં આવે અને અવરોધને વધારવામાં અ ાવે તો કરંટમાં ઘટાડો થાય છે.

$I \alpha \frac{1}{R}$

ઓહમનો નિયમ (Ohm's law)

ઉપરના બે સંબંધ પરથી આપણે ઓહમનો નિયમ મેળવીશું.

$I = \frac{V}{R}$ જેને બીજી રીતે ફેરવતાં V=R.I

**ઓહમનો નિયમ જણાવે છે, કે એક જ ઉષ્ણતામાન બંધ સર્કીટમાં વહેતોકરંટ, પોટેન્શીયલ ડીફરન્સના સપ્રમાણમાં અને અવરોધના વ્યસ્ત પ્રમાણમાં હોય છે.**

ઓહમના નિયમ મુજબ $I = \frac{V}{R}$

Example:

એક બલ્બ 3.6 volts વોલ્ટેજના મૂલ્યે લાઇન પરથી 0.2A કરંટલે છે તો બલ્બના ફીલામેન્ટનો અવરોધશોધો. આપેલ કિંમત V = 3.6v અને I = 0.2A

R નેશોધવા માટે V=3.6v અને I = 0.2A

માટે V = I×R

3.6 V = 0.2A × R

માટે $R = \frac{3.6V}{0.2A} = 18 ohms$

**Example**

એક ફિલામેન્ટ લેમ્પમાં વોલ્ટેજ 10.8 V છે. સપ્લાય વોલ્ટેજ 12 V હોઈે, તો વોલ્ટેજ નો વ્યય શોધો. (Fig 5)

Fig 5




વોલ્ટેજ ડ્રોપ = 12 V – 10.8 = 12.V

**આ સપ્લાય વોલ્ટેજને પોટેન્શીયલ ડિફરન્સ કહે છે.**

Example

ડાયનેમોનો આંતરીક અવરોધ 0.1 ohm છે અને ડાયનેમોનો વોલ્ટેજ 12 V છે. જો બહારની સર્કિટ માં 20 amps

કરંટ આપવામાં આવે ત્યારે ડાયનેમાનો વોલ્ટેજ શું હશે?

જવાબ Solution

વોલ્ટેજ ડ્રોપ = કરંટ આંતરીક અવરોધ

= 20 × 0.1 volts

= 2 volts

Example (Fig 6)

એક બેટરીનો આંતરીક અવરોધ  2 ohm છે. જ્યારે 10 ohms અ વરોધ બેટરી સાથે જોડવામાં આવે, ત્યારે 0.6 amps નો કરંટ ડ્રોપ કરે છે. તો બેટરીનો EMF શું હશે?

P.D = વહેતો કરંટ x અવરોધ

= 0.6 A × 10Ω

= 06 volts

V.D = વહેતો કરંટ˙ બેટરીનો આંતરિક અવરોધ

= 0.6 × 2 volt

= 1.2 volts

બેટરીનો EMF = (6.00 + 1.2) V

= 7.2 volts

Fig 6




R1 - INTERNAL RESISTANCES = 2 OHMS
Ra - EXTERNAL RESISTANCES = 10 OHMS

INTERNAL RESISTANCE OF BATTERY

અવરોધો ના જોડાણો (Resistance connections)

V = વોલ્ટેજ (વોલ્ટ્માં)

R = અવરોધ (ઓહમમાં)

I = કરંટ ઇન્ટેન્સીટી (એમ્પિયરમાં)

શ્રેણી જોડાણ (Series connection)

શ્રેણી જોડાણનો કુલ અવરોધ એ તેમા જોડેલ બધા અવરોધ સરવાળા બરાબર હોય છે. શ્રેણી જોડાણમાં પ્રથમ લોડનો અંતિમ છેડો બીજા લોડના પ્રથમ છેડા સાથે જોડવામાં આવે છે, આમ બધા જ લોડ એન્ડ–ટુ–એન્ડ જોડવામાં આવે છે.

Fig 7




શ્રેણી જોડાણની લાક્ષણિકતાઓ (Features of series connection)

- દરેક લોડમાથી વહેતો કરંટ એક સમાન રહે છે.
- દરેક લોડ વચ્ચેનો વોલ્ટેજ એ લોડ ના અવરોધનાં સમપ્રમાણમાં હોય છે.
- આપવામાં આવેલ વોલ્ટેજ, દરેક લોડ વચ્ચેના વોલ્ટેજના સરવાળા બરાબર હોય છે.
- કુલ અવરોધ દરેક અવરોધના સરવાળા બરાબર હોય છે.

I = I1 = I2 =……

V= v1 + v2+……

R= R1 + R2+……

Example

ત્રણ અવરોધ ૩ ohm, ૯ ohm અને ૫ ohms ને શ્રેણી માં જોડેલ છે. જો કુલ અવરોધ શોધો.

R $= R_1 + R_2 + R_3$

$= 3\Omega + 9\,\Omega + 5\,\Omega$

કુલ અવરોધ = 17 V

**સમાંતર જોડાણ (Parallel connection)**

સમાંતર જોડાણમાં બધા જ લોડના શરૂઆતના અને અંતિમ છેડાઓ એક સાથે જોડવામાં આવે છે.

સમાંતર જોડાણની લાક્ષણિકતા (Features of Parallel connection)

- દરેક લોડમાંથી વહેતો કરંટ લોડના અવરોધ પર આધારિત હોય છે.
- દરેક લોડ વચ્ચેનો વોલ્ટેજ એ સર્કીટ્ ને આપેલ વોલ્ટેજ જેટલો જ હોય છે.

Fig 8




WSCN173518

- સમાંતર જોડાણનો કુલ અવરોધ એ પરીપથમાનો સોથી નાના અ વરોધના મુલ્ય કરતા પણ ઓછો હોય છે.
- સમાંતર જોડાણમાં કુલ અવરોધનો વ્યસ્ત એ જોડેલ દરેક અ વરોધના વ્યસ્ત સરવાળા બરાબર હોય છે.

$I = I_1 + I_2 + \ldots\ldots$

$V = V_1 = V_2 \ldots\ldots$

$$\frac{1}{R} = \frac{1}{R_1} + \frac{1}{R_2} + \ldots\ldots\ldots$$

**Example**

બે અવરોધો 4 ઓહ્મ અને 6 ઓહ્મ ને સમાંતરમાં જોડેલ છે તો કુલ અવરોધ શોધો.

$$\frac{1}{R} = \frac{1}{R_1} + \frac{1}{R_2} + \quad \text{(Since parallel connection)}$$

માટે $\frac{1}{R} = \frac{1}{4} + \frac{1}{6} = \frac{10}{24}$

માટે $R = \frac{24}{10}$ ohms $= 2.4\Omega$

**Example**

**બે અવરોધો 2 અને 4 ohms ને સમાંતરે જોડી 6 v ની બેટરી સાથે જોડવામાં આવે છે.**

કુલ અવરોધશોધો

= કુલ અને દરેક અવરોધ દીઠ કરંટ શોધો

જવાબ (Solution)

કુલ અવરોધ

Fig 9




RESISTORS IN PARALLEL

WSCN173519

$$\frac{1}{R_{tot}} = \frac{1}{R_1} + \frac{1}{R_2}$$

$$= \frac{1}{2} + \frac{1}{4} = \frac{2+1}{4}$$

$$= \frac{3}{4}\Omega$$

$$R_{tot} = \frac{4}{3} = 1\frac{1}{3}\Omega$$

I Total = $I_1 + I_2$ cuvvent

$$I_1 = \frac{U}{R_1} = \frac{6v}{2\Omega} = 3A$$

પણ

$$I_2 = \frac{U}{R_2} = \frac{6v}{4\Omega} = 1.5A$$

I total = 3A + 1.5A

= 4.5A

**ધારોકે અહીં અસાઈમેન્ટમાં આપેલ અવરોધએ બલ્બના ફીલામેન્ટનો છે અને બીજા કરંટ લેતા સાધનો જેવાકે વાહનો ના હોર્ન, વાઈપર વગેરે.**

# એસાઈનમેન્ટ (Assignment)

1




Fig 1

R = 40 ohms

I = 6.5 Amps

V = ____ volts

2




Fig 2

V = 6 volts

I = 0.5 Amps

R = ____ ohms

3




Fig 3

V = 220 voits

R = 820 ohms

I = ____ Amps

4




Fig 4

I = 4.5 Amps

V = 220 volts

R = ____ ohm

5




Fig 5

R = 50 ohms

V = 220 volts

I = ____ Amps

6




Fig 6

V = 110 volts

I = 4.55 Amps

R = ____ ohms

7




Fig 7

R = 250 ohms

I = 0.44 Amps

V = ____ Volts

8




Fig 8

I = 11.5 Amps

V = 380 volts

R = ____ Ohms

9




Fig 9

R = 22 ohms

= 7.8 Amps

વોલ્ટેજ ડ્રોપ

V = ____ volt

## વિધુત શક્તિ (Electric Power)

યાંત્રીક ભાષામાં, શક્તિ ને કાર્ય ના દર તરીકે ઓળખવામાં આવે છે. પાવર નો એકમ વોટ છે. વિધુત પરિપથમાં વિધુત પાવરનો એકમ 1 watt છે. યાંત્રિક ભાષામાં 1 watt વોટ એટલે એક સેકન્ડમાં 1 N બળ થી પદાર્થ નું 1 Metre જેટલું સ્થાનાંતર થાય છે. વિધુત પરિપથમાં ઈલેક્ટ્રોમોટીવ ફોર્સથી અવરોધ અને કાર્ય થાય છે. કાર્ય નો દર એ પરિપથમાંથી પસાર થતા વિધુત પ્રવાહ (એમ્પીયર) પર આધાર રાખે છે. જ્યારે 1 વોલ્ટના E.m.f ના કારણે 1 amphere જેટલો વિધુત પ્રવાહ પસાર થાય છે. ત્યારે 1 વોટ જેટલો પાવર છે. એમ કહેવાય.

પાવર = વોલ્ટેજ x કરંટ

$P = V \times I$

પાવર(વોટમાં) = વોલ્ટેજ (વોલ્ટમાં) x કરંટ(એમ્પિયરમાં)

### વિધુત, કાર્ય, ઊર્જા (Eletric work, energy)

વિધુત કાર્ય અથવા ઊર્જા એ વિધુત શક્તિ અને સમયના ગુણાકાર બરાબર થાય છે.

કાર્ય વોટમાં સેકન્ડ = ઊર્જા (વોટ) x સમય(સેકન્ડ)

$W = P \times T$

આથી 1 Joule = 1 watt × 1 sec, જે ઘણુ નાનુ મુલ્ય છે.

મોટો એકમ 1 watt hour અને 1 kilo watt hour છે.

1 w.h =3600 watt sec

1kwh = 1000 wh =3600000 watt sec.

Note:વિધુતભારના વપરાશ નો જે ખર્ચ પ્રતિ કિલોવોટ છે. જે દેશ અને રાજ્ય અનુસાર બદલાય છે.

Fig 1




V = વોલ્ટેજ (વોલ્ટ) voltage (Volt)

i = વિધુત પ્રવાહની તિવ્રતા (એમ્પીયર) Eurrent Intensity (A)

P = પાવર (વોટ, કિલોવોટ) Power (watt, kilowatts)wkw

W = કાર્ય, ઊર્જા (વોટ અવર, કિલોવોટ અવર) wh,kwh

t = સમય (કલાક) time (hours) h

Fig 2




Table of analogies between mechanical and electrical quantities

| Mechanical quantity | Unit | Electrical quantity | Unit |
|---|---|---|---|
| Force ‘F’ | N | Voltage ‘v’ | V |
| Velocity v= $\frac{\text{Displacement}}{\text{Time}}$ | m/s | Current I | A |
| Time t | Seconds | Time t | Seconds |
| Power P = F x V | N $\frac{m}{sec}$ | Power P = v x i | *W=V×A* |
| Energy = F x v x t | *j = Nm* | Energy w = V x i x t | *J = w x s* |

| | |
|---|---|
| W | $W = VI$<br>$= I^2R$<br>$= \frac{V^2}{R}$ |
| R | $= \frac{V}{I}$<br>$= \frac{V^2}{W}$<br>$= \frac{W}{I^2}$ |

| | |
|---|---|
| V | $= IR$<br>$= \frac{W}{I}$<br>$= \sqrt{WR}$ |
| I | $= \frac{V}{R}$<br>$= \frac{W}{V}$<br>$= \sqrt{\frac{W}{R}}$ |

**Example**

1 એક સર્કીટમાં ૦.૨૫ એમ્પીયર જેટલો કરંટ અને૨૪૦ વોલ્ટ જેટલો વોલ્ટેજ પસાર થતો હોય , ત્યારે તેમાં રહેલા લેમ્પનો પાવર રેટીંગની ગણતરી કરો.

P = V x I

V = 240 volts

I = 0.26 amperes

Therefore power = 240×0.25 Amperes

= 60 volts Ampere

But 1 watt=1 volt×1 Ampere

Therefore power=60 watts

2 10 ohms અવરોધમાંથી 15 amperes નો કરંટ પસાર થાય છે. આથી ખર્ચ કરેલો પાવર કિલોવોટમાં શોધો.

Given R = 10 અને I = 15A

Power = V x L = L x R x L = F x R

Therefore power = $15^2$ x 10 = 2250 watts = 2.25kw

3 200 volts ની લાઇન વોલ્ટેજમાં બલ્બ 0.91 amperes લે છે. જો બલ્બને 12 કલાક માટે ચાલુ રાખવામાં આવે તો કાર્ય ને wh માં શોધો. અહીં V = 200 volts.

I = 0.91 Amps

t = 12 hours.

Fig 3




Therefore Power = V x I = 200 volts x 0.91 Amps
= 182 watt

Therefore work = P x t = 182 Watt x 12 hours

= 2184 watt hour

4 એક એડજસ્ટેબલ અવરોધ (રિયોસ્ટેડ) પર નીચે પ્રમાણે લેબલ લગાડેલું હતું. 1.5 k ohms/0.08A. લો તેના રેટેડ પાવર કેટલા હશે?

Given: R = 1.5 k ohms: I = 0.08A

Find: P

V = R X I = 1500 ohms 0.08A = 120 volts

P = V X I = 120 volts 0.08A = 9.6 alternatively

P = $I^2R$ = $(0.08A)^2 \cdot 1500$ ohms = 9.6w

5 એક વિધુત ઈસ્ત્રીને 110w રેઝિસ્ટન્સ અને 220V સપ્લાય આપવામાં આવે છે. તો કરંટ અને પાવર શોધો.

| | |
|---|---|
| Resistance of electric iron (R) | = 110 ohm. |
| Voltage (V) | = 220 volts. |
| Current (I) | $= \frac{V}{R}$ |
| | $= \frac{220}{110}$ 2 amperes |
| Power(w) | = V x I |
| | = 220×2 |
| | = 440 watts |

6 જો 1000 w, 180 volt ના ચાર હિટરો એકબીજા સાથે શ્રેણીમાં 240V ના સપ્લાય સાથે જોડેલા છે. તેની કરંટ અને વહન કરવાની ક્ષમતા 15 amp છે. તો કુલ પાવર શોધો.

| | |
|---|---|
| Connection | = series |
| No. of heaters | = 4 |
| Heater power (w) | = 1000watt |
| Heater voltage | = 180V |
| Supply voltage | = 240V |

Heater resistance (R) $= \frac{V^2}{W}$

$= \frac{180 \times 180}{1000} = \frac{324}{10}$

= 32.4 ohms.

Total resistance = 32.4×4 = 129.6 ohms.

Total current (I) $= \frac{V}{R}$

$= \frac{240}{129.6}$

= 1.85 amperes.

Total power (w) = V × I

= 240×1.85 = 444 watts.

7 જો 40 watt ની ફ્લોરોશન્ટ લેમ્પમાંથી 0.10 ampere નો પ્રવાહ મળે તો તેને પ્રકાશિત થવા માટે કેટલા વોલ્ટેજ જોઇએ ?

| | |
|---|---|
| Lamp power (W) | = 40 watt |
| Current (I) | = 0.10 ampere |
| Voltage (V) | $= \frac{W}{I}$ |
| | $= \frac{40}{0.1} = 400$ volt. |

8 15 HP ની મોટર 15 દિવસ અને 6 કલાક સુધી ફરે છે. જો ઉર્જા નો ખર્ચ યુનિટ દિઠ 3 રૂ. હોય તો કુલ ખર્ચ શોધો.

| | |
|---|---|
| Motor power (w) | = 15 HP |
| | = 15 × 746 |
| | = 11,190 watts |
| Consumption per day | = 11,190 × 6 |
| | = 67140 |
| | = 67.14 KWH |
| Consumption for 15 days | = 67.14 × 15 |
| | = 1007 KWH (or) unit |
| Cost per unit | = Rs. 3 |
| Cost for total energy | = 3 × 1007 = Rs. 3021 |

## એસાઈનમેન્ટ (Assignment)

1 


Current Consumed
I = 0.136 A
Voltage 'v' =220v
P = ______ watts

2 


P = 500 watts
I = 2.27A
V = ______ v

3 


P = 750w
V = 220v
I = ______ A

4 


P = 60w
V = 200v
R = ______ W

5 


I = 0.455 A
R = 484 ohms
P = ______ watts

6 


P = 550w
R = 22 ohms
I = ______ A

7 


P Consumed = 1.8 kw
R = 8 ohms
V = ______ v

8 


I Consumed = ____ A
P = 2 kw
V1 = 220v (Heating element voltage)
R = ______ w

9 


P = 100w
t = 1 hour
Energy Consumption = ______ kwh

10 


Energy Consumed
'w' = 1 kwh
Power 'P' = 100w
t = ______ hr

11 Fig 11




w = 1.5 kwh

t = 45 min

P = ______ w

12 Fig 12




Energy meter reading

w1= 6755.3 kwh

Increases to w2= 6759.8kwh

t = 45 min

P = ______ kw

13 Fig 13




Power Consumed

'P' = 6.2kw

t = 8 hours

Charge per kwh = 1.25 Rupees

Total Cost = ______ Rupees

14 Fig 14




I = 5.45 A

V = 220v

Energy Consumed = 1kwh

t = ______ hr

### ચુંબકીય પ્રેરણ (મેગ્નેટીક ઈન્ડકશન) Magnetic induction

જયારે મેગ્નેટને લોખંડનો સળિયો નજિક લાવવામાં આવે છે. ત્યારે તે લોખંડનો સળિયો મેગ્નેટીઝમ લોહ (ચુંબક) ઉત્પગ થાય છે. જે પ્રકિયાને મેગ્નેટીક ઇન્ડકશન કહે છે. સામાન્ય રીતે લોખંડનો સળિયામાં ચુંબક બનવા પહેલા જો ચુંબક અલગ ધ્રુવ સાથે જોડેલાયેલ હોય તો તે બંને વચ્ચે આકર્ષણ અને જુદા-જુદા ધ્રુવો વચ્ચે લોખંડનો સળિયામાં અપાકર્ષણ થાય છે. મેગ્નેટીક ઇન્ડકશન માટે જરૂરી નથીકેલોખંડ્ની પટ્ટીસાથે મેગ્નેટ જોડાયેલું હોય.

વિધુત માપવાના વિવિધ સાધનોમાં નરમ લોખંડ્નો ધ્રુવના ટુકડાને લોખંડની લોખંડનો સળિયા સાથે વાપરવામાં આવે છે જેનાથી ચુંબકને ઈચ્છિત આકાર આપી શકાય જે ચુંબકીય ઇન્ડકશનના સિધ્ધાત પર કાર્ય કરે છે.

### ચુંબકીય ક્ષેત્રની તીવ્રતા (Intensity of magnetic field)

ચુંબક્ની આસપાસનો વિસ્તાર કે જેમાં ચુંબકીય બળ અસ્તિત્વ ધરાવતું હોય તે વિસ્તારમાં ચુંબકીય ગુણની તીવ્રતાને ચુંબકીય ક્ષેત્રની તીવ્રતા(ચુંબકીય ક્ષેત્ર) કહે છે. જેને અક્ષર (H) વડે દર્શાવાય છે. તેનો એકમ Wb/m છે.

### ઈલેક્ટ્રોમેગ્નેટીક ઇન્ડકશનના સિધ્ધાતો અને નિયમો (Principles and laws of electomagntic induction)

અલ્ટરનેટીંગ કરંટનુ વહન કરતા સુવાહકો માટે પણ ફેરાડેનો ઇલેક્ટ્રોમેગ્નેટીક ઇન્ડકશનનો નિયમ લાગુ પડે છે.

### ઈલેક્ટ્રોમેગ્નેટીક ઇન્ડકશન માટે ફેરાડેનો નિયમ (Faraday law of electromagnetic induction)

### ફેરાડેનો પ્રથમ નિયમઃ (Faraday's first law)

જ્યારે કોઇ સર્કિટ સાથે સંકળાયેલી ચુંબકીય ફલક્સની માત્રામાં ફેરફાર થાય ત્યારે તેમાં વીજચાલક બળ ઉત્પગ થાય છે.

બીજો નિયમ  મુજબ ઉત્પગ થતા emf નુ મૂલ્ય ફલક્સ લીકેજના ફેરફાર ના દરના સમપ્રમાણમાં હોય છે.

### ડાયનેમીકલી ઈન્ડ્યુસ્ડ  EMF (Dyanamically induced EMF)

emf ને ઉત્પગ કરવા માટે કોઇ વાહકને સ્થિર ચુંબકીય ક્ષેત્રમાં ગતિ કરાવવામાં આવે અથવા વાહકને સ્થિર રાખી ચુંબકીય ફલક્સમાં ફેરફાર કરવામાં આવે તો વાહકમાં emf ઉત્પગ થાય છે. આ ઉત્પગ થતા emf ને ડાયનેમીકલી ઈન્ડ્યુસ્ડ કહે છે.  દા.ત. જનરેટર (Generators)

સ્ટેટીકલી ઈન્ડ્યુસ્ડ emf (Statically induced emf)

જયારે ફલક્સમા થતો ફેરફાર થાય ત્યારે emf ઉત્પગ કરે તેને સ્ટેટીકલી ઈન્ડ્યુસ્ડ emf કહે છે. દા.ત ટ્રાન્સફોર્મર

સ્ટેટીકલી ઈન્ડ્યુસ્ડ emf:

જયારે ચુંબકીય ક્ષેત્ર બદલવાને કારણે સ્થિર વાહકમાં emf ઉત્પગ થાય છે. ત્યારે ફેરાડેનો ઇલેકટ્રોમેગ્નેટીઝમના નિયમ પ્રમાણે emf ઉત્પગ થતા ને સ્ટેટીકલી ઈન્ડ્યુસ્ડ emf કહે છે.

સ્ટેટીકલી ઈન્ડ્યુસ્ડ emf ના બે પ્રકાર છે જે નીચે મુજબ છે.

1 સેલ્ફ ઈન્ડ્યુસ્ડ emf (Self inducedemf) એ સમાન કોઇલમાં ઉત્પગ થાય છે.

2 મ્યુચ્યુઅલીઈન્ડ્યુસ્ડ emf (Self inducedemf) એ બીજી કોઇલમાં ઉત્પગ થાય છે.

### સેલ્ફ ઈન્ડકશન (Self induction)

પરિપથમાં ઈલેકટ્રોમોટીવ ફોર્સને ઉત્પગ કરવા માટે જયારે ચુંબકીય ફલક્સ તે પરિપથમાં બદલાતા તે સમાન પરિપથમાં કરંટનુ મુલ્ય પણ બદલાય છે. કોઇ ચોકકસ સમયે મેગ્નેટીક ફીલ્ડ (ચુંબકીય ક્ષેત્ર) નેવિધુત પ્રવાહના વહનની દિશા પરથી મેળવી શકાય છે. વાહકની ફરતેનુ ચુંબકીય ક્ષેત્ર એ સંપૂર્ણ એક સાયકલ દરમિયાન ઉત્પગ થાય અને નાશ પામે છે. તે ઊલ્ટી દિશા ઉત્પગ થાય અને ત્યાર બાદ ફરીથી નાશ પામે છે. જયારે ચુંબકીયક્ષેત્ર શૂન્યમાંથી એક દિશામાં મહતમ થાય ત્યારે તે વાહકના કેન્દ્રથી બહારની બાજુ વિસ્તરણ પામે છે. આ સંપૂર્ણ ઘટના દરમ્યાન તે વાહક દ્વારા કપાય છે.

### સેલ્ફ ઈન્ડકશન (Self Induction)

ફેરાડેના નિયમ મુજબ વાહકની અંદર emf ઉત્પગ થાય છે. એ જ રીતેજ્યારે ચુંબકીય ક્ષેત્ર નાશ પામે અને ચુંબકીય ફલક્સવાહક દ્વારા ફરીથી કપાય ત્યારે ફરી તેમાં emf ઉત્પગ થાય છે. તેસેલ્ફ ઈન્ડકશનકહે છે.

Fig 1




### મ્યુચ્યુઅલ ઇન્ડકશન (Mutual Induction)

જયારે એક સમાય ચુંબકીય ફલક્સ સાથે બે કે તેથી વધુ કોઇલ સંકળાયેલી હોય તો ત્યારે તેઓ મ્યુચ્યુઅલ ઇન્ડકશનનો ગુણધર્મ ધરાવે છે. સામાન્ય રીતે તે ટ્રાન્સફોર્મર, મોટર જનરેટર અને અન્ય કોઇ પણ ઈલેકિટ્રકલ ઘટકનો મૂળભૂત ઓપરેટીંગ સિધ્ધાંત પર કાર્ય કરે જે બીજા ચુંબકીય ક્ષેત્ર સાથે સંકળાય છે. એક કોઇલમાં વહેતો કરંટ એ તેની નજીકની બીજી કોઇલમાં વોલ્ટેજ ઉત્પગ થાય છે તેને મ્યુચ્યુઅલ ઇન્ડકશન કહે છે.

આકૃતિ 2 મુજબ L1 coil ની અંદરકરંટ પસાર થતા તે તેની આજુબાજુ ચુંબકીયક્ષેત્ર ઉત્પગ કરે છે જેમાથી અમુક ચુંબકીયક્ષેત્રની રેખા L2 કોઇલમાથી પસાર થાય છે. જેનેમ્યુચ્યુઅલ ઇન્ડકશનકહે છે. પ્રથમ કોઇલ L માથી પસાર થતોકરંટ I અને આંટાની સંખ્યા N હોય જ્યારે બીજી કોઇલ L2 માટે ના આંટાની સંખ્યા N2 હોય તો મ્યુચ્યુઅલ ઇન્ડકશનM જે બે કોઇ જેમાની એક કોઇલ L ની પોતાની સ્થિતિ અને એકબીજાની સ્થિતિ પર આધાર રાખે છે. બે કોઇલ વચ્ચેના મ્યુચ્યુઅલ ન્ડકશન M ને ટ્રાન્સફોર્મરની અંદર નરમ લોખંડ્ના ટુકડાની સ્થિતિ અને તેના પર વીંટાળેલ આંટાની સંખ્યાને આધારે ગણતરીમાં લેવાય છે.

Fig 2




MUTUAL INDUCTION BETWEEN COILS

બંને કોઇલમાં લોખંડના ટુકડાને સખ્તાઇથી બાંધવામાં આવે છે. તેમની વચ્ચે ફલકસ લીકેજને લીધે થતુ નુકસાન અત્યંત ઓછુ થઈ શકે. અ ામ, બે કોઇલ વચ્ચે ઉત્પગ થતુ યોગ્ય ફલકસ લીકેજ એ મ્યુચ્યુઅલ ઇન્ડકટન્ટ (M) ની ખાતરી આપે છે.

## ડાયનેમીકલી ઇન્ડયુસ્ડ EMF (Dynamically Induced EMF)

**જનરેટર (Generator):** વિધુત જનરેટર એ એવુ યંત્ર છે કે જે યાંત્રિક ઉર્જાનુ વિધુત ઉર્જામાં રૂપાંતર કરે છે.

જનરેટરનો સિધ્ધાંત(Principle of the generator): ઉર્જાના રૂપાંતર માટે, જનરેટર એ ફેરાડેના ઇલેક્ટ્રોમગ્નેટીક ઇન્ડક્શનના સિધ્ધાંત પર કાર્ય કરે છે.

ઇલેક્ટ્રોમેગ્નેટીક ઇન્ડક્શન ના ફેરાડેનો નિયમ: અહી બે નિયમો છે.

પ્રથમ નિયમ મુજબ

- જ્યારે કોઇ વાહક કે સર્કિટ સાથે સંકળાયેલી ચુંબકીય ફલકસ ની માત્રામા ફેરફાર થાય ત્યારે emf ઉત્પગ થાય છે.

બીજા નિયમ મુજબ:

- ઉત્પગ થતા વીજચાલક બળનું મૂલ્ય ફલકસ લીકેજનાં ફેરફારનાં દર પર આધાર રાખે છે.

**emf ના પ્રકારો (Types of emf):** ફેરાડેના નિયમ મુજબ વાહકનુ ચુંબકીય ક્ષેત્રમાં થતુ હલન ચલન અથવા સ્થિર વાહકમાં ફલકસ લીકેજના મુલ્યમાં ફેરફાર કરવાથી emf ઉત્પગ કરી શકાય છે.

**ડાયનેમીકલી ઇન્ડયુસ્ડ emf (Dynamically induced emf):** આકૃતિ3a માં બતાવ્યા મુજબ વાહકને સ્થિર ચુંબકીય ક્ષેત્રમાં ગતિ કરાવીએ ત્યારે emf ઉત્પગ થાય છે. અથવા આકૃતિ3a મુજબ ચુંબકીય ક્ષેત્રને સ્થિર વાહક પરથી પસાર કરીએ ત્યારે પણ emf ઉત્પગ થાય છે. તેને ડાયનેમીકલી ઇન્ડયૂસ્ડ emf કહે છે.

આકૂતિ 3a અને 3b મુજબ બંને કિસ્સામાં emf ઉત્પગ કરવા માટે વાહક એ બળની રેખાઓને કાપે છે. અને ઉત્પગ થતુ emf ને ગેલ્વેનોમીટર (G) ની સોયના વલણ પરથી માપી શકાય છે. આ સિધ્ધાંતનો ઉપયોગ DC અનેAC જનરેટરમાં વિધુત ઉત્પગ કરવા માટે થાય છે.

**સ્ટેટીકલી ઇન્ડયુસ્ડ emf (Statically induced emf):** આકૂતિ રમાં બતાવ્યા મુજબ સ્થિરવાહક પર ફલકસ લીકેજ ના ફેરફારને લીધે emf ઉત્પગ થાય છે. આ ઉત્પગ થતા emfને સ્ટેટીકલી ઇન્ડયુસ્ડ emf કહે છે. આકૃતિ 2 માં બતાવ્યા મુજબ કોઇલ 1 અને 2 બંને એકબીજાના સંપર્કમાં નથી અને બંને વચ્ચે કોઇ વિધુત જોડાણ નથી.

આકૂતિમાં બતાવ્યા મુજબ ત્યારે કોઇલ૧ ને બેટરી વડે સપ્લાય અ ાપવામા આવે ત્યારે કોઇલ DC માં જ્યારે સ્વીચ ને ચાલુ અથવા બંધ કરવામાં આવે ત્યારે તેમાં emf ઉત્પગ થાય છે. જો સ્વીચને કાયમી બંધ કે ચાલુ રાખવામા આવે ત્યારે કોઇલ૧ દ્વારા ઉત્પગ થતો ફલકસ અનુક્રમે સ્ટેટીક અથવા શૂન્ય થાય છે અને કોઇલ 2 માં emf ઉત્પગ થતુ નથી. DC સર્કીટની સ્વીચ દ્વારા કોઇલ 1 બંધ અથવા તો ચાલુ કરાતી હોય ત્યારે ફલકસમાં ફેરફાર થાય તોજ emf ઉત્પગ થાય છે.

આકૂતિ૪માં દર્શાવ્યા મુજબ બેટરી અને સ્વીચને વારાફરતી દૂર કરી કોઇલ 1 ને AC સપ્લાય સાથે જોડવામાં આવે છે. તેમાં જ્યાં સુધી કોઇલ 1 ને AC સાર્સ સાથે જોડવામાં આવેલ હોય તેટલા લાંબા સમય સુધી કોઇલ રમાં emf ઉત્પગ થાય છે. જે કોઇલ 1 માં અ લ્ટરનેટીગ મેગ્નેટીક ફલકસ ઉત્પગ કરે છે અને કોઇલ 2 સાથે જોડાયેલ હોય છે. આ સિધ્ધાંતનો ઉપયોગ ટ્રાન્સફોર્મરમા થાય છે.

Fig 3




Fig 4



**ડાયનેમીકલી ઈન્ડયુસ્ડ emfનુ ઉત્પાદન (Production of dynamically induced emf):** જ્યારે વાહક મેગ્નેટીક ફલકસને કાપે છે ત્યારે ડાયનેમીકલી ઈન્ડ્યુસ્ડ emf ઉત્પગ થાય છે આ emf કિસ્સામાં વાહકની સર્કિટ બંધ હોય ત્યારે જ કરંટ પસાર થાય છે.

ડાયનેમીકલી ઈન્ડયુસ્ડ emf ઉત્પગ કરવા માટે નીચેના પરીબળો જરૂરી છે.

- ચુંબકીય ક્ષેત્ર
- વાહક
- વાહક અને ચુંબકીય ક્ષેત્રની પરસ્પરની ગતિ

જ્યારે ક્ષેત્રમાં વાહક ‘V’ વેગ વડે ગતિ કરે ત્યારે ત્યારે ઉત્પગ થતુ ઈન્ડયુસ્ડ emf ‘e’

$= BLV \sin\theta$ Volts

જ્યા (where):

B = મેગ્નેટીક ફ્લક્સ ડેન્સીટી,(ટેસ્લામાં)

L = ક્ષેત્રમા વાહકની અસરકારક લંબાઈ

V = ક્ષેત્ર અને વાહક વચ્ચેનો પરસ્પરનો વેગ મીટર/સેક્ન્ડમાં

O = જ્યારે વાહક ચુંબકીય ક્ષેત્રને કાપે ત્યારે બનતો ખુણો

Fig 5




PRODUCTION OF THE SINEWAVE

તેવી જ રીતે પરીઘમાં બાકીના કંડકટની દરેક સ્થિતિ માટે ઈન્ડ્યુસ્ડ emf ની ગણતરી કરી શકાય છે. જો આ મુલ્યને આલેખમાં દર્શાવવામાં આવે, અને જ્યારે તે સમાન ચુંબકીય ક્ષેત્રના N અને S ધ્રુવ હેઠળ ફરે છે ત્યારે તે સાઈનવેવની રચના કરે છે.

સામાન્ય રી તે જ્યારે આ ઈન્ડયુસ્ડ emf ની પ્રક્રિયા અલ્ટરનેટીગ સ્વરૂપે હોય છે અને આ ઉત્પગ થતો અલ્ટરનેટીગ કરંટને ડીસી (D.C.) જનરેટરમાં કોમ્પુટેટર દ્વારા ડાયરેક્ટ કરંટમાં ફેરવવામાં અ ાવે છે.

ફ્લેમીંગના જમણા હાથનો નિયમ (Fleming right hand rule):

આ નિયમ મદદથી વાહકમાં ઉત્પગ થતા ડાયનેમીકલી ઈન્ડયુસ્ડ emf ની દિશા જાણી શકાય છે. આકુતિ 6 માં દર્શાવ્યા મુજબ જમણા હાથનો અંગુઠો (Thumb), પહેલી આંગળી (Four finger) અને બીજી આંગળી (Middle finger) ને એવી રીતે રાખીએ કે જેથી ત્રણે વચ્ચે પરસ્પર 90° ખુણો બને આમ પહેલી આંગળી ચુંબકીય ફ્લક્સની દિશા અને અંગુઠો વાહકના ફરવાની દિશા તથા બીજી આંગળીની દિશા વાહકમાં ઉતપગ થતા emf ની દિશા બતાવે છે. એટલે કે નિરીક્ષક તરફ અથવા નિરીક્ષક થી દુર હોય છે.

Fig 6



### વિદ્યુત શકિત (Electric power)

યાંત્રિક શબ્દોમાં કહીએ તો કાર્ય કરવાના દર ને પાવર કહે છે. પાવરનો એકમ watt (વોટ) છે. વિદ્યુત પરિપથમાં પણ વિદ્યુતશકિત (Electrical power) નો એકમ 1 watt છે. યાંત્રિક શબ્દોમાં કહીએ તો પદાર્થ પર 1 N નુ બળ આપતા 1 મીટર નુ અંતર 1 સેકેન્ડમાં કાપે છે. તેને 1 વોટ કહે છે. વિદ્યુત પરિપથમાં ઇલેક્ટ્રોમોટીવ ફોર્સ એ અવરોધતા પર કાબુ મેળવી કાર્ય કરે છે જયારે 1 વોલ્ટ e.m.f એ 1 એમ્પિયર કરંટ પસાર કરે તો પાવર 1 વોટ જેટલો થાય છે. કાર્ય કરવાનો દર એ સર્કીટમાં વહેતા કરંટ (I) પર આધારિત છે.

તેથી પાવર = વોલ્ટેજ x કરંટ

$P = v \times I$

પાવર (વોટમાં) = વોલ્ટેજ (વોલ્ટમા) x કરંટ (ઈમ્પિયરમા)

વિદ્યુતકાર્ય, શકિત (Electric work . energy)

વિદ્યુતશકિત (Electrival power) અને સમયના ગુણાકારને વિદ્યુત કાર્ય કહે છે

કાર્યવોટ. સેકન્ડ = પાવર વોટમાં x સમય સેકન્ડમાં

$W = P \times t$

તેથી૧ જુલ = 1watt x 1 sec જે ખુબ જ નાના એકમ છે, મોટા એકમ તરીકે 1watthour અને 1kilowatthour (1 કિલોવોટ અવર) ઉપયોગલેવાય છે.

1 w.h = 3600 watt sec

1 kwh = 1000 wh = 3600000 watt sec

Example

1 જો લેમ્પની સર્કિટમાં 0.25 એમ્પિયર કરંટ અને 240 volt વોલ્ટેજ પસાર થતોહોય તો પાવરરેટિંગ ગણો.

$P = V \times I$

V = 240 volts (વોલ્ટ)

I = 0.25 એમ્પિયર

માટે પાવર = 240 volts × 0.25 Ampere

= 60 volts ampere

પરંતુ 1 watt = 1 volt × 1 Ampere

તેથી પાવર = 60 Ampere

2 જો 15 એમ્પિયર કરંટ 10Ω અવરોધ માંથી પસાર થાય તો વપરાતો પાવર કિલોવોટમાં ગણો.

જ્યા R = 10 અને *I* = 15A

પાવર = $V \times I = I \times R \times I = I^2 R$

તો પાવર = $15^2 \times 10$ = 2250 વોટ = 2.25 kw

3 જો બલ્બને 12 કલાક ચાલુ રાખવામાં આવેલ હોય અને`વોલ્ટેજ 200 v હોય અને બલ્બ 0.91 એમ્પિયર કરંટ લે તો કાર્ય wh માં શોધો.

*I* = 0.91 amps

t = 12 hours

તેથી પાવર = V x *I* = 200 volts × 0.91 amps

= 182 watts

તેથીકાર્ય = P x t = 182 watts × 12 hours

= 2184 watt.hour

4 એક એડજસ્ટેબલ અવરોધ પર નીચે પ્રમાણ લેબલ લગાડેલુ હતુ 1.5 k ohms / 0.08 A તો તેના રેટેડ પાવર કેટલા હશે?

જ્યા R = 1.5 k ohms ; I = 0.08 A

pશોધો

V = R.I = 1500 ohms. 0.08A = 120 volts

P = V.I = 120 volts. 0.08A = 9.6W alternatively

$P = I^2 R = (0.08A)^2$. 1500 ohms = 9.6 W

5 એક વિદ્યુત ઇસ્ત્રીને 110W રેઝીસ્ટન્સ અને 220 v સપ્લાય આપવામાં આવે છેં. તો કરંટ અને પાવર શોધો.

વિદ્યુત ઇસ્ત્રીનોઅવરોધ (R) = 110 ohm

વોલ્ટેજ (Voltage) (V) = 220 volt

કરંટ (Current) (I) = $\frac{V}{R}$

= $\frac{220}{110}$ 2 એમ્પિયર

પાવર (W) = V x I

= 220 × 2

= 440 watt

6 જો 1000 w, 180 volt ના ચાર હિટરો એકબીજા સાથે શ્રેણીમાં 240 V ના સપ્લાય સાથે જોડેલા છે તેની કરંટ વહન કરવાની ક્ષમતા 15 amp છે તો કુલ પાવર શોધો.

જોડાણ = શ્રેણી

હીટરની સંખ્યા = 4

હીટરનો પાવર(w) = 1000 watt

હીટરનો વોલ્ટેજ = 180 V

સપ્લાય વોલ્ટેજ = 240 V

હિટરનો અવરોધ(R) $= \frac{V^2}{W}$

$= \frac{180 \times 180}{1000} = \frac{324}{10}$

= 32.4 ohm

કુલ અવરોધ = 32.4 x 4 = 129.6 ohm

કુલકરંટ (I) $= \frac{V}{R}$

$= \frac{240}{129.6}$ = 1.85 ampere

કુલ પાવર(w) = V x I

= 240 x 1.85 = 444 watt

7 જો 40 watt ની ફ્લોરોશન્ટ લેમ્પમાંથી 0.10 અમ્પિયરનો પ્રવાહ મળે તો તેને પ્રકશિત થવા માટેવ કેટલા વોલ્ટેજ જોઇએ ?

લેમ્પનો પાવર (w) = 40 watt

કરટં (I) = 0.10 એમ્પિયર

વોલ્ટેજ (V) $= \frac{W}{I}$

$= \frac{40}{0.1}$ = 400 volt

8 15 HP ની મોટર 15 day (દિવસ) સુધી રોજ દિવસના 6 કલાક સુધી ફરે છે. જો ઉર્જાનો ખર્ચ યુનીટના Rs. 3/- યુનિટ હોય તો કુલ ખર્ચ શોધો.

મોટરનો પાવર (w) = 15 hp

= 15 x 746 = 11190 watt

એક દિવસનો વપરાશ = 11190 x 6

= 67140 = 67.14 kwh

15 દિવસનો વપરાશ = 67.14 x 15

= 1007 kwh (અથવા) unit

એક યુનીટનો ખર્ચ = RS.3

કુલ ઊર્જાનો ખર્ચ = 3 x1007 = 3021 RS.

9 એક વિધુત ઈસ્ત્રીના રેટીંગ 220v અને 500 watt છે. સાધન અસામાન્ય રીતે ગરમ દેખાય છે.જેને ઘટાડવા માટે 10w નો અવરોધ શ્રેણીમાં જોડવામાં આવે છે તો પાવરનો વ્યય કેટલા ટકા થશે, અને શ્રેણી જોડાણનાં અવરોધમાં કેટલો પાવર વ્યય થશે?

વિધુત ઈસ્ત્રીનો પાવર (w) = 500 watt

વોલ્ટેજ (v) = 220 volt

અવરોધ (R) $= \frac{V^2}{W}$

$= \frac{220 \times 220}{500} = \frac{484}{5}$

= 96.8 ohm

પરિપથનો કુલ અવરોધ (R) = 96.8 + 10 = 106.8 ohm

કરંટ (I) $= \frac{V}{R}$

$= \frac{220}{106.8}$ = 2.06 ampere

વપરાતો પાવર (W) $= I^2 R$

= 2.02 x 2.06 x 106.8

= 453 watt

પાવરમાં ઘટડો વપરાશ = 500 - 453 = 47 watt

ટકાવારી $= \frac{47}{500} \times 100 = 9.4\%$

શ્રેણી અવરોધ દ્વારા

વપરાતો પાવર $= I^2 R$

= 2.06 × 2.06 ×10

= 42.44 watt

## અસાઈમેન્ટ (Assignment)

1 


વપરાતો કરટં

I = 0.127 A

વોલ્ટેજ÷ ‘v’=220 v

P = ______ વોટ

2 


P = 500 WATTS

I = 2.61A

V = ______ V

3 

Fig 3

P = 650 W

V = 220 V

I =_______ A

4 

Fig 4

P = 50 W

v = 200 v

R =______ w

5 

Fig 5

I = 0.455 A

R = 242 ohms

P =_______ watts

6 

Fig 6

P = 440 w

R = 22 ohms

I = ________A

7 

Fig 7

વપરાતો power P = 1.5 KW

R = 8 ohms

V =________ v

8 

Fig 8

વપરાતો I = _____ A

P = 1.5 kw

V1 = 220 V (heating element voltage)

R = _________W

9 

Fig 9

P = 100 W

I = 2 hours

ઊર્જાનો વપરાશ= ______ Kwh

10 

Fig 9

વપરાયેલ ઊર્જા

‘ W ‘ = 1 kwh

Power ‘ p ‘ = 200 w

T = ________hr

## ક્ષેત્રમાપન(Mensuration):- ચોરસ, લંબચોરસ અને સમાંતરબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ અને પરિમિતિ (Mensuration - Area and perimeter of square, rectangle and parallelogram) એક્સરસાઇઝ 1.8.39

ઍન્જીનીયરીંગ ક્ષેત્રમાં ઈજનેર ભૌમિતિક પદાર્થો તૈયાર કરવા માટે જરુરી સામગ્રી માનવ શકિત મશી નરી

વગેરેનો અંદાજ કાઢવા જરુરી હોય છે. તેથી આપણે ભૌમિતિક પદાર્થો સાથે જોડાયેલા તમામ સંબધિત સુત્રો ખૂબ જ જાણવા જરુરી છે.

| | |
|---|---|
| લંબાઇ | – l Unit |
| પહોળાઇ અથવા જાડાઇ | – b Unit |
| વિકર્ણ | – d Unit |
| વ્યાસ | – d Unit |
| ત્રિજ્યા | - r Unit |
| અર્ધપરિમિતિ | - S Unit |
| પરિમિતિ | - P Unit |
| પરિધ | - C Unit |
| ક્ષેત્રફળ | - A Unit$^2$ |
| પ્રુષ્ઠ્ફળ | - T.S.A Unit$^2$ |
| બાજુનું ક્ષેત્રફળ | - L.S.A Unit$^2$ |
| ઘનફળ | - V Unit$^3$ |

## ચોરસ Square

આ આકૃતિને વિશેષ ચાર બાજુઓ હોય છે. સામ સામેની બાજુઓ સમાંતર હોય છે. તેની ચારેય બાજુઓ સરખી

હોય છે. તેની બધી જ બાજુઓ 90˚ ખુણે ઢળેલી છે.

Fig 1




SQUARE

A = a2 (or) unit2

p = 4a

d = $\sqrt{2a}$

A = $\frac{d}{\sqrt{2}}$ Unit જયા = $\sqrt{2a}$ = 1.414

એક ચોરસ બ્રાશશીટનું ક્ષેત્રફળ શોધો. જેની પરિમિતી 31.2 cm છે

પરિમિતિ (P) = 4a = 31.2 cm

a = $\frac{31.2}{4}$ = 7.8 cm

ક્ષેત્રફળ (A) = a$^2$

= 7.8 x 7.8 = 60.84 cm$^2$

**ઉદાહરણ (Examples)**

1 એક ચોરસની બાજુંનુ માપ 18 cm છે. તો ચોરસની પરિમિતિ વિકર્ણ અને ક્ષેત્રફળ શોધો.

ચોરસની બાજુનું માપ (a) = 18 cm

પરિમિતિ (P) = 4a

= 4×18 = 72 cm

વિકર્ણ (d) = $\sqrt{2}$ x a

= $\sqrt{2}$ ×18 = 1.414 × 18

= 25.45 cm

ક્ષેત્રફળ(A) = a$^2$

= 18×18 = 324 cm$^2$

**ચોરસની પરિમિતિ = 72 cm**

**વિકર્ણ = 25.45 cm, ક્ષેત્રફળ = 324 cm$^2$**

2 જો ચોરસના વિકર્ણનું માપ 10 cm છે. તો ચોરસનું ક્ષેત્રફળ શોધો.

ચોરસનો વિકર્ણ (d) = $\sqrt{2}$ x a =૧૦ cm

બાજુ (a) = $\frac{d}{\sqrt{2}}$

ક્ષેત્રફળ (a૨ ) = $\frac{d^2}{2}$

= $\frac{10^3}{2} = \frac{100}{2}$

= 50 cm$^2$

**ચોરસનું ક્ષેત્રફળ** = 50 cm$^2$

3 એક ચોરસની પરિમિતિ 748 cm છે અને બીજા ચોરસની પરિમિતિ 336 cm છે. આ બે ચોરસનો ક્ષેત્રફળનો

સરવાળા બરાબર ત્રીજા ચોરસનું ક્ષેત્રફળ હોય તો તેની પરિમિતિ શોધો.

ચોરસની બાજુ નું માપ (a) $= \frac{\text{પરિમિતિ}}{4}$

**$1^{st}$ ચોરસ**

બાજુ (a) $= \frac{\text{1st ચોરસની પરિમિતિ}}{4}$

$= \frac{748}{4} = 187$

ક્ષેત્રફળ (A) $= a^2$

$= 187 \times 187$

$= 34.969\ cm^2$

**$2^{nd}$ ચોરસ**

બાજુ (a) $= \frac{\text{બીજા ચોરસની પરિમિતિ}}{4}$

$= \frac{336}{4} = 84cm$

ક્ષેત્રફળ (A) $= a^2$

$= 84 \times 84$

$= 7,056\ cm^2$

બે ચોરસનું કુલ ક્ષેત્રફળ $= 34,969 + 7,056$

$= 42,025\ cm^2$

બે ચોરસનું કુલ ક્ષેત્રફળ = $3^{rd}$ ચોરસનું ક્ષેત્રફળ

$3^{rd}$ ચોરસનું ક્ષેત્રફળ $= a^2 = 42,025\ cm^2$

બાજુ (a) $= \sqrt{42.025} = 250\ cm$

પરિમિતિ (P) $= 4 \times a$

$= 4 \times 205$

$= 820\ cm$

**$3^{rd}$ ચોરસની પરિમિતિ = 820 cm**

## એસાઈમેન્ટ (Assignment)

1 એક ચોરસ સ્ટીલ પ્લેટ્નું ક્ષેત્રફળ, પરિમિતિ અને વિકર્ણ શોધો, જેની બાજુનું માપ 28.1 cm

2 એક ચોરસનું ક્ષેત્રફળ શોધો. જેનો વિકર્ણ 8.5 cm બરાબર છે.

3 એક ચોરસનું ક્ષેત્રફળ શોધો. જે ચોરસની બાજુનું માપ 28 cm છે.

4 એક ચોરસનું ક્ષેત્રફળ 169 $m^2$ હોય તો તેની બાજુનુ માપ શોધો.

5 જો ચોરસના વિકર્ણનું માપ 20 cm હોય તો ચોરસનું ક્ષેત્રફળ શોધો.

6 એક ચોરસની પરિમિતિ શોધો. જેનાં વિકર્ણનું માપ 144m છે.

7 એક ચોરસ પ્લોટની પરિમિતિ 48m છે. તો તેનું ક્ષેત્રફળ શોધો.

## લંબચોરસ (Rectangle)

આ ચાર બાજુઓ વાળી આકૃતિ છે. સામેની બાજુ સમાંતર હોય છે. પાસેની બાજુઓ વચ્ચેના ખૂણા 90° ના હોય છે.

A = Area (ક્ષેત્રફળ)= લંબાઈ˙ પહોળાઇ = l.b $unit^2$

P = Perimeter (પરિમિતિ) = 2 (l + b) unit

Digonal (વિકર્ણ) S = $\sqrt{l^2 + b^2}$ unit

**ઉદાહરણો (Examples)**

1 એક લંબચોરસનું ક્ષેત્રફળ, પરિમિતિ અને વિકર્ણ શોધો. જેની લંબાઇ અને પહોળાઈ અનુક્રમે 144mm અને 60mm છે.

Area ક્ષેત્રફળ A $= l \times b\ unit^2$

$= 144 \times 60 = 8640\ mm^2$

Perimeter પરિમિતિ P = (l + b) unit

$= 2\ (144 + 60)$

$= 2 \times 204 = 408$ mm

Diagonal (વિકર્ણ) = d = $\sqrt{l^2 + b^2}$ unit

$= \sqrt{144^2 + 60^2}$

$= \sqrt{20736 + 3600}$

$= \sqrt{24336} = 156mm$

2 એક લંબચોરસની પરિમિતિ 42cm જેટલી છે. જો તેની પહોળાઇ 9cm હોય તો લંબચોરસની લંબાઇ શોધો.

P = 42c.m

b = 9 cm

l = ?

P = 2(l+b) = 42

2( l + 9) = 42

$l + 9 = 42 / 2$

$l + 9 = 21$

$l = 21 - 9$

$l = 12$ c.m

3 એક લંબચોરસની પરિમિતિ 48cm છે અને લંબાઇ તેની પહોળાઇ કરતા 4cm વધારે છે. તો લંબચોરસની લંબાઇ અને પહોળાઇ શોધો.

P = 48cm

b = x

l = x + 4

2(l+b) = રિમિતિ

2(x+4+x) = 48

2(2x+4) = 48

4x+8 = 48

4x = 48 - 8

$x = \frac{40}{4} = 10$

$x$ = પહોળાઈ= 10 cm.

લંબાઈ = $x$ + 4 = 10 + 4 = 14 cm.

4 1000cm x 500cm માપ ધરાવતી શીટમાંથી 50 cm x 20 cm માપ સાઈઝનાં કેટલા લંબચોરસ ટુકડા કાપી શકાય.

શીટની સાઈઝ =1000 cm x 500 cm

કાપવાના થતા લંબચોરસ ટુકડાનાં માપ = 50 cm x 20 cm

લંબાઈ મુજબ કાપવાના થતા ટુકડાની સંખ્યા $= \frac{1000}{50} = 20$

પહોળાઈ મુજબ કાપવાના થતા ટુકડાની સંખ્યા $= \frac{500}{20} = 25$

કુલ કાપવાના થતા ટુકડાની સંખ્યા = 20 x 25

**= 500**

5 એક લંબચોરસની પરિમિતિ 320 મીટર છે. તેની બે બાજુઓના માપના ગુણોત્તર 5:3 હોય તો લંબચોરસનું ક્ષેત્રફળ શોધો.

ગુણોત્તર (Ratio) = 5:3 = l : b

લંબાઈ (legth) = $5x$

પહોળાઈ (breath ) = $3x$

2 (l + b) = પરિમિતિ

2 ($5x$ + $3x$) = 320

2 ($8x$) = 320

$16x$ = 320

$x = \frac{320}{16} = 20$

l = $5x$ = 5 x 20 = 100 m

b = $3x$ = 3 x 20 = 60 m

ક્ષેત્રફળ (A) = l x b

= 100×60

= 6000 $m^2$

## એસાઈમેન્ટ (Assignment)

1 એક લંબચોરસ પ્લોટનું ક્ષેત્રફળ શોધો. જેની બાજુઓ અનુક્રમે 24 મીટર અને 20 મીટર છે. તો તે પ્લોટની પરિમિતિ પણ શોધો.

2 65cm×30cm માપના બ્રાસ શીટમાંથી 5cm x 4cm માપના કેટલા લંબચોરસ ટુકડા મેળવી શકાય.

3 જો લંબચોરસની પરિમિતિ 400 metres અને તેની લંબાઈ 140 metres હોય તો, પહોળાઈ અને ક્ષેત્રફળ શોધો.

4 જો લંબચોરસની સામસામેની બાજુઓ 64cm અને 25cm છે. તો તેનું ક્ષેત્રફળ શોધો.

5 જો લંબચોરસનું ક્ષેત્રફળ 224$cm^2$ અને તેની લંબાઈ 16cm હોય તો, લંબચોરસની પહોળાઈ શું હશે?

6 એક લંબચોરસની બાજુઓ 16cm અને 12cm છે. તો વિકર્ણની લંબાઈ શું હશે?

7 એક લંબચોરસની પરિમિતિ 100cm અને લંબાઈ અને પહોળાઈનો ગુણોત્તર 3:2 હોય તો લંબચોરસનું ક્ષેત્રફળ શોધો.

## સમાંતરબાજુ ચતુષ્તુકોણ (Parallelogram)

આ પણ ચાર બાજુઓ વાળી આકૃતિ છે. સામ સામેની બાજુઓ એકબીજાને સમાંતર હોય છે.

Fig 2



સમાંતરબાજુ ચતુષ્તુકોણનુ ક્ષેત્રફળ = પાયો x ઉંચાઈ

અથવા $= 2\times \sqrt{s(s-a)(s-b)(s-c)}$

જ્યાં

$$s = \frac{a+b+c}{2}$$

a,b અને c પાસપાસેની બાજુઓ છે.

P = 2(a+b)

**ઉદાહરણ (Examples)**

1 ઍ સમાંતર બાજુ ચતુર્ષ્ત્રૌણનો પાાો અને ઉંચાઈ અનુક્રમે 7.1cm અને 2.85 cm છે. તો તેનું ક્ષેત્રફ્ળની ગણતરી ॅરો.

ક્ષેત્રફ્ળ A = પાાો x ઉંચાઈ $(unit)^2$

= 7.1 x 2.85

**= 20.235 cm²**

2 ઍ સમાંતર બાજુ ચતુર્ષ્ત્રૌણની ઉંચાઈ શોધો.ॅ જેનુ ક્ષેત્રફ્ળ ૨૦cm૨ અને પાાો 10cm છે.

ક્ષેત્રફ્ળ (A) = પાાો ˙ ઉંચાઈ (unit)2

ઉંચાઈ (h) = $\frac{\text{ક્ષેત્રફ્ળ}}{\text{પાાો}}$

$= \frac{20}{10}$

= 2 cm

3 એક સમાંતરબાજુ ચતુષ્કોણની બે બાજઓ 12 CM અને 8 છે. CM વિકર્ણ 10 cm લાંબો છે. સમાંતરબાજુનું ક્ષેત્રફળ શોધો.

$A = 2\times \sqrt{s(s-a)(s-b)(s-c)}$

$S = \frac{a+b+c}{2}$

$= \frac{12+8+10}{2}$

$= \frac{30}{2}$

= 15

$A = 2 \text{ x } \sqrt{15(15-12)(15-8)(15-10)}$

$= 2\times \sqrt{15x3x7x5}$

$= 2\times \sqrt{1575}$

= 2 × 39.686

= 79.37 cm2

## એસાઈમેન્ટ (Assignment)

1 એક સમાંતરબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ શોધો. જો તેનો પાયો અને ઉંચાઇ અનુક્રમે 8.1 cm અને 30.8 cm છે.

2 એક સમાંતરબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ શોધો. જો સમાંતરબાજુ ચતુષ્કોણ આકારના ક્ષેત્રની બાજુઓ 12 m અને 17 m અને એક કર્ણ 25 m છે.

3 એક સમાંતરબાજુ ચતુષ્કોણનો પાયો શોધો. જેની ઉંચાઈ 12 cm ઉંચાઇ અને ક્ષેત્રફળ 120 cm² છે.

4 એક સમાંતરબાજુ ચતુષ્કોણની ઉંચાઇ શોધો. જેનો પાયો 40 cm અને ક્ષેત્રફળ 320 cm² છે.

5 જો સમાંતર બાજુ ચતુષ્કોણ આકારની જમીનની બાજુઓ અનુક્રમે 24 m અને 28 m હોય અને એક કર્ણ 30 m હોય તો ક્ષેત્રફળ શોધો.

6 જો પાયો 10 cm અને બીજી બાજુ 5 cm હોય તો સમાંતર બાજુ ચતુષ્કોણ ની પરિમિતિ શું છે?

7 એક સમાંતર બાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ શોધો. જો તેનો પાયો અને ઉંચાઇ 25 cm અને 12 cm છે.

8 જો ઉંચાઇ 15 cm અને ક્ષેત્રફળ 150 cm² હોય તો સમાંતરબાજુ ચતુષ્કોણનો પાયો શોધો.

9 જો બાજુ 5 cm, વિકર્ણ 8 cm અને વિકર્ણ એક બીજાને કાટખુણે દ્વિભાજન કરે છે. તો સમાંતરબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ શોધો.

10 એક સમાંતર બાજુ ચતુષ્કોણની ઉંચાઇ શોધો. જો તેના પાયાનું માપ 80 cm અને ક્ષેત્રફળ 640 cm² હોય.

11 એક સમાંતરબાજુ ચતુષ્કોણ ક્ષેત્રફળ શોધો. જો તેનો પાયો અને ઉંચાઇ 15 cm અને 8 cm છે.

12 સમાંતરબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ અને પરિમિતિની ગણતરી કરો. જો પાયો, ઉંચાઇ 12.7 cm, 5.5 cm અને બીજી બાજુ 6.5 cm છે.

13 સમાંતર બાજુ ચતુષ્કોણની ઊંચાઇ શોધો. જો ક્ષેત્રફળ 20 cm² અને પાયો 10 cm છે.

### ત્રિકોણ (Triangle)

ટ્રાય (Tri) એટલે ત્રણ, ટ્રાય એંગલ એટ્લે ત્રણ ખુણાઓવાળી અ ાકૃતિ ત્રણ ખૂણાઓની આકૃતિની રચના માટે ત્રણ બાજુઓ હોવી જોઈએ. ત્રિકોણ એટલે ત્રણ બાજુઓની આકૃતિ કોઈ પણ ત્રિકોણના ત્રણ ખુણાઓનો સરવાળો =180˚

### i કોઈ પણ ત્રિકોણ (Any Triangle)

Fig 1




TRIANGLE

WSCN184011

કોઈ પણ ત્રિકોણનું ક્ષેત્રફળ = $\frac{1}{2}$ પાયો x ઊંચાઈ $unit^2$

### ii સમદ્વિબાજુ ત્રિકોણ (Iscoscales Triangle)

આ ત્રિકોણમાં કોઈ પણ બે બાજુઓ સરખી હોય છે.

Fig 2




ISOSCELES TRIANGLE

WSCN184012

સમદ્રિબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ= $\frac{1}{2}$ પાયો x ઊંચાઈ

જ્યાં,

પાયો = 2.b

S = સરખી બાજુઓમાંની એક અથવા સ્લેન્ટ ઊંચાઇ

h = ઊંચાઈ = $\sqrt{s^2 - b^2}$

સમદ્વિબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ = $\frac{1}{2} \times 2b \times \sqrt{s^2 - b^2}$

$= b . \sqrt{s^2 - b^2}$ $unit^2$

(જ્યાં b = પાયાનું અડધુ માપ)

અથવા સમદ્વિબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ = $\frac{1}{4} b\sqrt{4a^2 - b^2}$ $unit^2$

a = સરખી બાજુઓ

b = પાયો

### iii સમબાજુ ત્રિકોણ (Equilaterial Traingle)

આ ત્રિકોણમાં ત્રણે બાજુઓ સરખી હોય છે. આથી પાસેની બાજુો વચ્ચેનાં ખૂણાઓ સરાખા હોય છે. 60˚ ( કારણકે ત્રણ ખૂણાઓનો સરવાળો = 180

બાજુઓ વચ્ચેનો ખૂણો = $\frac{180}{3}$ = 60˚

Fig 3




EQUILATERAL TRIANGLE

WSCN184013

સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ = $\frac{\sqrt{3}}{4}$ બાજુ²

$= \frac{\sqrt{3}}{4}$ $a^2$ $unit^2$

જ્યાં $\sqrt{3}$ = 1.732

P = 3a unit

P = $\frac{\sqrt{3}}{2}$ a unit

### iv વિષમબાજુ ત્રિકોણ (Scaler Traingle)

આ ત્રિકોણમાં બાજુઓ સરખી હોતી નથી. આ ઉપરાંત બાજુએ વચ્ચેના ખુણાઓ પણ સરખા હોતા નથી. આથી આપણે તેને વિષમબાજુ ત્રિકોણ કહીએ છીએ.

Fig 4




SCALENE TRIANGLE

WSCN184014

ત્રિકોણનું ક્ષેત્રફળ = $\sqrt{s(s-a)(s-b)(s-c)}$ unit૨

જ્યાં

a,b,c ત્રિકોણની બાજુઓ,

s = અર્ધપરિમિતિ = $\frac{a+b+c}{2}$ unit

**v કાટકોણ ત્રિકોણ (Right angle Triangle)**

આ ત્રિકોણમા બે પાસેની  બાજુઓ વચ્ચેનો ખૂણો 90˚ હોય છે. કાટખૂણો એટલે કે નેવુ અંશ (90˚) આ કારણેં કાટકોણ ત્રિકોણ એટ્લે કે જે ત્રિકોણનો એક ખૂણો ચોક્કસપણેં  90˚ હોય છે.

કાટકોણ ત્રિકોણનું ક્ષેત્રફળ

$$= \frac{1}{2} \text{ x પાયા x ઊંચાઇ}$$

$$= \frac{1}{2} \text{ bh unit}^2$$

Fig 5




RIGHT ANGLED TRIANGLE

કર્ણ (Hypotenuse) = $\sqrt{\text{પાયો}^2 + \text{ઊચાઈ}^2}$

કર્ણ એટલે કે કાટકોણ ત્રિકોણનો વિકર્ણ અથવા તો સૌથી મોટી બાજુ

**ઉદાહરણ (Examples)**

1 એક ત્રિકોણનો પાયો અને ઊચાઇ  અનુક્મે 10 cm અને ૩.૫ cm છે તો ક્ષેત્રફળની ગણતરી કરો.

પાયો (b) = 10 cm

ઊચાઇ (h) = 3.5 cm

ક્ષેત્રફળ (A) = ?

$$A = \frac{1}{2} \times b \times h$$

$$= \frac{1}{2} \times 10 \times 3.5$$

$$\mathbf{= 17.5\ cm^2}$$

2 ત્રિકોણના પયાની ગણતરી કરો. જેનુ ક્ષેત્રફળ 15 cm² અને ઊચાઇ 3.5 cm છે.

ક્ષેત્રફળ (A) = 15 cm²

ઊચાઇ (h) = 3.5 cm

પાયો (b) = ?

$$\frac{1}{2} \cdot b \cdot h = A$$

$$\frac{1}{2} \text{ x b x } 3.5 = 15$$

$$b = \frac{\sqrt{15x2}}{3.5}$$

$$\mathbf{= 8.57\ cm}$$

3 ત્રિકોણના ઊંચાઇની ગણતરી કરો. તેનુ ક્ષેત્રફળ 60cm² છે. અને પાયો 10 cm છે.

ક્ષેત્રફળ (A) = 60 Cm²

પાયો (B) = 10 Cm

ઊંચાઇ (h) = ?

$$\frac{1}{2} \times b \times h = A$$

$$\frac{1}{2} \times 10 \times h = 60$$

$$h = \frac{60x2}{10}$$

ઊંચાઇ h = 12 cm

4 એક સમદ્વિબાજુ ત્રિકોણના પાયાની લંબાઈ 6 cm અને બાકીની બાજુઓની લંબાઈ 5 cm છે.

Fig 6




ISOSCELES TRIANGLE

પાયો (b) = 6cm = $\frac{6}{2}$ = 3 cm

સરખી બાજુઓ<br>અથવા સ્લેન્ટ હાઇટ 's' = 5 cm

ક્ષેત્રફળ (A) = ?

$$A = b \text{ x } \sqrt{s^2 - b^2}$$

$$= 3 \text{ x } \sqrt{5^2 - 3^2}$$

$$= 3 \text{ x } \sqrt{25 - 9}$$

$$= 3 \text{ x } \sqrt{16}$$

$$= 3 \text{ x } 4$$

$$= 12\ cm^2$$

અથવા

$$A = \frac{1}{4} \text{x } b\sqrt{4a^2 - b^2}$$

$$= \frac{1}{4} \text{x } b\sqrt{4x5^2 - 6^2}$$

$$= \frac{1}{4} \text{x } 6x8$$

$$= 12\ cm^2$$

5 જો સમદ્વિબાજુ ત્રિકોણનો પાયો 200 mm અને તેનું ક્ષેત્રફળ 2000 mm² હોય તો તેની ઊંચાઇ શોધો.

પાયો = 200 mm

ક્ષેત્રફળ = 2000 mm²

h = ?

Fig 7




ISOSCELES TRIANGLE

$\frac{1}{2}$ x b x h = A

$\frac{1}{2}$ x 200 x h = 2000

h = $\frac{2000 \times 2}{200}$

= 20 mm

6 એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો જેની બાજુનું માપ ૫ cm છે.

ક્ષેત્રફળ = $\frac{\sqrt{3}}{4}$ a² unit²

= $\frac{1.732}{4}$ x 5 x 5

= 10.825 cm2

7 જો એક સમબાજુ ત્રિકોણની બાજુનું માપ ૫૫mm લાંબી હોય તો તેની પરિમિતિ શોધો.

બાજુ = 55 cm

પરિમિતિ = ?

P = 3a unit

= 3 x 55

=165 mm

8 ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો. જેની બાજુઓ ૯cm, 10 cm અને 12 cm છે.

અર્ધપરિમિતિ = $\frac{a+b+c}{2}$ unit

= $\frac{9+10+12}{2} = \frac{31}{2}$

= 15.5 cm

ક્ષેત્રફળ (A) = $\sqrt{s(s-a)(s-b)(s-c)}$

= $\sqrt{15.5(15.5-9)(15.5-10)(15.5-12)}$

= $\sqrt{15.5 \times 6.5 \times 5.5 \times 3.5}$

= $\sqrt{1939.7375}$

= 44.03 cm²

9 એક ત્રિકોણકાર ધાતુના પ્લેટ ની બાજુઓનું માપ 60 cm, 50 cm અને 20 cm છે. તો તેની બંને છે. તો તેની બંને બાજુોની પોલિસ કરવાનો ખર્ચ શોધો. (100 cm² દીઠ રુ 1.35 છે.)

અર્ધ પરિમિતિ = $\frac{a+b+c}{2}$ unit

= $\frac{160+50+20}{2} = \frac{130}{2}$

= 65 cm

ક્ષેત્રફળ (A) = $\sqrt{s(s-a)(s-b)(s-c)}$ unit²

= $\sqrt{65(65-60)(65-50)(65-20)}$

= $\sqrt{65 \times 5 \times 15 \times 45}$

= 468.4 cm2

બે બાજુઓનું પોલિશ કરવાનું ક્ષેત્રફળ = 2 x 468.4

= 936.8 cm2

100 cm² દીઠ પોલિશ કરવાનુ ખર્ચ = રુ. 1.35

936.8 cm² થતો પોલિશ કરવાનો ખર્ચ = $\frac{936.8}{100} \times 1.35$

= રુ. 12.65

10 કાટકોણ ત્રિકોણનો પાયો ૨૦ cm અને ઊંચાઈ 8 cm હોય તો ત્રિકોણનુ ક્ષેત્રફળ શોધો.

પાયો (b) = 20 cm

સરખી બાજુ અથવા

સ્લેન્ટ ઊંચાઈ = 8 cm

ક્ષેત્રફળ (A) = ?

ક્ષેત્રફળ (A) = $\frac{1}{2}$ પાયો x ઊંચાઈ unit૨

= $\frac{1}{2}$ x 20 x 8

**= 80 cm²**

11 જો કાટકોણ ધરાવતી બાજુઓ 10.5 cm અને 8.2cm હોય તો કાટ્કોણ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.

ક્ષેત્રફળ (A) = $\frac{1}{2}$ પાયો x ઊંચાઈ unit૨

= 1 x 10.5 x 8.2

= 40.05 cm²

12 જો કાટકોણ ત્રિકોણનુ ક્ષેત્રફળ 19.44m2 અને તેનીબાજુનું માપ 5.4m છે. તો ત્રિકોણની ઊંચાઇ ગણતરી કરો.

$\frac{1}{2}$ x પાયો x ઊંચાઇ unit² = ક્ષેત્રફળ A

$$\frac{1}{2} \times 5.4 \times h = 19.44$$

$$h = \frac{19.44 \times 2}{5.4}$$

$$= 7.2 \text{ m}$$

13 જો કાટકોણ ત્રિકોણનું ક્ષેત્રફળ 15 cm², તેની ઊંચાઇ 3.5 cm છે. તો પાયાની ગણતરી કરો.

$\frac{1}{2}$ x પાયો x ઊંચાઇ Unit² = ક્ષેત્રફળ A

$$\frac{1}{2} \times 3.5 \times h = 15$$

$$b = \frac{15 \times 2}{3.5}$$

$$= 8.57 \text{ m}$$

**પાયથાગોરસનો નિયમ (Pythagoras theorem)**




Fig 8 PYTHAGORAS THEOREM

એક કાટકોણ ત્રિકોણમાં કર્ણ સાથે દોરેલા ચોરસનું ક્ષેત્રફળ અન્ય બે બાજુઓથી દોરેલા ચોરસનાં ક્ષેત્રફળના સરવાળા બરાબર છે.

$\angle B = 90^\circ$

AC = કર્ણ

AB & (અને) BC = પાસપાસેનીબાજુઓ

પાયથાગોરસનો નિયમ પ્રમાણ

$$AC^2 = AB^2 + BC^2$$

$$AC = \sqrt{AB^2 + BC^2}$$




Fig 9 PYTHAGORAS THEOREM

1 એક કાટ્કોણ ત્રિકોણનાં પાયાનું માપ 5 cm અને ઊંચાઈ 12 cm હોય, તો કર્ણની ગણતરી કરો.




Fig 9 PYTHAGORAS THEOREM

પાયથાગોરસનાં નિયમ પ્રમાણે

$$AC^2 = AB^2 + BC^2$$

$$= 12^2 + 5^2$$

$$= 144 + 25$$

$$= 169$$

$$AC = \sqrt{169}$$

$$= 13 \text{ cm}$$

2 એક કાટકોણ ત્રિકોણનાં કર્ણની લંબાઇ કેટલી છે.જ્યાં કાટ્ખૂણાવાળી બાજુઓનું માપ 10cm અને 12 cm છે.




Fig 10 PYTHAGORAS THEOREM

પાયથાગોરસનાં નિયમ પ્રમાણે

$$AC^2 = AB^2 + BC^2$$

$$= 10^2 + 12^2$$

$$= 100 + 144$$

$$= 244$$

$$AC = \sqrt{244}$$

$$= 15.62 \text{ cm}$$

3 એક કાટકોણ ત્રિકોણની ઊંચાઈ શોધો.જેનો પાયો 15 cm અને કર્ણ 21 cm છે.

પાયથાગોરસનાં નિયમ પ્રમાણે

$AB^2 + BC^2 = AC2$

Fig 11




PYTHAGORAS THEOREM

$AB^2 + 15^2 = 21^2$

$AB^2 = 441-225$

$= 216$

$AB = \sqrt{216}$

$=14.7cm$

## એસાઈમેન્ટ (Assignment)

**I**

1 એક ત્રિકોણના પાયાનું માપ અને તેની ઊંચાઇ અનુક્રમે 85.4 mm અને 29 mm  તો તેનું ક્ષેત્રફળ શોધો.

2 એક ત્રિકોણનું ક્ષેત્રફળ 30.59 cm તેનો પાયો 10 cm તો તેની ઊચાઇ શોધો.

3 એક ત્રિકોણનું ક્ષેત્રફળ 80 $cm^2$ અને ઊંચાઇ 8cm છે. તો ત્રિકોણનાં પાયાની ગણતરી કરો.

4 એક ત્રિકોણની ઊંચાઇની ગણતરી કરો.જેનું ક્ષેત્રફળ 160 cm ૨અને પાયો 20 cm છે.

**II**

1 એક સમદ્વિબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો .જેના પાયાની લંબાઇ 16 cm અને તેની અન્ય બે બાજુઓની લંબાઇ 10 cm છે.

2 એક સમદ્વિબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.જેના બાજુ 7cm અને પાયો 5 cm છે.

3 એક સમદ્વિબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.જેની બાજુ 10 cm અને પાયો 8cm છે.

**III**

1 એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.જેનો પાયો 2.8cm છે.

2 એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.જેની દરેક બાજુઓ 8 cm છે.

3 એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.જેની એક બાજુ 64mm છે.

4 એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.જેની બધી બાજુઓ સરખી અને ત્રણે બાજુઓનો સરવાળો 12 cm છે.

**IV**

1 એકત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.જેની બાજુઓ 6 cm, 7 cm અને 9 cm છે.

2 જો એકત્રિકોણની બાજુઓ 3 cm, 4 cm અને 6 cm છે. ત્રિકોણનું ક્ષેત્રફળની ગણતરી કરો.

3 એક ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.જેની બાજુઓ 20 cm, 16 cm અને 10 cm છે.

4 જો એક ત્રિકોણની ત્રણ બાજુઓ અનુક્રમે 5 mm, 12 mm અને 13 mm છે.તો ત્રિકોણનું ક્ષેત્રફળ અને પરિમિતિ શોધો.

5 જો એક ત્રિકોણની બાજુઓ અનુક્રમે 15 mm, 17 mm અને 8 mm છે. તો ત્રિકોણનું ક્ષેત્રફળ અને પરિમિતિ શોધો.

**V**

1 એક કાટકોણ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો જેનો પાયો 15 cm અને લંબ ઊંચાઇ 21cm છે.

2 એક કાટકોણ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.તેનો પાયો 60mm અને ઊંચાઇ 75mm છે.

3 એક કાટકોણ ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.કાટ્ખૂણાવાળી બાજુઓ ૧૩.૭ cm અને ૯.૨cm

4 એક ત્રિકોણની ઊંચાઇની ગણતરી કરો.જેનું ક્ષેત્રફળ 60$cm^2$ અને પાયો 10cm છે.

5 એક ત્રિકોણની ઊંચાઇની ગણતરી કરો.જેનું ક્ષેત્રફળ 160 $cm^2$ અને પાયો 20cm છે.

6 એક ત્રિકોણનું ક્ષેત્રફળ 80 $cm^2$ અને ઊંચાઇ 8cm છે. તેનાં પાયાની ગણતરી કરો.

**IV**

1 એક કાટકોણ ત્રિકોણમાં બે નાની બાજુઓ 30cm અને 40cm છે.તેની ત્રીજીબાજુની લંબાઇ શું છે.

2 એક કાટકોણ ત્રિકોણાકાર ફ્રેમનો પાયો 60cm અને ઊંચાઇ 18cm હોય તો કર્ણની લંબાઇ શોધો.

3 એક સમબાજુ ત્રિકોણની બાજુનું માપ 60cm હોય તો તેની ઊંચાઇ શોધો.

4 જો કાટકોણ ત્રિકોણ ABC માં AB = 15cm અને BC = 17cm હોય તો AC ની લંબાઇ શોધો.

5 એક કાટકોણ ત્રિકોણ ABC માં AB = 30cm, BC = 40 cm તો AC ની લંબાઇ શોધો.

6 એક કાટકોણ ત્રિકોણના પાયાનું માપ 20cm અને કર્ણ 30cm છે.તો તેની ઊંચાઇ શોધો.

# ક્ષેત્રમાપન (Mensuration)- વર્તુળ, અર્ધ-વર્તુળ, વર્તુળાકાર રીંગ, વર્તુળ નો સેક્ટર (વૃતાંશ), ષષ્ટ્કોણ અને લંબગોળ (elipse) (Mensuration - Area and perimeter of circle, semi-circle, circular ring, sector of circle, hexagon and ellipse) એક્સરસાઈઝ 1.8.41

**વર્તુળ (Circle)**

તે એક બિંદુનો માર્ગ છે. જે તેના કેન્દ્રથી હંમેશા સમાન હોય છે. તેને વર્તુળ કહેવામાં આવે છે.

r = વર્તૂળની ત્રિજયા

d = વર્તૂળનો વ્યાસ

$\pi = \frac{22}{7} = 3.14$

વર્તુળનું ક્ષેત્રફળ = $\pi r^2$

Fig 1




PROPERTIES OF CIRCLE

(અથવા) = $\frac{\pi}{4} d^2$ unit²

વર્તુળનો પરિધ $2\pi r$ (અથવા) $\pi d$ unit

**ઉદાહરણ (Examples)**

1 એક વર્તુળની ત્રિજયા 1.54m છે. તેનું ક્ષેત્રફળ અને પરિધ પણ શોધો.

ત્રિજ્યા r = 1.54 m

ક્ષેત્રફળ A = ?

પરિધ C = ?

A $= \pi r^2$ unit²

$= \frac{22}{7} \times 1.54 \times 1.54$

= 7.4536m2

C $= 2\pi r$ Unit

$= 2 \times \frac{22}{7} \times 1.54$

= 9.68 m

2 એક વર્તુળાકાર જમીનનું ક્ષેત્રફળ 616 m2 હોય તો તેનો પરિધ શોધો.

A $= \pi 2$ unit²

$r^2 = \frac{616}{p}$

$= \frac{616 \times 7}{22}$

= 196

r $= \sqrt{196}$

= 14m

C $= 2\pi r$ Unit

$= 2 \times \frac{22}{7} \times 14$

= 88 m

3 એક વાયર ૪૯ cm ની ત્રિજ્યાવાળા વર્તૂળાકાર સ્વરૂપમાં છે. જો તેને ચોરસ આકારમાં વાળી શકીએ તો ચોરસની બાજુનું માપ શોધો.

વર્તૂળની ત્રિજયા = 49 cm

ચોરસની બાજુ = ?

ચોરસની પરિમિતિ = વર્તુળનો પરિધ

$4a = 2\pi r$

$4a = 2 \times \frac{22}{7} \times 49$

4a = 308

$a = \frac{308}{4}$

= 77 cm

4 એક વર્તૂળનો પરિધ અને વ્યાસનો તફાવત 28 cm હોય, તો તેની ત્રિજ્યા શોધો.

પરિધ – વ્યાસ = 28 cm

$2\pi r - d = 28$

$2\pi r - 2r = 28$

$2r(\pi - 1) = 28$

$2r(\frac{22}{7} - 1) = 28$

$2r(\frac{22-7}{7}) = 28$

$2r \times \frac{15}{7} = 28$

$r = \frac{28 \times 7}{15 \times 2}$

= 6.53 cm.

5 એક 50 cm વ્યાસ વાળા વર્તુળ માંથી કેટલી મોટી બાજુ વાળો ચોરસ કાપી શકાય?

ચોરસનો વિકર્ણ = વર્તુળનો વ્યાસ

$\sqrt{2}a = 50$

$a = \frac{50}{\sqrt{2}}$

$= \frac{50}{1.414}$

= 35.36 cm

6 નીચે આપેલ આકૃતિનું ક્ષેત્રફળ ગણો

Fig 2




PROPERTIES OF CIRCLE

લંબચોરસનું ક્ષેત્રફળ = lb $unit^2$

$= 25 \times 20\ cm^2$

$= 500\ cm^2$

દ્રિસમાંતર બાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ $= \frac{1}{2} \times (a + b)\ h$

$= \frac{1}{2} \times (30 + 20)\ 16\ cm^2$

$= \frac{1}{2} \times 50 \times 16\ cm^2$

$= 400\ cm^2$

અર્ધવર્તુળનું ક્ષેત્રફળ $= \frac{\pi r^2}{2}\ unit^2$

$= \pi \times 15^2 \times \frac{1}{2}\ cm^2$

$= 353.57\ cm^2$

આકૃતિ નું ક્ષેત્રફળ = 500 + 400 + 353.57

**= 1253.57 cm²**

7 જો 16 cm x 12 Cm લંબચોરસ સ્ટીલ પ્લેટમાં 4 Cm વ્યાસ વાળા 6 છિદ્ર (Holes) છે. તો બાકી રહેલી સ્ટીલ પ્લેટનું ક્ષેત્રફળશોધો.

લંબચોરસ પ્લેટનું ક્ષેત્રફળ = લંબાઈ x પહોળાઈ $unit^2$

= 16 × 2

$= 192\ Cm^2$

Hole (છિદ્ર) ની સંખ્યા = 6

Hole ની ત્રિજ્યા = 2 Cm

Holes નું ક્ષેત્રફળ $= 6 \times \pi r^2 Unit^2$

$= 6 \times \frac{22}{7} \times 2 \times 2\ unit^2$

$= 75.43\ Cm^2$

બાકી રહેલી પ્લેટનું ક્ષેત્રફળ = 192 - 75.43

**= 116.57 Cm²**

## અર્ધવર્તુળ (Semi circle)

અર્ધવર્તુળ એ એક ક્ષેત્ર છે. જેના કેન્દ્રિય કોણ 180°છે.

અર્ધવર્તુળની ચાપની લંબાઇ

ચાપની લંબાઇ l $= 2\pi r \times \frac{180}{360}$

$= 2\pi r \times \frac{1}{2}$

$= \pi r$ unit

અર્ધવર્તુળનું ક્ષેત્રફળ $= \frac{\pi r^2}{2}$ Sq. unit

Fig 3




SEMI CIRCLE

અર્ધવર્તુળની પરિઘ (પરિમિતિ) $= \frac{2\pi r^2}{2} + 2r$

$= \pi r + 2r$

$= r(\pi + 2)$ Unit

**ઉદાહરણ (Example)**

1 6 Cm ત્રિજ્યાવળા અર્ધવર્તૂળનો પરિઘ અને ક્ષેત્રફળની ગણતરી કરો .

ત્રિજ્યા = 6 Cm

ક્ષેત્રફળA = ?

પરિઘC = ?

$A = \frac{\pi r^2}{2}\ unit^2$

$= \frac{22}{7} \times \frac{1}{2} \times 6^2$

ક્ષેત્રફળ (A) $= \frac{22}{7} \times \frac{1}{2} \times 36$

$= \frac{396}{7}$ = 56.57 cm2

અર્ધવર્તુળની પરિમિતિ $= 6\ \frac{22}{7} \times 2$

$= 6\left(\frac{22+14}{7}\right)$

$= 6 \times \frac{36}{7}$

$= \frac{216}{7}$

**= 30.86 cm**

2 એક આપેલ આકૃતિ એક સ્ટીલ પ્લેટ ABCD છે. તેમાંથી ગેસ કટીંગ દ્વારા 50 mm વ્યાસવાળો અધ વતુ ળ બનાવવામાં આવે છે. વેસ્ટ થતી પ્લેટનું ક્ષેત્રફળ શોધો.

Fig 4




SEMI CIRCLE

પ્લેટની લંબાઇ AB = 100 mm

પહોળાઇ BC = 50 mm

ત્રિજ્યા = 50 mm

$= lb - \frac{\pi r^2}{2}$

$= 100 \times 50 - \frac{22 \times 50 \times 50}{7 \times 2}$

= 5000 -3928.57

**= 1071.43 mm2**

## વતુળાકાર રીંગ (Circular ring - પોલો વતુળ)

Fig 5




CIRCULAR RING

R = વતુળાકાર રીંગનો બહારનો વ્યાસ

r = વતુળાકાર રીંગનો અંદરનો વ્યાસ

વતુળાકાર રીંગનું ક્ષેત્રફળ = $\pi (R^2 - r^2)$ unit$^2$

અથવા

A = $\pi (R + r) (R - r)$ unit$^2$

1 17 cm બહારનો વ્યાસ અને 14 cm અંદરનો વ્યાસવાળા પાઇપના ક્રોસ સેક્શનનું ક્ષેત્રફળની ગણતરી કરો.

આપેલ:

પાઇપનો બહારનો વ્યાસ = 17 cm

પાઇપની બહાર ની ત્રિજ્યા (R) = $\frac{17}{2}$ = 8.5 cm

પાઇપનો અંદરનો વ્યાસ = 14 cm

પાઇપનો અંદરની ત્રિજ્યા (R) = $\frac{14}{2}$ = ૭ cm

શોધવું:

પાઇપના ક્રોસ સેક્શનનું ક્ષેત્રફળ = ?

ઉકેલ (Solution):

પાઇપના ક્રોસ સેક્શનનું ક્ષેત્રફળ = ϖ(R+r)(R−r) Unitર

$= \pi (8.5 + 7) (8.5 - 7)$ unit$^2$

$= \frac{22}{7} \times 15.5 \times 1.5$cm2

**= 73 cm$^2$**

2 જો બે કેન્દ્રિત વતુ□ળનાં પરિઘ 134cm અને 90cm હોય તો વતુ□ળાકાર રીંગની બે બાઉન્ડરી(હદ) વચ્ચેનું અંતર અને ક્ષેત્રફળ શોધો.

આપેલ:

બહારના વર્તુળનો પરિઘ = 134 cm

અંદરના વર્તુળનો પરિઘ = 90 cm

શોધો.

બે વર્તુળ વચ્ચેનું અંતર = ?

વર્તુળાકાર રીગનું ક્ષેત્રફળ = ?

ઉકેલ :

બહારના વર્તુળનો પરિઘ = 134 Cm

$2 \pi R$ = 134 Cm

R $= \frac{134}{2\pi} = 21.32cm$

અંદરના વર્તુળનો પરિઘ = 90 cm

$2 \pi r$ = 90 Cm

r $= \frac{90}{2p} = 14.32$ cm

વર્તુળ વચ્ચેનું અંતર = R–r

= 21.32-14.32cm

= 7cm

વર્તુળાકારરીંગનું ક્ષેત્રફળ $= \pi (R + r) (R - r)unit^2$

$= \pi (21.32 + 14.32) (21.32-14.32) cm^2$

$= \frac{22}{7} \times 35.64 \times 7 cm^2$

$= 784.08 cm^2$

3 જો વર્તુળાકાર રીગનું ક્ષેત્રફળ 176 $cm^2$ અનેવર્તૂળા કાર રીગની જાડાઇ 4 cm છે.તો વર્તૂળાકાર રીગનો બહારનો અને અંદરનોવ્યાસની ગણતરી કરો.

આપેલ:

વર્તૂળાકારરીંગનું ક્ષેત્રફળ = 176 $cm^2$

જાડાઇ = 4 cm

શોધો.

બહારનોવ્યાસ = ?, અંદરનોવ્યાસ = ?

ઉકેલ:

અંદરનીત્રિજયા (r) = $x$ cm

બહારની ત્રિજયા (R) = અંદરનીત્રિજયા + જાડાઇ

= $x$ + 4 cm

$\pi (R + r) (R - r)$ = ક્ષેત્રફળ

$\pi (x + 4 + x) (x + 4 - x)$ = 176 cm

$\frac{22}{7} \times 4 \times (2x + 4) = 176 cm^2$

$\frac{88}{7} \times (2x + 4) = 176 cm^2$

$2x + 4 = \frac{176 \times 7}{88} = 14$

$2x = 14 - 4 = 10$

$x = \frac{10}{2} = 5$ cm

અંદરનીત્રિજયા(r) = $x$ = 5cm

બહારની ત્રિજયા (R) = $x$ + 4 = 5 + 4 = 9 cm

અંદરનોવ્યાસ = 2 x 5 = 10 cm

બહારનો વ્યાસ = 2 × 9 = 18 cm

4 જોએક 12 mm વ્યાસવાળા સળીયાનાં ટુકડાને 150 mm અંદરના વ્યાસવાળા વર્તુળાકારમાં વાળવામાં આવે છે તો જરૂરી મટીરીયલનીલંબાઇની ગણતરીકરો.

આપેલ:

સળીયાનોવ્યાસ = 12 mm

અંદરનોવ્યાસ = 150 mm

શોધો:

સળીયાની લંબાઇ = ?

ઉકેલ:

અંદરનોવ્યાસ = 150 mm

બહારનો વ્યાસ = સળીયાનોવ્યાસ + અંદરનોવ્યાસ + સળીયાનોવ્યાસ

= 12 + 150 + 12 = 174 mm

સરેરાશવ્યાસ $= \frac{\text{અંદરનોવ્યાસ + બહારનો વ્યાસ}}{2}$

$= \frac{150 + 174}{2} = \frac{324}{2} = 162$ mm

સરેરાશત્રિજ્યા $= \frac{162}{2} = 81$mm

જરૂરી મટીરીયલની લંબાઇ = સરેરાશ પરિઘ

$= 2\pi r$ unit

$= 2 \times \pi \times 81$mm

= 509 mm

5 એકવાયરને 56Cm ત્રિજ્યાવાળા વર્તુળાકારમા વાળેલા છે. જો તેને ચોરસ આકારમાં વાળવામા આવે તો તેની બાજુ શોધો.

આપેલ:

વર્તુળનીત્રિજ્યા = 56 cm

શોધો:

ચોરસની બાજુ = ?

ઉકેલ:

વર્તુળનીત્રિજ્યા = 56 cm

વર્તુળનો પરિઘ $= 2\pi r$ unit

$= 2\pi \times 56$ cm

ચોરસની બાજુ = x cm

વાયરને વર્તુળાકારમાંથી ચોરસ આકારમાં વાળેલ છે.

ચોરસની પરિમિતિ = વર્તુળનોપરિઘ

$4 \times a = 352$ cm

$a = \frac{352}{4} = 88$ cm

# વર્તુળનો વૃતાંશ (Sector of circle)

Fig 6




SECTOR OF CIRCLE

θ = વર્તુળનો વૃતાંશનોખૂણો

l = ચાપની લંબાઇ

r = ત્રિજ્યા

ચાપની લંબાઇ $\ell = \frac{\theta}{360^0} \times 2\pi r$ unit

પરિમિતિ P = 2r + $\ell$ unit

ક્ષેત્રફળ = $\frac{\theta}{360^0} \times \pi r^2$ unit$^2$

અથવા

ક્ષેત્રફળ A = $\frac{\ell r}{2}$ unit$^2$

1 એક વર્તુળના વૃતાંશનીત્રિજ્યા 7 c.m અને તેનો ખૂણો 120˚ છે. તો તેની પરિમિતિઅને ક્ષેત્રફળશોધો.

આપેલ:

વર્તુળનો વૃતાંશ નો ખૂણો = 120°

ત્રિજ્યા = 7 cm

શોધો:

પરિમિતિ = ? ક્ષેત્રફળ = ?

ઉકેલ:

ચાપની લંબાઇ $\ell = \frac{\theta}{360^0} \times 2\pi r$ unit

$= \frac{120}{360}\ 2 \times \frac{22}{7} \times 7$cm

= 14.67 cm

પરિમિતિ(P) = 2r+ $\ell$ unit

= 2 × 7+14.67 cm

= 28.67 cm

ક્ષેત્રફળ $= \frac{\theta}{360^0} \times \pi r^2$ unit

$= \frac{120^\circ}{360^\circ} \times \frac{22}{7} \times 7$ cm$^2$

= 51.33 cm$^2$

2 એક વર્તુળના વૃતાંશ નો ખૂણો 60° અને તેનું ક્ષેત્રફળ 144 cm$^2$ હોય તો, વર્તુળની ત્રિજ્યા શોધો.

આપેલ:

વર્તુળના વૃતાંશનું ક્ષેત્રફળ (A) = 144 cm$^2$

વર્તુળના વૃતાંશ ખૂણો θ = 60°

ઉકેલ:

વર્તુળની ત્રિજ્યા =?

ક્ષેત્રફળ (A) $= \frac{\theta}{360^0} \times \pi r^2$ unit$^2$

144 $= \frac{60^0}{360^0} \times \frac{22}{7} \times r^2$ cm$^2$

$r^2$ = 274.91 cm$^2$

r =√274.91=16.58 cm

3 એક વૃતાંશનું(sector) ક્ષેત્રફળ શોધો જેનો ખોણો 105° અને વર્તુળનાં વૃતાંશની પરિમિતિ 18.6 cm છે?

આપેલ:

વર્તુળના વૃતાંશની પરિમિતિ = 18.6 cm.

વર્તુળના વૃતાંશ ખૂણો = 105°

શોધો:

ક્ષેત્રફળ = ?

ઉકેલ:

ચાપની લંબાઇ ($\ell$) $= \frac{\theta}{360^0} \times 2\pi r$ unit

$\ell$ $= \frac{105^0}{360^0} \times 2 \times \frac{22}{7} \times r$

= 1.83r cm2

પરિમિતિ (P) = l + 2r unit

18.6 = 1.83r + 2r

3.83r = 18.6 cm

r $= \frac{18.6}{3.83}$ = 4.86 cm

ક્ષેત્રફળ (A) $= \frac{\theta}{360^0} \times \pi r^2$ unit$^2$

$= \frac{105^0}{360^0} \times \frac{22}{7}$ x (4.86)2 cm2

= 21.65 cm$^2$

4 જો વર્તુળના વૃતાંશ (sector of a circle) નીત્રિજ્યા 12.4 cm અને તેની પરિમિતિ 64.8 cm હોય તો તેનું ક્ષેત્રફળ શોધો.

આપેલ:

પરિમિતિ P = 64.8 cm

ત્રિજ્યા r = 12.4 cm

શોધો:

ક્ષેત્રફળ A = ?

ઉકેલો:

પરિમિતિ P = $\ell$ + 2r unit

$\ell$ = P - 2r unit

= 64.8 – 2 (12.4) cm

= 64.8 – 24.8 = 40 cm

ક્ષેત્રફળ (A) = $\frac{\ell r}{2}$ unit$^2$

= $\frac{40 \times 12.4}{2}$ = 248 cm$^2$

5 નીચે બતાવેલ આકૃતિમાં ગોઠવેલ બેલ્ટની લંબાઇ શોધો.

Fig 7




લંબાઇ $\ell_A$ = $\frac{\theta}{360^0}$ $2\pi r$ unit

= $\frac{210^0}{360^0} \times 2 \times \frac{22}{7} \times 30$ =110 cm

લંબાઇ $\ell_B$ = $\frac{\theta}{360^0}$ $2\pi r$ unit

= $\frac{105^0}{360^0} \times 2 \times \frac{22}{7} \times 5$ = 91.7 cm

= $\ell_A + \ell_B$ + 2 x 214 cm

= 110 + 9.17 + 428 cm

= 547.17 cm

## ષષ્ટકોણ (Haxagon)

Fig 8




બાજુ = a Unit

પરિમિતિ P = 6a unit

ક્ષેત્રફળ A = $6 \times \frac{\sqrt{3}}{4} \times a^2$ unit2 (6 સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ)

DAF (Distance Across Fiats) = $\sqrt{3} \times a$ Unit

DAC(Distance Across Corrners) = 2 x a unit

1 એક નિયમિત ષષ્ટકોણની બાજુનું માપ 2 cmછે.તો તેની પરિમિતિ,ક્ષેત્રફળ DAF અને DAC શોધો.

(DAF- Distance Across Flats)

(DAC-Distance AcrossCorrners)

આપેલષષ્ટકોણનીબાજુ (a) = 2 cm

શોધાé: P = ? A = ? DAF = ? DAC = ?

ઉકેલ:

ષષ્ટકોણની પરિમિતિ (P) = 6a unit

= 6a unit = 6 × 2cm=12 cm

ષષ્ટકોણનું ક્ષેત્રફળ A = $6 \times \frac{\sqrt{3}}{4} \times a^2$ unit$^2$

= $6 \times \frac{1.732}{4} \times 2^2$

=10. 392 cm$^2$

DAF (Distance Across) Flats) = $\sqrt{3} \times a$ unit$^2$

= $\sqrt{3} \times 2$ = 1.732 2

= 3.464 cm

DAC (Distance Across corners) = 2 a Unit

= 2 x 2 x = 4 cm

## લંબવર્તુળ (Ellipse)

Fig 9




મૂખ્ય અક્ષ (Major axis) AB = 2a

અર્ધ મૂખ્ય અક્ષ (Half of major axis OB = a

ગૌણ અક્ષ (c Minor axis ) CD = 2b

અર્ધ ગૌણ અક્ષ (Half of minor axis) = OC = b

લંબ વર્તુળનું ક્ષેત્રફળ A = π x a x b unit$^2$

લંબ વર્તુળની પરિમિતિ P = 2 π $2\pi\sqrt{\frac{(a^2+b^2)}{2}}$ unit

1 જો લંબવર્તુળનો મુખ્ય અક્ષ (Major axis) અને ગૌણ અક્ષ (manor axis) અનુક્રમે 12cm અને 8 cm છે. તો તેનું ક્ષેત્રફળ અને પરિમિતિ શોધો.

મુખ્ય અક્ષ (major axis) 2a = 12 cm

$a = \frac{12}{2} = 6$ cm

ગૌણ અક્ષ (minor axis) 2b = 8cm

$b = \frac{8}{2} = 4$ cm

ક્ષેત્રફળ A $= \pi \times a \times b$ unit$^2$

$= \frac{22}{7} \times 6 \times 4$ cm$^2$

= 75.43 cm2

પરિમિતિ $= 2\pi\sqrt{\frac{(a^2+b^2)}{2}}$ unit

$= 2 \times \frac{22}{7}\sqrt{\frac{(6^2+4^2)}{2}}$ unit

$= 2 \times \frac{22}{7}\sqrt{\frac{36+16}{2}}$ unit

$= 2 \times \frac{22}{7} \times \sqrt{26}$

$= 2 \times \frac{22}{7} \cdot 5.1 = 32.06$ cm

## એસાઈમેન્ટ (Assigment)

વર્તુળ (Circle)

1 એક વર્તુળ ત્રિજ્યા ૧૦.૦૦ મીટર છે. તો તેનો પરિઘ અને ક્ષેત્રફળ શોધો.

2 જો એક વર્તુળનું ક્ષેત્રફળ ૩૩૦ cm૨ હોય તો તેનો વ્યાસ શોધો.

3 જો એક વર્તુળનું ક્ષેત્રફળ ૪૯૮ cm૨ હોય તો તેની ત્રિજ્યા શોધો.

4 જો એક વર્તુળનો પરિઘ ૫૦ cm હોય તો તેનું ક્ષેત્રફળ શોધો.

5 જો એક વર્તુળનો પરિઘ ૪૪ c.m હોય તો તેનું ક્ષેત્રફળ શોધો.

6 જો એક વર્તુળનો વ્યાસ ૫૦ cm હોય તો તેનું ક્ષેત્રફળ અને પરિઘ શોધો.

7 એક વાયર વર્તુળાકાર સ્વરૂપમાં છે. જેની ત્રિજ્યા ૪૨cm છે. તે વાયર ને વાળી ને ચોરસ બનાવવામાં આવે છે. તો તે ચોરસની બાજુનું માપ શોધો.

8 એક વાયરમાંથી ૨૨cm બાજુવાળો ચોરસ બનાવેલ છૅ. તેના જેટ્લા ચોરસની બાજુની લંબાઇવાળા વાયરમાંથી વર્તુળ બનાવવામાં અ ાવે તો તેના વ્યાસની ગણતરી  કરો.

9 જો તેના વર્તુળ નાં પરિધ અને વ્યાસ વચ્ચેનો તફાવત 30 c.m હોય તો તેની ત્રિજ્યા શોધો.

10 150mm વ્યાસવાળા રાઉન્ડ બારમાંથી સૌથી મોટી બાજુવાળો Squair bar (ચોરસ બાર) બનાવવામાં આવે તો તે બાજુનું માપ શોધો.

11 100mm વ્યાસવાળા વર્તુળાકાર શીટમાં મોટામાં મોટો ચોરસ કાપી શકાય.

12 એક 270 cm  100 cm માપનાં બ્રાસ સીટ માંથી 15 cm  10 cm માપનાં કેટલાં ટૂકડાં કાપી શકાય.

13 જો 48 cm x 18 cm લંબચોરસ પ્લેટમા 4cm વ્યાસના 5 હોલ છે, તો બાકી રહેલાં સ્ટીલ પ્લેટનું ક્ષેત્રફળ શોધો.

14 જો 48 cm  18 cm લંબચોરસ સ્ટીલ પ્લેટમાં 4 cm વ્યાસના ૫૪ હોય છે. તો બાકી રહેતા સ્ટીલ પ્લેટનું ક્ષેત્રફળ શોધો.

15 જો વર્તુળનું ક્ષેત્રફળ, 14m લંબાઇ અને 11m પહોળાઇ વાળા લંબચોરસનાં ક્ષેત્રફળ બરાબર છે. તો તે વર્તુળની ત્રિજ્યા શોધો.

અર્ધવર્તુળ (Semi circle)

1 એક અર્ધ વર્તુળની ત્રિજ્યા 14cm છે. તો તેના પરિઘ અને ક્ષેત્રફળ શોધો.

2 નીચે આપેલ આકૃતિનું ક્ષેત્રફળ શોધો.




3 નીચે આપેલ આકૃતિનું ક્ષેત્રફળની ગણતરી કરો.




4 નીચે આપેલ આકૃતિનું ક્ષેત્રફળની ગણતરી કરો.




વર્તુળાકાર રિંગ (Circular ring)

1 એક રિંગ વોશરની અંદરની ત્રિજ્યા અને બહારની ત્રિજ્યા અનુક્રમે 13cm અને 15cm છે તો રિંગ વૉશરનું ક્ષેત્રફળ શોધો.

2 એક રિંગ વૉશરના સામેનો દેખાવ, બહારનો વ્યાસ 30m અને અંદરનો વ્યાસ 20m છે તો તેનું ક્ષેત્રફળ શોધો. તેમજ બે ર્તુળના પરિઘ વચ્ચેનો તફાવત શોધો.

3 એક ક્રોસ સેક્શન સ્ટીલ પાઈપનો બહારનો વ્યાસ અને અંદરનો પરિઘ 70cm અને 45cm છે. તો તે પાઈપની જાડાઇ અને ક્રોસ સેક્શન પાઇપનુ ક્ષેત્રફળ શોધો.

4 જો ક્રોસ સેક્શન વોશરનુ ક્ષેત્રફળ 264cm² છે અને તેની જાડાઇ 2cm છે તો અંદરનો વ્યાસ અને બહારનો વ્યાસની ગણતરી કરો.

5 12 mm વ્યાસવાળા સળીયા (Rod) માંથી 300 cm અંદરના વ્યાસવાળો રીંગ બનાવવા માટે સળિયા (Rod) ની કેટલી લંબાઇ જોઇએ?

વર્તુળનો વૃતાંશ (Sector of circle):

1 જો વર્તુળનો વૃતાંશ (Sector of circle) ની ત્રિજ્યા 5cm અને તેનો ખૂણો 90° છે. તો તેની પરિમિતિ અને ક્ષેત્રફળ શોધો.

2 જો વર્તુળનો વૃતાંશ (Sector or circle) નો ખૂણો 90° અને ક્ષેત્રફળ 196cm² હોયતો તેની વર્તુળની ત્રિજયા શોધો.

3 એક વર્તુળનો વૃતાંશ (Sector or circle) ની પરિમિતિ 82.4mm અને તેની ત્રિજ્યા 16.2 mm છે તો તેનુ ક્ષેત્રફળ શોધો.

4 નીચે આપેલ આકૃતિમાં ગોઠવણ કરેલ કરવતની બ્લેડને વાળેલ છે.તો તે કરવતની બ્લેડની લંબાઇ શોધો.




ષષ્ટકોણ (Hexagon)

1 એક ષષ્ટકોણની બાજુનું માપ૪cm છે.તો તેનું ક્ષેત્રફળ પરિમિતિ, DAF અને DAC શોધો.

2 એક નિયમિત ષષ્ટકોણ આકારનો સળિયો છે. જેની બાજુનું માપ૭.૫cmછે. તેનાં ક્રોસ સેક્શનનું ક્ષેત્રફળ શોધો.

3 જો ષટકોણ આકારનો ફ્લેટ ટુકડો છે. તેની દરેક બાજુઓનુ માપ 15mm છે તો તેની સામ સામેની બાજુઓનું અંતર શોધો.

4 જો ષષ્ટકોણ આકારનો સળિયાની સામ-સામેના ખૂણા ઓનું અંતર 40mm છે. તો સામ-સામેની બાજુનું અંતર શોધો.

5 ૧૦cm ત્રિજ્યાવાળા દર્શાવેલ વર્તુળમાં મોટામાં મોટો ષષ્ટકોણનું ક્ષેત્રફળ કેટલું હ્શે?

લંબ વર્તુળ - (Ellipse)

1 18cm લંબાઇ અને 12cm પહોળાઇ દર્શાવેલ લંબચોરસમાં, મોટામાં મોટા લંબવર્તુનું ક્ષેત્રફળ શોધો.તેમજ તેની પરિમિતિ શોધો.

2 એક લંબગોળ મેદાનનાં અક્ષો અનુક્રમે 200m અને 170m છે. તો લંબગોળ પ્લોટને કેટલી ફેન્ચીંગ ની જરૂર પડશે.

# ક્ષેત્રમાપન (Mensuration):- ઘનાકારો (નક્કર્, ઘન solids)નુ પૃષ્ઠફળ (surface area) અને ઘનફળ (volume-ïõþù)- સમઘન, લબઘન,નળાકાર,ગોળો અને પોલો ગોળો (Mensuration - Surface area and volume of solids - cube, cuboid, cylinder, sphere and hollow cylinder) એક્સરસાઈઝ 1.8.42

**સમઘન (Cube)**

સમઘન (cube) ની બધી બાજુઓસરખીહોય છે.દા.ત લંબાઇ,પહોળાઇ અનેઊંચાઇનુ મુલ્ય સરખુ હોય છે.તે છ એકસરખી સપાટી વડે રચાયેલો હોય છે.

સમઘનનું કદ (ઘનફળ) = બાજુ x બાજુ x બાજુ

= $a^3$unit$^3$

લેટરલ પ્રુષ્ઠફળ (સરફેસ એરિયા) = $4a^2$ unit$^2$

કુલ પ્રુષ્ઠફળ = 6 x બાજુ x બાજુ

= $6a^2$ unit$^2$

**લંબઘન (Rectangular solid (or) cuboid)**

લંબઘન છ લંબચોરસ સપાટીવડે ઘેરાયેલો અને સામેની બાજુઓનીસપાટીઓસરખી અને એક્બીજાને સમાંતરહોય છે.

Fig 1




લંબઘનનુ ઘનફળ = લંબાઇ x પહોળાઇ x ઊચાઇ

= l.b.h unit$^3$

લેટરલ પ્રૃષ્ઠફળ = 2h (l+b) unit$^2$

કુલ પ્રૃષ્ઠફળ = 2lb+2bh+2hl

= 2(lb+bh+hl) unit$^2$

Fig 2




l = લંબાઇ (length)

b = પહોળાઇ (breadth)

h = ઊંચાઇ (height)

**નળાકાર (Cylinder)**

આ એવો પ્રિઝમ છે. જેની ઉપરની અને નીચેની સપાટીઓ એકસરખી ગોળાકાર (વર્તુળાકાર) હોય છે.

નળાકારનું ઘનફળ $= \pi r^2 h \text{ or } \frac{\pi}{4} d^2 h$

Fig 3




નળાકારનીવક્રસપાટી(curved) ની ક્ષેત્રફળ = $2\pi rh$ unit$^2$

નળાકારકુલ પૃષ્ઠફળ = $2\pi r$ (h+r) unit$^2$

r = પાયાની ત્રિજ્યા (Redius at base)

d = પાયાનો વ્યાસ

h = નળાકારની ઊંચાઇ

**પોલો નળાકાર (Hollow cylinder- હોલો સિલિન્ડર)**

Fig 4



પોલુ (હોલો) એટલે ખાલી જગ્યા, પોલા નળાકાર માં અંદર ખાલી જગ્યા હોય છે. પાણીનો પાઈપએ પોલા નળાકાર નું ઉદાહરળ છે.

પોલ નળાકારનુ ધનફળ $= \pi (R^2-r^2) h$ (or)

$= \pi (R+r) (R-r)$ (or)

$= \frac{\pi}{4} (D^2-d^2)h$ unit$^3$

$= \frac{\pi}{4} (D+d) (D-d)h$

પોલા નળાકારનું કુલ પ્રુષ્ઠ્ફળ= અંદરની + બહારની વક્રસપાટી નું ક્ષેત્રફળ + ઉપર અને નીચેના ગોળાકાર ભાગનું ક્ષેત્રફળ

$\therefore$ TSA : $2\pi Rh + 2\pi rh + 2\pi(R^2 - r^2)$

R = બહારની ત્રિજ્યા

r = અંદરની ત્રિજ્યા

D = બહારનો વ્યાસ

d = અંદરનો વ્યાસ

h = નળાકારની ઊંચાઇ

t = જાડાઇ (thickness)

સરેરાશ વ્યાસ (mean dia) = $\frac{D-d}{2}$

જો જાડાઇ (થીક્નેશ) આપેલ હોઇ ત્યારે

પોલા નળાકારનું ઘનફળ = $\pi$ x સરેરાશ વ્યાસ x જાડાઇ x ઊંચાઇ

ઘનાકારનું ઘનફળ (volume - કદ) શોધવું

પદાર્થ વડે રોકાયેલી જગ્યાને તેનું ઘનફળ અથવા કદ કહે છે પદાર્થનુ ઘનફળ પદાર્થમા રહેલા બળની કેપીસીટી (ક્ષમતા) દર્શાવે છે

**Lateral surface Area** = Perimeter of base x height

**Total Surface Area** = LSA + 2 (base area)

**Volume** = Area of base x height

અગત્યની અને સામાન્ય રીતે વારંવાર ઉપયોગમા આવતી ઘન આકુતિઓ (ઘનાકાર) નીચે મુજબ છે

**સમઘન (Cube)**

સમઘન (ક્યુબ) ની બધી બાજુઓ સરખી હોઇ છે. દા.ત લંબાઇ, પહોળાઇ અને ઉચાઇનુ મુલ્ય સરખુ હોઇ છે. તે છ એકસરખી સપાટી વડે રચાયેલો હોઇ છે

સમઘનનું ઘનફળ = બાજુ x બાજુ x બાજુ

$= a^3$ unit$^3$

લેટરલ પ્રુષ્ઠ્ફળ = $4a^2$

કુલ પ્રુષ્ઠ્ફળ = 6 x બાજુ x બાજુ

$= 6 a^2$ Unit$^2$

વિકર્ણ (d) = $\sqrt{3}$ a unit જ્યાં $\sqrt{3}$ = 1.732

Fig 5




1 એક 4.5 cm બાજુવાળા સમઘનનો વિકર્ણ, લેટરલ પ્રુષ્ઠ્ફળ, કુલ પ્રુષ્ઠ્ફળ અને ઘનફળ શોધો.

બાજુ a = 4.5 cm

વિકર્ણ d $= \sqrt{3}$ a unit

= 1.732 x 4.5

= 7.794 cm

L.S.A $= 4a^2$ Unit$^2$

= 4 x 4.5 x 4.5

= 81 cm$^2$

T.S.A $= 6a^2$ unit

= 6 x 4.5 x 4.5

= 121.5 cm$^2$

V $= a^3$ Unit$^3$

= 4.5 x 4.5 x 4.5

**= 91.125 cc**

2 9cm બાજુવાળા સમઘનનું ઘનફળની ગણતરી કરો.

a = 9 cm

V = ?

V $= a^3$

= 9 x 9 x 9

= 729 cm$^3$

3 જો એક સમઘનનું ઘનફળ ૩૩૭૫ cm૩ હોઇ તો સમઘનની બાજુનું માપ શોધો.

V = 3375 cm3

a = ?

$a^3$ = 3375

a $= \sqrt{3375}$

$= \sqrt{3x3x3x5x5x5}$

= 3 x 5

**= 15 cm**

4 જો એક સમઘનનું પ્રુષ્ફ્ફળ 216 $cm^2$ છે. તો તેની બાજુનું માપ શોધો.

$6a^2 = 216$

$a^2 = 216$

$= 36$

$a = \sqrt{36}$

$= 6$ cm

5 જો ચોરસ ટાકી ૨m ઊચી અને ૫૦૦૦૦ litre પાણીની ક્ષમતા ધરાવે છે. તો તેની બાજુનું માપ શોધો.

ચોરસ આકાર ટાકીની ઊંચાઇ (h) = 2m

ક્ષમતા = 50,000 litre

1000 litre = $1m^3$

50,000 litre = 50000/1000

= $50m^3$

ટાંકીની ક્ષમતા = $50m^3$

$a^2 \times h = 50$

$a^2 \times 2 = 50$

$a^2 = \frac{50}{2} = 25m^2$

$a = \sqrt{25} = 5m$

**ચોરસ ટાંકીની બાજુ = 5m**

## લંબઘન (Rectangulor Solid or cuboid (ક્યૂબોઈડ))

લંબઘન છ લંબચોરસ સપાટી વડે ઘેરાયેલો અને સામેની બાજુની સપાટીઓ સરખી અને એકબીજાને સમાંતર હોય છે.

લંબઘનનું ઘનફળ

= લંબાઈ x પહોળાઈ x ઊંચાઈ

= l . b . h $unit^3$

Fig 6




RECTANGULAR SOLID (OR) CUBOID

લેટરલ પૂષ્ટ્ફળ (સરફેસ એરિયા) = 2h (l +b)

કુલ પૂષ્ટ્ફળ (ટોટલ સરફેસ એરિયા) = 2lb + 2bh + 2hl

= 2 (lb + bh + hl) $unit^2$

**ઉદાહરણ (Exampales)**

1 એક ટાંકી ૨૦m લાંબી, ૧૫m પહોળી અને ૧૨m ઊંચી છે. તેનું ઘનફળ અને T.S.A. શોધો.

l = 20 m

b = 15 m

h = 12 m

v = ?

T. S. A. = ?

Volume v = lbh $unit^3$

= 20 × 15 12

= 3600 $m^3$

T . S . A = 2 (lb + bh + hl ) $unit^2$

= 2((20 x 15 ) + (15 x 12) + (20 x 12))

= 2 (300 + 180 + 240 )

**= 1440 $m^3$**

2 એક ફ્યુલ (FULE) ટાંકીનો કોસ સેક્શન 260 mm લંબાઈ અને 180 mm પહોળો લંબચોરસ અને ક્ષમતા 10500 $cm^3$ છે, તો તેની ઊંચાઈ શોધો.

l = 260 m m = 26 cm

b = 180 m m = 18 cm

v = 10500 cm3

h = ?

l. b. h. = Volume

26 x 18 x h = 10500

$h = \frac{10500}{26 \times 18}$

**= 22.44cm**

3 જો એક પાણીની ટાંકીનું માપ આ પ્રમાણે છે. લંબાઈ = 1 meter, પહોળાઈ = 0.8 meter અને ઊંચાઈ = 1.2 meter તો તેમા કેટ્લા લીટર પાણી સ્ટોર (સમાવી) કરી શકાય?

ઘનફળ = l x b x h $unit^3$

= 1 x 0.8 x 1.2

= 0.96 $m^3$ [$1m^3$ = 1000 liters]

= 0.96 x 1000

= 960 liters ટાંકીમાં પાણી સમાવી શકાય.

4 જો એક પ્રિઝમનો પાયો 5m લાંબો ૪m પહોળો લંબચોરસ અને પ્રિઝમની ઊંચાઇ 15m છે. તો તેનું ઘનફળ શોધો. પ્રિઝમનો પાયો લંબચોરસ છે.

પાયાનું ક્ષેત્રફળ = લંબાઈ x પહોળાઈ

= 5 x 4

= 20 Squre m

પ્રિઝમનું ઘનફળ = પાયાનું ક્ષેત્રફળ ઊંચાઈ

= 20 x 5

**= 300 Cubic meters (ઘનમીટર)**

**નળાકાર (cylinder) (સિલિન્ડર)**

આ એવો પ્રિઝમ છે. જેની ઉપરની અને નીચેની સપાટીઓ એક સરખી ગોળાકાર હોય છે.

નળાકનુ ઘનફાળ = $\pi r^2 h$ or $\frac{\pi}{4} d^2 h$

Fig 7




CYLINDER

WSCN184217

નળાકારની વક્રસપાટી નું (curved) ક્ષેત્રફળ = $2\pi rh$

નળાકારનું કુલ પૂષ્ટ્ફળ = $2\pi r(h+r)$

r = પાયાની ત્રિજ્યા

d = પાયાનો વ્યાસ

h = નળાકાનીઊંચાઈ

**ઉદાહરણ (Examples)**

1 એક નળાકાર નો વ્યાસ ૯cm અને ઉંચાઈ 15cm હોય તો ઘનફ્ળ અને કુલ પૂષ્ટ્ફળ (T.S.A.) શોધો.

વ્યાસ = 9cm

ત્રિજ્યા (r) = 4.5cm

ઊંચાઈ (h) = 15cm

ઘનફ્ળ (v) = ?

T.S.A = ?

V $= \pi r2h$ unit$^3$

$= \frac{22}{7} \times 4.5 \times 4.5 \times 15$

= 954.2cm$^3$

T.S.A $= 2\pi r\ (h + r)$ unit$^2$

$= 2\times\frac{22}{7} \times 4.5 \times 9.5$

**= 551.4 cm3**

2 જો એક નળાકાર રોલરની વક્રસપાટીનું ક્ષેત્રફળ (C.S.A) 48π cm$^2$ છે. અને રોલર ૧૦cm લાંબો છે. તો ત્રિજ્યા શોધો.

C.S.A = 48 π cm$^2$

લંબાઇ = 10cm

ત્રિજ્યા = ?

$2\pi rh = 48\pi$

$2 \times \pi \times r \times 10 = 48\pi$

$r = \frac{48 \times \pi}{2 \times \pi \times 10}$

**= 2.4cm**

3 જો નળાકાર ની ઊંચાઇ 16cm અને ઘનફળ 5544 cm$^3$ છે. તો તેની ત્રિજ્યા શોધો.

$\pi r^2 h = v$

$3.14 \times r^2 \times 16 = 5544$

$r^2 = \frac{5544}{3.14 \times 16}$

$r^2 = \frac{5544}{50.24}$

= 110.35

$r = \sqrt{110.35}$

= 10.5 cm

4 જો એક ગોળાકાર ટાંકીની ઊંચાઈ 2m તેનું ઘનફળ 68.46m$^3$ છે, તો ટાંકીનો વ્યાસ શોધો.

$\pi r^2 h = 68.46$

$r^2 = \frac{68.46}{3.14 \times 2}$

$r^2 = 10.9$

$r = \sqrt{10.9}$

= 3.3m

વ્યાસ = 2r

= 2×3.3

**= 6.6 m**

5 એક નળાકાર વેસલ (Vessel) 3 Meter લાંબી અને 1.9994 Meter વ્યાસવાળી બનાવેલી છે. જો તેનો એક છેડો બંધ હોય તો તેની સપાટીનું ક્ષેત્રફળ (T.S.A) ની ગણતરી કરો.

h = 3m

d = 1.9994m

r = 0.9997m

T.S.A. = C.S.A. + પાયાનું ક્ષેત્રફળ

$= 2\pi rh + \pi r2$

$= (2 \times \frac{22}{7} \times 0.9997 \times 3) + (\frac{22}{7} \times 0.99972)$

= 18.85+3.14

**= 21.99m$^2$**

6 75cm ત્રિજ્યા અને ૧૦૦cm ઉંચાઈવાળા નળાકારમાં કેટલા લીટર પાણી ભરી શકાય.

$V = \pi r^2 h$ unit$^3$

$= 3.142 \times 75 \times 75 \times 100$

$= 1767375$ cm$^3$

$= \frac{1767375}{1000}$ [1000cc=1 litre]

**=1767.375 liters.**

7. જો 17.5cm ત્રિજયાવાળા નળાકાર ટીનનું ઘનફળ (એક બંધ લંબઘન બોક્ષ) 40cm લાંબા, 30cm પહોળો અને 25cm ઉંડા એક બંધ લંબઘન બોક્ષનું જેટલું છે. તો નળાકાર ટીનની ઊંચાઈની ગણતરી કરો.

નળાકાર નું ઘનફળ = લંબઘનનું બોક્ષનું ઘનફળ

$\pi r^2 h = l \times b \times h$

$\frac{22}{7} \times 17.5 \times 17.5 \times h = 40 \times 30 \times 25$

$h = \frac{40x30x25x7}{22x17.5x17.5}$

$= \frac{210000}{6737.5}$

**= 31.17cm**

8. એક ઓકિસજન સિલિન્ડરની 15cm વ્યાસ અને 100cm લંબાઇ છે. તે સિલિન્ડર માં દરેક 120cm$^3$ ના દબાણ થી ગેસ ભરેલો છે તો તેમાં કેટલાં cc ઓકિસજન ભરેલો હશે?

નળાકાર નું ઘનફળ = $\pi r^2 h$ unit$^3$

$= \frac{22}{7} \times 7.5 \times 7.5 \times 100$

$= 17678.57$ cm$^2$

1 cm$^3$ ભરેલ ગેસ = 120 cm$^3$ ગેસ

17628.57 cm$^3$ માં ભરેલ ગેસ = 17678.57× 120

ઓકિસજન નું કદ

= 2121428 c.c

**ગોળા (Sphere)**

ગોળા એ ગોળાકાર ઘન પ્રદાર્થ છે

Fig 8



SPHERE

WSCN184218

ગોળાનું કદ $= \frac{4}{3} x \pi r^3$ અથવા

$= \frac{p}{6} d^3$

ગોળાનું કુલ પ્રૃષ્ઠફળ (T.S.A) = $4\pi r^2$ unit$^2$

જ્યાં r = ગોળાની ત્રિજ્યા

d = ગોળાનો વ્યાસ

ત્રિજ્યા = વ્યાસનો $\frac{1}{2}$

ઉદાહરણ (Example)

1 3 cm ત્રિજ્યાવાળા ગોળાનું કદ (Volume) અને પૃષ્ઠફળ શોધો.

$V = \frac{4}{3} \pi r^3$ unit$^3$

$= \frac{4x22x3x3x3}{3x7}$

$= 113.1$ cm$^3$

કુલ પ્રૃષ્ઠફળ $= 4\pi r^2$ unit$^2$

$= 4 \times \frac{22}{7} \times 3 \times 3$

**=113.1 cm$^2$**

2 એક ગોળાનું ઘનફળ 15625 c.c છે. તો તેનો વ્યાસ શોધો.

$\frac{4}{3} \pi r^3$ = ઘનફળ

$\frac{4}{3} \times \frac{22}{7} \times r^3 = 15625$

$r^3 = \frac{15625x3x7}{4x22}$

$= \frac{328125}{88}$

$= 3728.69$

$r = \sqrt[3]{3728.69}$

**= 15.51 cm**

વ્યાસ = 2 × ત્રિજયા

= 2 × 15.51

**= 31.02 cm**

3 એક 32 cm વ્યાસવાળા ગોળામાંથી 1 cm ત્રિજયાવાળા કેટ્લા ગોળાકાર બોલ બનાવી શકાય.

બોલની સંખ્યા x નાના ગોળાકારનું કદ = મોટા ગોળાનું કદ

$N \times \frac{4}{3} x \pi r^3 = \frac{4}{3} \pi r^3$

$N x \frac{4}{3} \times \pi \times 1^3 = \frac{4}{3} \times \pi \times r^3$

N $= 16 \times 16 \times 16$

$= 4096$ balls (બોલ)

4 3cm, 4cm અને 5cm વ્યાસવાળા પિતળનાં (brass) ના ત્રણ બોલને પિગાળીને એક ઘન (નક્કર) બોલ

બનાવવામાં આવે છે. જો અન્ય વેસ્ટેજ (બગાડ) ન થયો હોય તો, ઘન (નક્કર) બોલનો વ્યાસ શોધો.

1st ball $d^1 = 3$ cm

$r^1 = 1.5$ cm

2nd ball $d^2 = 4$ cm

$r^2 = 2$ cm

3rd ball $d^3 = 5$ cm

$r^3 = 2.5$ cm

નવા બોલ (ball) નો વ્યાસ = ?

નવા બોલનું(ball) ઘનફળ = 3 ગોળાકાર બોલનું ઘનફળ

$$\frac{4}{3}\pi r^3 = \frac{4}{3}\pi r1^3 + \frac{4}{3}\pi r2^3 + \frac{4}{3}\pi r_3^{\,3}$$

$$\cancel{\frac{4}{3}}\cancel{\pi}r^3 = \cancel{\frac{4}{3}}\cancel{\pi}(1.5^3+2^3+2.5^3)$$

$$r3 = 3.375 + 8 + 15.625$$

$$r^3 = 27$$

$$r = \sqrt[3]{27}$$

$$r = \sqrt[3]{3 \times 3 \times 3}$$

$$r = 3 \text{ cm}$$

ball નો વ્યાસ $= 2 \times r$

$= 2 \times 3$

**= 6 cm**

5 જો ઘન નળાકાર ધાતુની ત્રિજ્યા ૧૪cm અને ઊંચાઈ 21cm તેને પિગાળીને 3.5cm ત્રિજયાના ગોળાકાર સ્વરૂપમાં

બનાવવામાં આવે છે. તો ગોળાની સખ્યાની ગણતરી કરો

નળાકારની ત્રિજ્યા = 3 cm

ઊચાઇ = 21cm

ગોળાની ત્રિજ્યા = 3.5 cm

ગોળાની સંખ્યા = ?

બોલની સખ્યા x ગોળાનુ ઘનફળ x = નળાકારનુ ઘનફળ

$$N \; \frac{4}{3}\pi r^3 = \pi r^2 h$$

$$N \times \frac{4}{3}\cancel{\pi} \times 3.5^3 = \cancel{\pi} \times 14^2 \times 21$$

$$N = \frac{14x14x21x3}{4x3.5x3.5x3.5}$$

$$= \frac{12348}{171.5}$$

**= 72 ball**

6 3 cm ત્રિજ્યાવાળા બે ગોળાને સાથે પિગાળીને એક ગોળો બનાવામાં આવે છે તો નવા બનેલા ગોળાની ત્રિજ્યા શોધો

એક ગોળાનુ ઘનફળ $= \frac{4}{3}\pi r3 = \frac{4}{3}\pi x(3)3$

બે ગોળાનું ઘનફળ: $= 2x\frac{4}{3}\pi x(3)^3$

$= \frac{4}{3}\pi \times 54$ ઘન સે.મી (cubic c.m)

જેમાં R = નવા બનેલ ગોળાની ત્રિજ્યા

નવા ગોળાનું ઘનફળ $= \frac{4}{3}\pi R^3$ ઘન સેમી (cubic cm)

ધારો કે મટીરીયલનો બગાડ થયેલ નથી તો આપણે કહી શકીએ.

નવા ગોળાનું ઘનફળ = બે ગોળાનુ કુલ ઘનફળ

$$\frac{4}{3}\pi R^3 = \frac{4}{3}\pi x54$$

$\frac{4}{3}$ ને બન્ને બાજુએ કાઢતા (કારણકે સરખા છે) આપણે લખી શકીએ.

$R^3 = 54$

R = 54 –નફળ (cube root)

$= \sqrt[3]{54} = 3.780$cm

**નવા બનેલ ગોળાની ત્રિજ્યા = 3.780cm**

7 એક સીસાના બોલ (spherical lead ball) ને પીગાળીને તેમાંથી આ મુખ્ય બોલની ત્રિજ્યા કરતા (one third) 1/3 ત્રિજ્યાના નાના બોલ બનાવવામાં આવે છે. તો (i) આવા કેટલા બોલ (ball) બનશે.બધા જ નાના બોલની સપાટીનો અને મુખ્ય બોલ (ball) ની સપાટી વચ્ચેનો ગુણોતર (ratio) શોધો.

જેમ કે મુખ્ય બોલની ત્રિજ્યા = R

નાના બોલની ત્રિજ્યા = R/3

